Chapter - 4

# ૪. વાર્તાઓમાં ઘટકતત્ત્વ

જુદા જુદા દેશની વાર્તાઓના તુલનાત્મક અધ્યયનમાંથી આ ઘટકતત્ત્વો (Motifs) તારવવાની પદ્ધતિ ઉત્પન્ન થઈ છે. પ્રો. મોરિસ બ્લૂમફિલ્ડ, પ્રો. સી. એચ. ટૉની, ડૉ. બૅન્ફે, ડૉ. હર્ટલ, પ્રો. પેન્ઝર, પ્રો. નોર્મન બ્રાઉન આદિ વિદ્વાનોએ, કેટલાક સંસ્કૃત કથાગ્રન્થોનો અભ્યાસ કરી, તેમનો પાશ્ચાત્ય ભાષાઓમાં અનુવાદ કર્યો જેના પરિણામે ભારતીય કથાસાહિત્યની પરંપરાની પશ્ચિમના વિદ્વાનોને જાણ થઈ. ઉપર્યુક્ત વિદ્વાનોએ કેટલાંક ઘટકતત્ત્વોની છણાવટ પણ કરી છે. ફ્રાન્ઝ બોઆઝ નામના અમેરિકન નૃતત્ત્વવિદ્યાવિદે (Anthropologist), અમેરિકન ઇન્ડિયનોના સમૂહમાં ફરી, તેઓના અલિખિત લોકસાહિત્યને એકત્ર કરી, તેનો અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો છે. લોકવિદ્યા અને લોકસાહિત્યનું અધ્યયન કરતાં, તેઓએ જુદી જુદી સંસ્કૃતિઓની પરંપરાના તુલનાત્મક અધ્યયનમાં ધ્યાન કેન્દ્રિત કર્યું. તેઓના અભ્યાસમાં અમેરિકન ઇન્ડિયનોના મૌખિક સાહિત્ય સિવાય અન્ય પ્રજાઓના મૌખિક કે ગ્રન્થસ્થ કથાસાહિત્યનો ઉપયોગ થયેલો નથી. પણ પ્રો. સ્ટીથ ટૉમસને દુનિયાના જુદા જુદા દેશોમાંથી પ્રાપ્ત થતું લોકસાહિત્ય એકત્ર કરી, તેનું વર્ગીકરણ કરવા પ્રયત્ન કર્યો છે. એક વાર્તાનાં પ્રતિરૂપ દુનિયાના અન્ય સાહિત્યમાંથી મેળવી, તેઓએ એ વાર્તાનાં ઘટકતત્ત્વોનું પૃથક્કરણ કરી, કથાઘટકોનું મહત્ત્વ દર્શાવ્યું છે.

પ્રો. ટૉમસનના મત પ્રમાણે, વાર્તાઓના તુલનાત્મક અધ્યયનમાં, એક સળંગ વાર્તાને તેના જેવી બીજી સળંગ વાર્તા સાથે તુલના કરવામાં મુશ્કેલી એ પડે છે કે, બન્ને વાર્તાઓના સર્વ અંશ તુલના યોગ્ય હોતા નથી; તેઓમાં જે અંશ તુલના યોગ્ય હોય તેમની તુલના થવી જોઈએ. એ રીતે વિચારતાં, એક વાર્તાનો એક અંશ (ઘટક) દુનિયાની ઘણી વાર્તાઓમાં મળતો જણાયો. તે ઉપરથી, આખી સળંગ વાર્તાઓને બદલે કથાઘટકો-ઘટકતત્ત્વોના તુલનાત્મક અધ્યયનની રીતિ અસ્તિત્વમાં આવી છે.

લોકવાર્તાના વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક અધ્યયન-અધ્યાપનમાં વાર્તાઓના ઘટકતત્ત્વોને વ્યાપક રીતે રજૂ કરનાર અને સૈદ્ધાન્તિક રીતે તેનો પુરસ્કાર કરનાર પ્રો. સ્ટીથ ટૉમસન છે. તેઓએ, લોકસાહિત્ય અને લોકવાર્તાનાં ઘટકતત્ત્વોની એક વર્ગીકૃત સૂચિ 'A Motif-Index of Folk-Literature' છ ભાગમાં તૈયાર કરી છે. આ બૃહત્ સૂચિગ્રન્થનો પહેલો અને છેલ્લો ભાગ ધ્યાનપૂર્વક જોવાથી, ઘટકતત્ત્વો શોધી કાઢવાની ચાવી હાથ લાગે છે. છેલ્લા છઠ્ઠા ભાગમાં, પહેલા પાંચ ભાગમાં આવી ગયેલાં કથાઘટકોના મુખ્ય મુખ્ય વિષયોની અને પેટાવિષયોની સૂચિ આપેલી છે. તે ઉપરથી જે તે ઘટક અને પેટાઘટક શોધી શકાય છે. પહેલા ભાગની પ્રસ્તાવનામાં પૃ. ૧૨-૧૮ અને પૃ. ૩૭-૫૮ પર જે ગ્રન્થ અને ગ્રન્થકારોની સૂચિ તેમ જ સંકેતચિહ્નો આપેલાં છે તે જાણી લેવાં જરૂરી છે; પૃ. ૨૯ થી ૩૫ પર સૂચિના વિષયોની સામાન્ય રૂપરેખા (General Synopsis of The Index) આપેલી છે તે પણ ધ્યાનમાં રાખવી જોઈએ. છ ભાગમાં, આખા જગતના પ્રાપ્ત લોકસાહિત્યની સૂચિ એવા સૂત્રાત્મક સ્વરૂપમાં તૈયાર કરેલી છે કે પૂરેપૂરો સન્દર્ભ જોઈએ નહિ ત્યાં સુધી ઘટકતત્ત્વોનો સંપૂર્ણ ખ્યાલ આવતો નથી. આ સૂચિ પર દૃષ્ટિપાત કરતાં, એક હકીકત સહેજે તરી આવે છે કે, એક દેશની એક વાર્તાનો એક અંશ, દુનિયાના અનેક દેશોના લોકસાહિત્યમાંથી મળે છે. આ આશ્ચર્યકારક ઘટના કહેવાય.

વાર્તાના ઘટકતત્ત્વ માટે અંગ્રેજી શબ્દ 'Motif' છે; 'Motif'નો અર્થ આ સન્દર્ભમાં મૌલિક નહિ, પણ જે વાર્તાના સમગ્ર સંકલનમાં

અંકોડારૂપ રહી વાર્તાના કાર્યને વેગ આપે, વાર્તાનું જે ચાલક-પ્રેરક બળ (Motivating factor) બની રહે તે 'Motif'— ઘટકતત્ત્વ. ડૉ. હરિવલ્લભ ભાયાણીએ 'Motif' માટે 'કથાઘટક' શબ્દ યોજ્યો છે.[૨૬૪] ડૉ. ભોગીલાલ સાંડેસરાએ, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદના નિયામક પ્રો. રસિકલાલ પરીખ સાથેની ચર્ચાનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે,[૨૬૫] આ 'Motif' એટલે વાર્તા જેના વડે હાલે ચાલે અને જેના પર આખી વાર્તાનો દેહ અવલંબન કરે તે ચાલિયાનું. વાર્તાના કથાપ્રવાહમાં કોઈ ગૂંચ કે સમસ્યા આવીને ઊભી રહે ત્યારે કુતૂહલ થાય કે હવે આગળ શું બનશે? તેવા સમયે કોઈ ચમત્કારિક કે અદ્ભુત ઘટના બનવાથી ગૂંચવણ કે સમસ્યા ઉકલી જાય છે, અને કથાપ્રવાહ નવા વેગ સાથે આગળ વધે છે. વાર્તાઓના ઘટકતત્ત્વની, તેના કથાપ્રવાહને નવો વળાંક આપવાની, નવો વેગ આપવાની શક્તિ એ તેનું મહત્ત્વનું કર્તવ્ય છે. કોઈ વાર એક દેશમાંથી ઉત્પન્ન થયેલું ઘટકતત્ત્વ પ્રવાસીઓ, વેપારીઓ અને વ્યવહારનાં અન્ય સાધનો દ્વારા અન્ય દેશોની પ્રજાઓને જાણવા મળે અને તે પ્રજાઓના કથાસાહિત્યમાં ગૂંથાય. પણ કેટલીક વખત, દક્ષિણ અમેરિકાના રેડ ઇન્ડિયન, રુસના એસ્કિમો કે આઇસલેન્ડના વતનીઓની વાર્તાઓમાં ભારતીય કથાસાહિત્યનાં ઘટકતત્ત્વો મળી આવે ત્યારે તેનાં કારણ આપવાં મુશ્કેલ બને છે; કારણ આપવાં હોય તો આપી શકાય કે, કેટલીક વખત, માનવસ્વભાવ અને માનવીની મૂળભૂત વૃત્તિઓ, દુનિયાના કોઈ પણ ભાગમાં એકસાથે એકસરખી રીતે વર્તે છે અને વિચારે છે.

લોકવિદ્યાનાં અંગોનું પૃથક્કરણ કરતાં, એક અંગના જે અંશ પ્રાપ્ત થાય છે તે પ્રત્યેક અંશને પણ 'ઘટકતત્ત્વ' કહેલું છે. લોકકલામાં, આકૃતિ અને સ્વરૂપનાં ઘટક પ્રાપ્ત થાય છે તે જ રીતે લોકસંગીત, લોકગીત અને લોકનૃત્યનાં ઘટકોનું પૃથક્કરણ કરી શકાય; પણ આવી રીતે...

૨૬૪- ભાયાણી, (ડૉ.) હરિવલ્લભ, 'સિંહાસનબત્રીસી', પ્રસ્તાવના, પૃ. ૪૮

૨૬૫- સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ., 'પ્રદક્ષિણા', પૃ. ૨૦

પ્રાપ્ત થયેલી સામગ્રી, લોકવાર્તાનાં ઘટકતત્ત્વોની વિપુલતા, વૈવિધ્ય અને વ્યાપકતાની સરખામણીમાં ઓછી મળે.

દરેક વાર્તાને એકાદ કથાઘટક તો હોય છે. જે વાર્તામાં એક કથાઘટક હોય તેને સાદી વાર્તા કહેવામાં આવે છે. પ્રાણીકથાઓ (Fables) અને ઉપહાસપૂર્ણ ટુચકા (Jests and Anecdotes) આવી સાદી વાર્તાઓ છે. જેમાં એક કરતાં વધુ કથાઘટકો હોય તે સંકુલ વાર્તા (Complex Tale) કહેવાય છે. જે પ્રકારનાં ઘટકતત્ત્વ વાર્તામાંથી મળે છે, તે ઉપરથી વાર્તાનો પ્રકાર (Type) નક્કી થાય છે. આવી રીતે પ્રકાર નક્કી કરીને, એ. ટોમસને (એન્ટી આર્નેના સહકારમાં) 'Types of the Folk-tale' નામનું પુસ્તક રચ્યું છે. વાર્તાનો, પરીકથા, પ્રાણીકથા, વીરકથા, પ્રેમ-શૌર્યકથાઓ, પૌરાણિક કથા આદિ જે સ્વરૂપો (Forms) છે તે સ્વરૂપોની વાર્તાઓનાં ઘટકતત્ત્વ, વાર્તાના પ્રકારનો નિર્ણય કરે છે. દરેક પ્રજા, દેશ, પ્રદેશની વાર્તાઓનાં સ્વરૂપ એક નક્કી કરેલા કોઠકમાં ગોઠવી શકાય, પણ તેમાંની વાર્તાનો પ્રકાર દરેક પ્રજા અને દેશ પ્રમાણે જુદા પડતા હોવાથી, જે તે દેશની વાર્તાઓના પ્રકારની સૂચિ (Index of Tale-Types) જુદી કરવી જોઈએ.

કથાઘટક (Motif) એક સાંસ્કૃતિક પરંપરાના ભાગ તરીકે લાંબા સમય સુધી લોકો ફરી ફરીને યાદ કરે તે માટે તે અસામાન્ય– સાધારણથી કંઈક વિલક્ષણ હોવું જોઈએ. 'માતા'ને સર્વસામાન્ય ગણીએ તો 'અપરમાતા' અસામાન્ય ગણાશે. અપરમાતાઓએ ઓરમાન સંતાન પર જુલમ ગુજાર્યાની અનેક વાર્તાઓ મળે છે. તેવા જ અદ્ભુત, અ-સામાન્ય ઘટનાઓ અનેક સૈકાઓથી જે તે પ્રજાની વાર્તાઓમાં વણાતી આવી છે, દા.ત., અદૃશ્ય દંડ, ઊડતો ઘોડો, અક્ષયપાત્ર, કામધેનુ, પારસમણિ આદિ. દુનિયાની જુદી જુદી સંસ્કૃતિઓના તુલનાત્મક અધ્યયનમાં રસ ધરાવતા અભ્યાસીઓએ, ઘટકતત્ત્વોના આંતરરાષ્ટ્રીય સંબંધ દર્શાવવા જરૂરી છે.

કથાઘટકોના પ્રકારના મુખ્ય ત્રણ ભાગ પાડી શકાય: ૧. વાર્તાના <u>નાયકો: દેવ, દાનવ, અસામાન્ય પ્રાણીઓ</u>, ભૂત, ડાકણ, પરી, [illegible],

યક્ષ, ગાન્ધર્વ વગેરે. ૨. વાર્તાના કાર્ય પશ્ચાદ્‌ભૂ: જાદુઈ વસ્તુઓ—સિંહાસન, સિદ્ધગુટિકા, જાદુઈ દંડ, જાદુઈ વિદ્યાઓ, વિચિત્ર રીતરિવાજો અને માન્યતાઓ. ૩. વાર્તાના પ્રસંગો: દરેક ઘટકતત્ત્વ વાર્તાનો એક સ્વતંત્ર પ્રસંગ છે. આવા પ્રસંગો પોતે સ્વયંપર્યાપ્ત હોય છે, અને તે આખી વાર્તાના સંચલનમાં પણ સહાય કરે છે:

પ્રો. સ્ટીથ ટોમસને ‘Standard Dictionary of Folklore, Mythology and Legend’ માં ઘટકતત્ત્વ (Motif)ની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે:

While the term motif is used very loosely to include any of the elements going into a traditional tale, it must be remembered that in order to become a real part of tradition, an element must have something about it that will make people remember and repeat it. It must be more than commonplace.

પ્રો. ટોમસને, ઉપર્યુક્ત ગ્રન્થમાં, જુદા જુદા સન્દર્ભમાં, ઘટકતત્ત્વની જે સમીક્ષા કરી છે, તે અતિ રસપ્રદ છે.[૨૬૬] તેઓએ, ‘The Folktale’ (પૃ. ૩૯૩) નામના પોતાના ગ્રન્થમાં, ઘટકતત્ત્વનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, માનવ-જીવનમાં વાર્તાકથનની કલા કેવી રીતે વિકસી, તેના સામાન્ય સિદ્ધાન્તો શોધી કાઢવા જે વિદ્વાનો પ્રયત્ન કરે છે, તેઓને, સંપૂર્ણ વાર્તાઓ કરતાં

---

૨૬૬. Motif: In folklore the term used to designate any one of the parts into which an item of folklore can be analysed. In folk-art, there are motifs of design, forms which are repeated or combined with other forms in characteristic fashion. There are similarly recurring patterns which may be identified in folk music and folk song. The area in which motifs have been most studied and most carefully analysed, however, is that of folk narratives such as folktales, legends, ballads and myths.

તેમના ઘટકતત્ત્વોમાં વધારે રસ પડે છે. વાર્તાઓનાં ઘટકતત્ત્વો સાદાં હોય છે, અને તેથી, ઘણાં સંકુલ ઘટકતત્ત્વોની બનેલી એક આખી વાર્તા સમજાવવા તેના કરતાં સાદા ઘટકતત્ત્વને સમજાવવામાં સરળતા પડે છે. એક જ ઘટકતત્ત્વ, જુદાં જુદાં સ્થળોએ સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવતું હોય છે, અથવા તો તે એક સ્થળેથી જુદે જુદે સ્થળે ફેલાય છે. આના કારણે, દુનિયાના જુદા જુદા ભાગોમાંથી એક જ ઘટકતત્ત્વનાં સેંકડો અથવા હજારો ઉદાહરણો એકત્ર કરી શકાય છે. આ હકીકતના આધારે, માનવીની વાર્તાકથનની પ્રવૃત્તિનાં મૂળ વિષે, વિદ્વાનો પોતાના સ્વતંત્ર અભિપ્રાય આપી શક્યા છે.

---

(foot-note continued) Narrative motifs sometimes consist of very simple concepts which continually find their place in traditional tales. These may be unusual creatures like fairies, witches, dragons, ogres, cruel stepmothers, talking animals or the like. They consist of marvelous worlds, or of lands in which magic is always powerful, of all kinds of magic objects and unusual physical phenomena. A motif may also be essentially a short and simple story in itself, an occurrence that is sufficiently striking or amusing to appeal to an audience of listeners.

* * * * *

For the student of ~~folk~~tales whose interest extends to various cultures in all parts of the world, the investigation of motifs is very important in showing international relationships. Sometimes these are merely logical and signify no more than similar thought-processes in different parts of the world.

લોકસાહિત્યની વર્ણનાત્મક કૃતિઓ (Folk-narratives)ના વર્ગીકરણની ચર્ચા કરતાં, લોકવાર્તાના પ્રકાર (tale-types) અને ઘટકતત્ત્વનો સંબંધ દર્શાવતાં, પ્રો. ટોમસને ('The Folktale', પૃ. ૪૧૫-૧૬) કહ્યું છે કે, લોકવાર્તાનો પ્રકાર (tale-type) એ એક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી, પરંપરાગત વાર્તા છે. સંપૂર્ણ વર્ણનાત્મક કૃતિ તરીકે તે રજૂ કરી શકાય છે અને અર્થ માટે તે બીજી કોઈ વાર્તા પર આધાર રાખતી નથી. કહેવી હોય તો તે બીજી વાર્તા સાથે કહી શકાય, પણ તે એકલી સ્વયંસંપૂર્ણ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવી શકે છે. તે, એક અથવા ઘણાં ઘટકતત્ત્વોવાળી હોય છે. પ્રાણીકથાઓ અને ઉપહાસકથાઓ (jokes and anecdotes), એક કથાઘટક (Motif) ધરાવતી વાર્તાઓ છે. સામાન્ય પરીકથાઓ (Cindrella or Snow White જેવી વાર્તાઓ) ઘણાં કથાઘટકો ધરાવતી લોકવાર્તાના પ્રકાર છે.

(foot-note continued) Sometimes they are historical and indicate an actual line of descent from one to the other or from some common source. For this world-wide study, motifs are much more usable than complete tale-types since tale-types are usually confined to a narrower geographic area than the motifs of the tale. In the comparative study of motifs, there is no assumption of historical relationship. Sometimes it exists and sometimes it does not. On the other hand, such a study of a complete tale-type is always concerned positively or negatively with the question of historical relationship between the variants.

× × × × ×

કથાઘટક, એ પરંપરામાં ચિરંજીવ રહેવાની શક્તિ ધરાવતો, વાર્તાનો નાનામાં નાનો અંશ છે. આવી શક્તિ ધરાવવા માટે તેનામાં કંઈક અસામાન્ય અને ચમત્કારપૂર્ણ તત્ત્વ હોવું જોઈએ. મોટા ભાગનાં ઘટક-તત્ત્વોના ત્રણ ભાગ પડે છે: ૧. વાર્તાના નાયકો; ૨. વાર્તાની પશ્ચાદ્-ભૂમાં આવતી કેટલીક અદ્ભુત વસ્તુઓ; (અસામાન્ય રીતરિવાજો, વિચિત્ર માન્યતાઓ); ૩. એક જ વાર્તાપ્રસંગ ધરાવતા ટુચકા- છેલ્લા વર્ગના એક જ પ્રસંગવાળા ટુચકા (પ્રાણીકથાઓ, ઉપહાસકથાઓ આદિ) સ્વતંત્ર અસ્તિત્વ ધરાવી શકે છે, અને તેથી તેઓ લોકવાર્તાના સાચા

(foot-note continued) It is one of the dogmas of those who founded the historic-geographic method of folktale-study that every motif belonged in a particular tale-type, and that the search into the history of motifs anterior to their appearance in particular folktales was futile. There is little doubt that this is an overstatement of the actual situation. A thorough study of motifs would undoubtedly throw some light on what we may call the pre-history of tale-types, but the argument is not one that is likely to be resolved into an easy formulation. Rather, it is clear that some motifs are practically universal, and form the material out of which tale-types are constructed, and some motifs are so specialized that they owe their very existence to the tale-types of which they are a part.

— From, 'Standard Dictionary of Folklore, Mythology and Legend', Vol. II, edited by Leach, Maria and Fried, Jerome; published by Funk Wagnalls Company, New York, 1950

પ્રકાર (tale-types) ગણાવી શકાય. પરંપરાગત લોકવાર્તાના પ્રકારોની સૌથી મોટી સંખ્યા, એક જ કથાઘટક ધરાવે છે.

પ્રો. સ્ટીથ થોમ્સનની ઘટકતત્વ-વિષયક સમીક્ષાની દૃષ્ટિએ ગુજરાતી લોકસાહિત્ય અને લોકવાર્તાસાહિત્યમાંથી સંખ્યાબંધ ઘટકતત્વો મળી રહે છે. 'બોલતી પૂતળી', 'જાદુઈ દંડ', 'સિદ્ધગુટિકા', (જાદુઈ અંજન, તલવાર, ચાવડી, દોરો, ટોપી આદિ જાદુઈ વસ્તુઓ) 'પરમાત્માનું પ્રગટ થવું', 'પરમાત્માનું અદૃશ્ય થવું', 'પ્રભુનો ભક્તોને સહાય', 'અદેખી નણંદ', 'અપરમાતા', 'અવકાશમાં ઉડવાનું', 'લિંગ-પરિવર્તન' આદિ ઘટકતત્વો અને બીજાં ઘણાં ગણાવી શકાય. ઘટકતત્વો પરથી વાર્તાના પ્રકાર અંગે ખ્યાલ મળી શકે છે. પ્રો. થોમ્સને 'The Folktale'માં નીચે દર્શાવ્યા પ્રમાણે વાર્તાઓના પ્રકાર (types)-ની રૂપરેખા આપી છે;

(I) Tales of Animal-(II) Ordinary folktales:

A — Tales of magic – Supernatural adversaries; supernatural or enchanted husband (wife) or other relatives; Super-human tasks; Supernatural helpers; Magic Objects; Supernatural power or Knowledge; Other tales of the supernatural.

B – Religious Stories

C – Novella (Romantic Tales)

D – Tales of the Stupid Ogre.

(III) Jokes and Anecdotes.

પ્રો. થોમ્સને, ઉપર્યુક્ત આપેલ, લોકવાર્તાઓના વર્ગીકરણની ~~રૂપરેખા (Classification of tale-types) જોતાં, ચર્ચાકને~~

સામાન્ય લોકવાર્તાઓ (Ordinary Folktales)ના વિભાગમાં, જાદુઈ વાર્તાઓ (Tales of Magic)ના પેટાવિભાગમાં મૂકી શકાશે; એકે જાદુઈ વાર્તા કરતાં 'પંચદંડ' કંઈક વધુ વ્યાપક સાંસ્કૃતિક મહત્વ ધરાવતી વાર્તા છે. 'પંચદંડ'ની વાર્તાઓનાં મુખ્ય ઘટકતત્ત્વો આ પ્રમાણે છે:

1. જાદુઈ દંડ
2. જાદુઈ અંતરાયો (Magical Obstacles)
3. લિંગપરિવર્તન — જાતિપરિવર્તન (Change of Sex)
4. પરકાયાપ્રવેશ
5. પ્રચ્છન્ન શ્રવણ (Overhearing)
6. બોલતાં પક્ષીઓ (Talking Birds)
7. આકાશમાં ઉડ્ડયન

આ કથાઘટકોની અનુક્રમે સમીક્ષા કરીએ:

## ૧. જાદુઈ દંડ

'દંડ' શબ્દ શક્તિના પ્રતીક તરીકે પ્રાચીન કાળથી જાણીતો છે. M. Monier Williams 'દણ્ડ' સાથે સંબંધ ધરાવતા નીચેના શબ્દ આપે છે:[૧૬૭]

દણ્ડ (ઉપનયનસંસ્કાર વખતે બ્રહ્મચારીને અપાતો દણ્ડ; રાજદણ્ડ; દેવદણ્ડ; દણ્ડનાયક; જાદુઈ દણ્ડ; દણ્ડ (સૈન્યવ્યૂહ — a form of military array); ન્યાયદણ્ડ; દણ્ડનીતિ; દણ્ડાશ્રમ; દણ્ડાસન; દણ્ડપ્રણામ; દણ્ડાસ્ત્ર; દણ્ડી; ચમદણ્ડ; દણ્ડકલા (a name of a metre); દણ્ડચક્ર (a mythical weapon); દણ્ડઢક્કા (name of a drum

૧૬૭. Williams, Monier Monier, 'A Sanskrit-English Dictionary', p. 466

on which the hours are struck); દંડો.

'દંડ' શબ્દ જે અર્થમાં 'પંચદંડ'ના વાર્તિકમાં યોજાયો છે તેનું મૂળ વેદકાળ જેટલું પ્રાચીન છે. પ્રો. કે.પી. જયસ્વાલે જણાવ્યું છે કે,[૧૯૮] પ્રાચીન કાળમાં રાજાના અભિષેક માટે રાજસૂયયજ્ઞ કરવામાં આવતો હતો. મહાભારતમાં, યુધિષ્ઠિરે કરેલો રાજસૂયયજ્ઞ પ્રસિદ્ધ છે. આ યજ્ઞમાં, રાજાએ રાજ્યના અંગ સમા અગિયાર રત્નિન્ ને હવિ આપવા પડતા; આ હવિ તે 'રત્ન-હવિ' કહેવાતા. આ અગિયાર રત્નિન્ નીચે પ્રમાણે છે:

૧. સેનાની; ૨. પુરોહિત; ૩. રાજા; (આની સાથે બાર રત્નિન્ થાય છે.); ૪. મહિષી; ૫. સૂત (the court-minstrel and chronicler); ૬. ગ્રામણી (the head of the Township); ૭. ક્ષત્તૃ (the Chamberlain); ૮. સંગ્રહીતૃ (the master of the treasury); ૯. ભાગદુઘ (the Collector of Revenue); ૧૦. અક્ષાવાપ (The Accountant General); ૧૧. ગોવિકર્તૃ (Master of Forests); ૧૨. પાલાગલ — ઇજનેર (Courier).

જૈન પૌરાણિક સાહિત્યમાં, આ રત્નિન્ને ચૌદ રત્ન કહેવામાં આવ્યાં છે. ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહે, તેઓના 'The Elements of Jain Iconography' એ મહાનિબંધમાં, આ ચૌદ રત્નોની યાદી આ પ્રમાણે આપી છે:

૧. ચક્ર; ૨. દંડ; ૩. અસિ; ૪. છત્ર; ૫. ચર્મ; ૬. મણિ; ૭. કાકિણી; ૮. અશ્વ; ૯. ગજ; ૧૦. સેનાની; ૧૧. ગૃહી " ; ૧૨. વર્ધકિ — ઇજનેર; ૧૩. પુરોહિત; ૧૪. મહિષી.

આમ, આ રત્નિન્ — રત્ન ચક્રવર્તીપદનાં વિશિષ્ટ લક્ષણો તથા

૧૯૮. Jayaswal, K.P., 'Hindu Polity', Part-II, pp. 15-20

ચક્રવર્તીનાં અંગ અને સહાયક એવા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ છે. આ રત્ન શબ્દને સૌથી પ્રથમ 'પંચદંડ'ના વાર્તિકને અનુરૂપ અર્થમાં પ્રયોજાયાનો ઉલ્લેખ 'દંડરત્ન'નામથી 'વસુદેવ-હિંડી'માં મળે છે.[૧૫૯] દંડ એ પરંપરાથી રાજસત્તાનું પ્રતીક છે. 'દંડરત્ન'નો ઉલ્લેખ પૂર્ણચન્દ્રસૂરિએ, તેઓની સંસ્કૃત ગદ્યકૃતિ 'विक्रमादित्यस्य पञ्चदण्डप्रबन्ध'માં કર્યો છે; વળી, વિક્રમે પ્રાપ્ત કરેલા દંડો વડે તેણે ચક્રવર્તીપદ પ્રાપ્ત કર્યું, એ પ્રમાણેનો ઉલ્લેખ પૂર્ણચન્દ્રસૂરિ અને અન્ય 'પંચદંડ'કારોએ કર્યો છે. 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત કૃતિઓમાં, ઉપર્યુક્ત 'દંડરત્ન' શબ્દ 'રત્નદંડ'ના નામથી પ્રયોજાયેલો મળે છે. 'દંડરત્ન' અને 'રત્નદંડ' બન્ને, પર્વતો તોડવા, ખાઈ ખોદવી; જમીનમાં ખાડા ખોદવા આદિ કાર્યો માટે સમાન અર્થમાં વપરાયેલા છે. 'દંડરત્ન' ~~શબ્દ~~ 'રત્નદંડ'ના નામથી 'પંચદંડ'ના વાર્તિકમાં ચાલતી છે.

ચક્રવર્તી પાસેની તમામ વસ્તુ કે વ્યક્તિવિશેષ શ્રેષ્ઠ જ હોય માટે તે સર્વની સાથે, જૈન કથાસાહિત્યમાં 'રત્ન' શબ્દ લગાડવામાં આવ્યો હોય એ શક્ય છે; દા.ત., અશ્વરત્ન, ગજરત્ન, ગૃહીરત્ન, વર્ધકિરત્ન, તેમ દંડરત્ન. પ્રાકૃતમાં સમાસનાં પદ ઊલટપાલટ થાય, તેની અસરથી 'દંડરત્ન'નું 'રત્નદંડ' થયું હોય.

'પંચદંડ'માંનો 'દંડ' શબ્દ મંત્રના પ્રતીક તરીકે વેદકાળ જેટલો જૂનો છે. 'દંડ'નો જાદુઈ દંડ તરીકેનો સ્પષ્ટ ઉલ્લેખ આપણને અથર્વવેદમાં મળે છે. અથર્વવેદ મોટે ભાગે જાદુ, જાદુઈ મંત્ર, ઔષધિઓ આદિ વિષયોનું નિરૂપણ કરે છે, પણ તેનો આઙ્ગિરસ ભાગ તો ફક્ત જાદુ અને તે સાથે સંબંધ ધરાવતા વિષયોનું વિવરણ કરે છે. જો જાદુ-વિષયક સાહિત્ય આટલું પ્રાચીન હોય તો તેના મંત્ર (અભિચાર) અને અન્ય જાદુઈ વિધિઓ તેના પહેલાં પણ લોકોમાં પ્રચલિત હશે

૧૫૯. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'વસુદેવ-હિંડી' (ગુજરાતી અનુવાદ), પૃ. ૩૯૫, પૃ. ૪૦૦

એમ કહી શકાય. ડૉ. કરામબેલકરે અથર્વવેદના અધ્યયનમાં જણાવ્યું છે કે, દંડ, પાત્રો, અગ્નિ આદિનો જાદુઈ ચમત્કાર માટે ઉપયોગ કરવામાં આવતો હતો. દંડ મોટે ભાગે વાંસનો બનાવવામાં આવતો. યજ્ઞોપવીત ધારણ કરનાર બટુકના હાથમાં, દુષ્ટ તત્ત્વોનો સામનો કરવા મંત્રપૂત દંડ આપવામાં આવતો હતો.[૧૧૦]

---

૧૧૦ આ કથનના સમર્થનમાં, 'The Atharvavedic Civilization: Its place in the Indo-Aryan Culture' by Dr. V. W. Karambelkar, — તેમાંથી નીચે દર્શાવેલાં અવતરણ જુઓ:

'The Kauśika Sūtra mentions utensils for sorcery (Sambhar, Āṅgirasaḥ 42-7), the staff for sorcery (Daṇḍa, Āṅgirasaḥ 42-12), the fire for witchcraft (Agni, Āṅgirasaḥ 14-30)' — page 92.

x x x

'The Kauśika mentions the staff to be used in Abhicār practices. It is made of decayed bamboo reed as long as an arm and ornamented. The Bhāradvāja-pravraska 'the cleaver of Bhāradvāja' (the reputed author of II 12.2) one cuts a staff for the practices pertaining to witchcraft.' — pages 102-103

x x x

'A student is also given a staff and it is expressly stated that he was to use it not only against human foes but also against राक्षसs and पिशाचs.'

— page 103

બ્રાહ્મણોમાં યજ્ઞોપવીત સંસ્કાર સમયે બ્રહ્મચારી – બટુકના હાથમાં જે દંડ આપવામાં આવે છે (જે વિધિ આજે પણ પ્રચલિત છે.) તે મંત્રપૂત હોય છે અને તેનો ઉલ્લેખ અથર્વવેદમાં 'કૌશિકસૂત્ર'માં આ પ્રમાણે મળે છે:[૧૭૧]

भरद्वाजप्रव्रस्केनाङ्गिरसं दण्डं गृह्णाति ।१२।
मृत्योरहमिति बाधकीमादधाति ।१३।
य इमामयं वज्र इति त्रिगुणामेकवीरान्संनह्य
पाशान्त्रिमुष्टितृतीयं दण्डं संपातवत् ।१४।
पूर्वाभिर्बध्नीते ।१५।
वज्रो ऽसि सपत्नहा त्वयाद्य वृत्रं साक्षीय ।
त्वामद्य वनस्पते वृक्षाणामुदयुष्महि ॥
स न इन्द्र पुरोहितो विश्वतः पाहि रक्षसः ।
आभि गावो अनूषताभि द्युम्नं बृहस्पते ॥
प्राणं प्राणं त्रायस्वासो असवे मृड ।
निर्ऋते निर्ऋत्या नः पाशेभ्यो मुञ्च ॥
इति दण्डमादत्ते ।१६।

'આશ્વલાયન ગૃહ્યસૂત્ર'માં બ્રહ્મચારીને દંડ આપવામાં આવે છે, એમ જણાવ્યું છે. તેમાં કહ્યું છે કે,[૧૭૨]

तेषां दण्डाः पालाशो ब्राह्मणस्य, औदुम्बरः क्षत्रियस्य, बैल्वो वैश्यस्य, केशसंमितो ब्राह्मणस्य, ललाटसंमितो क्षत्रियस्य, घ्राणसंमितो वैश्यस्य ।।११।।

૧૭૧. Bloomfield, Maurice, (edited by), 'The Kauśika-Sūtra of The Atharva-Veda', Baltimore (U.S.A.), Adhyaya VI, Sūtra 47, pp-133-134, 1920

૧૭૨. Śāstri, T. Ganapati (edited by), 'Āśvalāyan-gṛihya-Sūtra, Adhyaya 1, p-76; Trivandrum, 1923

યજ્ઞોપવીત-સંસ્કાર સમયે, બ્રાહ્મણપુત્રને પલાશદંડ, ક્ષત્રિયપુત્રને ઉદુમ્બરદંડ અને વૈશ્યપુત્રને બિલ્વવૃક્ષનો દંડ આપવામાં આવતો, એમ ઉપર્યુક્ત સૂત્રમાંથી ફલિત થાય છે.

'ગોભિલગૃહ્યસૂત્ર'માં બ્રહ્મચારીને વાંસનો દંડ આપવામાં આવે છે, એમ જણાવ્યું છે. તેમાં કહ્યું છે કે,[133]

' 'गन्धर्वोऽसी'ति वैणवदण्डं गृह्णाति ॥२७॥ '

'સાંખ્યાયનગૃહ્યસંગ્રહ'માં દર્શાવ્યું છે કે યજ્ઞોપવીતસંસ્કાર માટે વિદ્યાર્થીને પલાશ અથવા બિલ્વનો દંડ આપવામાં આવે છે. તેનો વિધિ આ પ્રમાણે છે:[134]

'----ततोऽग्नेः पश्चात्प्रत्यङ्मुखस्थितस्य माणवकस्य प्राङ्मुख आचार्यः स्थित एव 'स्वस्तिनो मिमीतामश्विना भग' इति पञ्चर्चेन पालाशं बैल्वं वा दण्डं नासाग्रसंमितमर्पयति।-----'

'શતપથબ્રાહ્મણ'માં, યજ્ઞોપવીતવિધિ સમયે બટુકને દંડ આપવાનો ઉલ્લેખ નીચે પ્રમાણે મળે છે:[135]

अथास्मै दण्डं प्रयच्छति वज्रो वै दण्डो विरक्षस्तायै॥३२॥

આમ, વિદ્યાર્થીને ઉપનયન સંસ્કાર સમયે આપવામાં આવતો દંડ મંત્રપૂત હોવા વિશેનાં ઉપર્યુક્ત અવતરણોથી એમ ફલિત થાય છે કે, ઉપનયન વિધિની શરૂઆત જ્યારે થઈ હશે તે પહેલાં પણ

---

133. मुकुन्दशर्मा, म. म., (संपादित), 'गोभिलगृह्यसूत्रम्', प्रपाठक ३, कण्डिका ४, पृ-२५८; प्रकाशक: जयकृष्णदास हरिदास गुप्ता, बनारस, १९३६.

134. પંડિત વાસુદેવ અને ભટ્ટ રત્નગોપાલ (સંપાદિત), 'साङ्ख्यायनगृह्यसङ्ग्रह', पृ-31

135. Weber, (Dr.) Albrecht, 'The Çatapatha-Brahmaṇa, III, 2-1-32, p.236; Leipzig, 1924

મંત્રયુક્ત દંડનો પ્રચાર અસ્તિત્વમાં હશે; કારણ કે, ડૉ. કરામબેલકરે જણાવ્યું છે કે, અથર્વવેદમાં પ્રયોજાતો દંડ અભિચાર મંત્રોથી મંત્ર-યુક્ત કરવામાં આવતો; અને અભિચાર મંત્રો મોટે ભાગે ભારતની પ્રાચીન આર્યેતર પ્રજાની સંસ્કૃતિનો વારસો મનાય છે; તે રીતે જોતાં, ઉપનયનસંસ્કાર કે જે આર્યોના આગમન સાથે ભારતમાં પ્રચલિત થયો હોય, તેના વિધિમાં આર્યેતર પ્રજાનો અભિચાર મંત્રયુક્ત દંડ ઉપયોગમાં લેવાયો હોય.

વાલ્મીકિ રામાયણના બાલકાણ્ડમાં, ગાધિપુત્ર વિશ્વામિત્ર, વસિષ્ઠ ઋષિના આશ્રમમાં ગયા ત્યારે વસિષ્ઠ ઋષિએ 'બ્રહ્મદંડ' વડે વિશ્વામિત્રના સૈન્યને કેવી રીતે મહાત કર્યું તે જોઈએ.

વસિષ્ઠ ઋષિએ આશ્રમમાં પધારેલા વિશ્વામિત્રનું સ્વાગત કર્યું અને વિવિધ પ્રકારની વાનગીઓથી તેમને તૃપ્ત કર્યા. આ વાનગીઓની ઉત્પાદક શબલા કામધેનુ હતી, અનેક સમૃદ્ધિના બદલામાં રાજા વિશ્વામિત્રે વસિષ્ઠ પાસે શબલાની માગણી કરી. વસિષ્ઠે કહ્યું કે, શબલા મારું સર્વસ્વ છે, હું તેને આપી શકું નહિ. વિશ્વામિત્ર તેને બળજબરીથી લઈ જવા ખેંચવા લાગ્યા. શબલા બરાડવા લાગી, રુદન કરવા લાગી. આથી ગુસ્સે થઈ, વસિષ્ઠે બ્રહ્મદંડ વડે વિશ્વામિત્ર અને તેઓના સૈન્યનો પરાજય કર્યો, તે આખો પ્રસંગ રામાયણમાં આ પ્રમાણે મળે છે;[૧૭૬]

एवमुक्तो वसिष्ठेन विश्वामित्रो महाबलः ।
आग्नेयमस्त्रमुद्दिश्य तिष्ठ तिष्ठेति चाब्रवीत् ॥१॥
ब्रह्मदण्डं समुद्यम्य कालदण्डमिवापरम् ।
वसिष्ठो भगवान्क्रोधादिदं वचनमब्रवीत् ॥२॥
क्षत्रबन्धो स्थितोऽस्म्येष यद्बलं तद्विदर्शय ।

૧૭૬. श्रीवाल्मीकिरामायण, बालकाण्ड, सर्ग ५६, श्लोक १-१३; ગુજરાતી પ્રેસની આવૃત્તિ.

नाशयाम्यद्य ते दर्पं शस्त्रस्य तव गाधिज ॥३॥
क्व च ते क्षत्रियबलं क्व च ब्रह्मबलं महत्।
पश्य ब्रह्मबलं दिव्यं मम क्षत्रियपांसन ॥४॥
तस्यास्त्रं गाधिपुत्रस्य घोरमाग्नेयमुत्तमम्।
ब्रह्मदण्डेन तच्छान्तमग्नेर्वेग इवाम्भसा ॥५॥
वारुणं चैव रौद्रं च ऐन्द्रं पाशुपतं तथा।
ऐषीकं चापि चिक्षेप कुपितो गाधिनन्दनः ॥६॥
मानवं मोहनं चैव गान्धर्वं स्वापनं तथा।
जृम्भणं मोहनं चैव संतापनविलापने ॥७॥
शोषणं दारणं चैव वज्रमस्त्रं सुदुर्जयम्।
ब्रह्मपाशं कालपाशं वारुणं पाशमेव च ॥८॥
पिनाकमस्त्रं दयितं शुष्कार्द्रे अशनी तथा।
दण्डास्त्रमथ पैशाचं क्रौञ्चमस्त्रं तथैव च ॥९॥
~~वायव्यं मथनं चैव अस्त्रं हयशिरस्तथा।~~
धर्मचक्रं कालचक्रं विष्णुचक्रं तथैव च।
वायव्यं मथनं चैव अस्त्रं हयशिरस्तथा ॥१०॥
शक्तिद्वयं च चिक्षेप कङ्कालं मुसलं तथा।
वैद्याधरं महास्त्रं च कालास्त्रमथ दारुणम् ॥११॥
त्रिशूलमस्त्रं घोरं च कापालमथ कङ्कणम्।
एतान्यस्त्राणि चिक्षेप सर्वाणि रघुनन्दनः ॥१२॥
वसिष्ठे जपतां श्रेष्ठे तदद्भुतमिवाभवत्।
तानि सर्वाणि दण्डेन ग्रसते ब्रह्मणः सुतः ॥१३॥

વસિષ્ઠ ઋષિએ બ્રહ્મદંડની મદદથી વિશ્વામિત્રના સૈન્યનો પરાભવ કર્યો. ઉપર્યુક્ત શ્લોકોમાં જે 'કાલદંડ'નો ઉલ્લેખ આવે છે તેને 'યમદંડ' પણ કહેવામાં આવે છે. રામાયણમાં રાવણ અને

મેઘનાદ (ઇન્દ્રજિત) વિદ્યાધર હતા એવાં કથન મળે છે; 'યુદ્ધકાણ્ડ'માં એક પ્રસંગ મળે છે કે યુદ્ધમાં ઊતરતાં પહેલાં મેઘનાદે એક પ્રકારની અમોઘ સિદ્ધિ પ્રાપ્ત કરવા વિધિ આદર્યો હતો. જો એ વિધિ પૂરો થયો હોત અને મેઘનાદે અમોઘ સિદ્ધવિદ્યા પ્રાપ્ત કરી હોત તો મેઘનાદ કોઈથી જીતી શકાત નહિ. પણ રામચન્દ્રજીના પક્ષ તરફથી અનેક અડચણો ઊભી કરવામાં આવી અને મેઘનાદની સાધના અધૂરી રહી. આ પ્રસંગ દર્શાવે છે કે, રામાયણ-કાળમાં પણ સિદ્ધવિદ્યાઓ પ્રાપ્ત કરવાની વિધિઓ અને સાધનાઓ પ્રચલિત હતી.

ભગવાન લકુલીશના લકુટ-દંડનો ઉલ્લેખ પણ નોંધપાત્ર છે. લકુલીશના ચાર શિષ્યો — કુશિક, ગાર્ગ્ય, મિત્ર અને કૌરુષ્ય — પૈકી કુશિકનો ઉલ્લેખ, ચન્દ્રગુપ્ત બીજાના સ્તંભલેખ (ઇ.સ. ૩૮૦)માં મળે છે.[૧૭૭] આ સ્તંભ-લેખ-વિષયક વિવરણ, ડૉ. બી. આર. ભાંડારકરે 'Epigraphia Indica'-માં આપ્યું છે. તેઓ જણાવે છે:[૧૭૮]

'------ Lakulī was a great puzzle to scholars and archaeologists. I first drew their attention to a passage which is common to both the Vāyu and Linga-Purāṇa. On the strength of this passage I showed (1) that Lakulī was the last incarnation of Maheśvara, (2) that this incarnation took place at Kāyārohaṇa or Kāyāvatār which was identical with Kārvāṇ, in the Dabhoi Tāluka, Baroda Prant, Baroda State, and (3) that he had four ascetic pupils, namely Kuśika, Garga, Mitra and Kaurushya.'

૧૭૭. Sircar, D. C., 'Select Inscriptions', Vol. 1, pp. 269-70

૧૭૮. 'Epigraphia Indica', Vol. XXI, pp. 1-8

કારવણમાં થઈ ગયેલા આ લકુલીશનો સમય, ડો. ડી-આર. ભાણ્ડારકરે, ઉપર્યુક્ત શિલાલેખમાં ઉલ્લેખાયેલા તેઓના શિષ્યોના વંશને અનુલક્ષી ઈ.સ. ૧૦૫-૧૩૦ ઠરાવ્યો છે. ડૉ. ભાણ્ડારકરે લકુલીશનું વર્ણન કરતાં કહ્યું છે કે, કારવણ અને તેની આજુબાજુના પ્રદેશમાંથી મળેલી લિંગ-મૂર્તિઓ પરથી જણાય છે કે, લકુલીશને બે હાથ છે, એક હાથમાં લકુટ-દંડ અને બીજા હાથમાં માતુલુંગ ફળ. કેટલીક મૂર્તિઓના માથે જટા અને કપાળમાં મહાદેવની માફક ત્રીજું નેત્ર જોવામાં આવે છે. તે હંમેશાં ઉર્ધ્વમેઢ્ર છે.

દશમા સૈકામાં થઈ ગયેલા ભાસર્વજ્ઞ-વિરચિત પાશુપત સંપ્રદાયની ફિલસૂફી રજૂ કરતા ગ્રન્થ 'गणकारिका' ('रत्नटीका' સહિત)માં, પાશુપત સંપ્રદાયને યોગની શાખા કહી છે. તેમાં, સાતમી કારિકા પરની ટીકામાં જે વિધિની ચર્ચા કરવામાં આવી છે તેમાં 'દંડ'નો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે:[૧૭૯]

'------ तत्र दीर्घोच्छ्वासत्रयं यावद्धसितं, दण्डकत्रिरावर्तनं यावद्गीतनृत्ये, गम्भीरहुडुक्कारत्रयं, षष्टि नमस्कारान्, पञ्चपवित्राणां त्रिरावर्तनं कुर्यादित्याह भगवानाचार्यः स्वामी मम येनाहमज्ञानार्णवादुत्तारितः। ------'

'ગણકારિકા'ના વિદ્વાન સંપાદક સ્વ. શ્રી. ચિમનલાલ દલાલે, લકુલીશ સંપ્રદાયના આચાર્યોને દંડ ધારણ કરનાર તરીકે વર્ણવ્યા છે:[૧૮૦]

'----The system which the present work deals of is called 'Lakulīśa ~~Pāś~~ Pāśupata Darśana. It is so called from Lakulīśa, who originated the system. The word 'Lakulīśa' means the Lord of

૧૭૯. Dalal, C. D. (edited by), 'Gaṇakārikā', p. 19

૧૮૦. એ જ, પ્રસ્તાવના, પૃ. ૪.

Those bearing a staff (in their hands). Lakulīśa is represented as an incarnation of God Śiva with a citron in the right hand and a staff in the left. -------"

લકુલીશના હાથમાં જોવામાં આવતો દંડ એ સિદ્ધદંડનું પ્રતીક હોય એવો સંભવ છે. સિદ્ધયોગીઓ અને નાથયોગીઓની પરંપરા સાથે લકુલીશ-સંપ્રદાયના રીતરિવાજ, ધાર્મિક માન્યતાઓ અને તાન્ત્રિક વિધિઓ ઠીક સામ્ય ધરાવે છે. તે જોતાં, લકુલીશ-સંપ્રદાયે સિદ્ધયોગીઓની પરંપરાથી ફંટાઈ — જોકે તેના ઘણા સિદ્ધાન્તોને અપનાવીને — પોતે નવું પ્રસ્થાન કર્યું હોય તો નવાઈ નહિ. આ દૃષ્ટિએ, લકુલીશનો દંડ, સિદ્ધવિદ્યાઓના પ્રતીક તરીકે તેઓ પાસે હોય એ અશક્ય નથી.

'વસુદેવ-હિંડી'માં 'દંડરત્ન'નું વર્ણન મળે છે.[૧૯૧] આ દંડરત્ન તે જ 'પંચદંડ'ના વાર્તાચક્રમાં મળતો રત્નદંડ. 'વસુદેવ-હિંડી'માં, 'પ્રિયંગસુંદરી લંભક'માં સગરના પુત્રોએ અષ્ટાપદ પર્વતની આસપાસ રત્નદંડ વડે ખાઈ ખોદી પર્વતને સુરક્ષિત કર્યો, અને ભાગીરથિકુમારે ગંગા નદીને દંડરત્ન વડે માર્ગ ખોદી, સમુદ્રમાં ઉતારી. 'વસુદેવ-હિંડી'માં ચક્રવર્તિનાં ચૌદ રત્નો વિશે આ પ્રમાણે નોંધ મળે છે:[૧૯૨]

'અહીં ઉત્તમ લક્ષણોથી યુક્ત ઋષભ નામે રાજા હતા...... ભરત નામે તેમનો પુત્ર પ્રથમ ચક્રવર્તી, ચૌદ રત્નો અને નવ નિધિનો અધિપતિ હતો.....'

ચૌદ રત્નો પૈકીનાં, વર્ધકિરત્ન અને ચક્રરત્ન વિશેના ઉલ્લેખ 'કેતુમતી લંભક'માં આ પ્રમાણે મળે છે:[૧૯૩]

'------- ત્યાં પરમ ગુરુ શ્રી ઋષભદેવ તીર્થંકરની પરિનિર્વાણભૂમિમાં પ્રથમ ચક્રવર્તી રાજા ભરતની આજ્ઞાથી દેવાધિષ્ઠિત વર્ધકીરત્ને સંપૂર્ણ આદરથી સુખપૂર્વક જેનું નિર્માણ કરેલું છે એવું

૧૯૧. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'વસુદેવ-હિંડી' (ગુજરાતી અનુવાદ); પૃ-૩૯૫; પૃ-૪૦૦
૧૯૨. એ જ, પૃ-૩૯૨
૧૯૩. એ જ, પૃ-૪૦૬

સર્વરત્નમય ----- એવું જિનાયતન છે.-----

'------ વજ્રાયુધના આયુધગૃહમાં એક હજાર યક્ષોથી યુક્ત એવું ચક્રરત્ન ઉત્પન્ન થયું.-----૨૮૪

ઉપર દર્શાવેલું વર્ધકિરત્ન, જૈનપુરાણોમાં વર્ણવેલા ચક્રવર્તીનો ઉત્તમ સ્થપતિ છે, જ્યારે ચક્રરત્ન એ ચક્રવર્તિપણાની નિશાનીરૂપ ચક્ર છે. 'વસુદેવ-હિંડી'માં ચક્રરત્ન, વર્ધકિરત્ન અને દંડરત્નની સ્પષ્ટ નોંધ છે. પ્રાચીન વેદકાળમાં જે રત્નિનોની સહાયથી રાજા રાજપદ ધારણ કરતો એ રત્નિન્ તે જ પ્રકારાન્તરે જૈનપુરાણોમાં ચૌદ રત્ન બન્યાં. એમાંનું દંડ નામનું રત્ન — દંડરત્ન 'પંચદંડ' આદિ વાર્તાચક્રનો દંડ — કહો કે જાદુઈ દંડ તરીકે આપણને મળે છે.

'વસુદેવ-હિંડી'માં જે ચૌદ રત્નોની સંખ્યાનો ઉલ્લેખ છે, તેની વધુ વિગતો 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર' આદિ અન્ય કથાગ્રન્થો-માં મળે છે. આચાર્ય હેમચન્દ્રાચાર્યે 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં નીચેનાં રત્નોનાં નામ આપ્યાં છે:

દંડરત્ન, અશ્વરત્ન, સેનાનીરત્ન, ગૃહીરત્ન, છત્રરત્ન, ચર્મરત્ન, ગજરત્ન, ખડ્ગરત્ન, મણિરત્ન, કાકિણીરત્ન, વર્ધકિરત્ન, પુરોહિત-રત્ન, ચક્રરત્ન; રાજરાણીરત્ન અથવા સ્ત્રીરત્ન અથવા મહિષી-રત્નનો એમાં મોઘમ ઉલ્લેખ છે. અન્ય સંપ્રદાયનાં જૈનગ્રન્થોમાં ચૌદ રત્નોની યાદીઓ મળે છે.

આ રત્નો એ વેદકાલીન 'રત્નિનો'નું જૈન પૌરાણિક સ્વરૂપ છે. 'વસુદેવ-હિંડી'માં આ રત્નોની અછડતી નોંધ મળે છે, પણ

---

૨૮૪. ઉપર્યુક્ત, ૪૩૨

'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં ચક્રવર્તી રાજાનાં સહાયક અંગ તરીકે તેઓને વર્ણવવામાં આવ્યાં છે. આ રત્નો પૈકી ચક્રરત્ન એ વિષ્ણુ ભગવાનના સુદર્શન જેવું અસ્ત્ર અથવા ચક્રવર્તી રાજાનું પદ વાંછતા રાજાનો રથ એમ ધારાવી શકાય. રાજા રથમાં બેસી, અપ્રતિહત રીતે, વિજયો પ્રાપ્ત કરતો કૂચ કરે અને રથનું ચક્ર ગતિમાન રહે, કોઈથી રાજાની કૂચ અટકાવી શકાય નહિ અને છેવટે રાજા ચક્રવર્તીપદ પ્રાપ્ત કરે, એમ પણ ધારાવી શકાય. ચર્મરત્નને ચક્રવર્તી રાજાના નૌકાસૈન્યના અર્થમાં લઈ શકાય. પ્રાચીન કાળમાં, ચામડાની હોડીઓથી નદી પાર કરવામાં આવતી એવી નોંધ મળે છે. એ ચામડાની હોડીઓ સાહિત્યમાં ચર્મરત્નમાં પરિણમી. 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં ચર્મરત્નનો ઉપયોગ આ રીતે દર્શાવ્યો છે:[૧૯૮]

'........ તેમની ભેટ સ્વીકારીને સેનાપતિએ તેઓને વિદાય કર્યા અને પછી પૂર્વની જેમ ચર્મરત્નથી સિંધુ ઊતર્યો. ચક્રવર્તી પાસે આવીને તે સર્વ ચક્રવર્તીને આપ્યું.....'

ચામડાની હોડીઓ એ ખરેખર આજના જેવી હોડીઓ નહિ હોય, પણ ભીસ્તી લોકોની પાણી ભરવાની ચામડાની મશકના આકારની એ તરીમાં હવા ભરવામાં આવતી હોવી જોઈએ અને હવાથી ફૂલેલા ચર્મયાનથી નદી તરવામાં આવતી હશે. ચામડાની આવી હોડીઓની વિગતો 'A History of Technology'માં[૧૯૯] પ્રાપ્ત થાય છે. પંચદંડમાં ઉમાદેનો સિદ્ધદંડ કે જે સામળની કૃતિમાં ઉડણદંડ તરીકે જાણીતો છે તેના મૂળમાં આ ચર્મરત્ન છે.

અશ્વરત્ન અને ગજરત્ન રાજાના લશ્કરનાં અશ્વદળ અને ગજદળનું

૧૯૮. હેમચન્દ્રાચાર્ય, 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર' (ગુજરાતી અનુવાદ), પર્વ ૧-૨, પૃ-૩૧૯

૧૯૯. Singer, Charles, A History of Technology, Vol. 1, p. 730-731

સૂચન કરે છે, અશ્વ અને ગજ એ રાજ્યપદનાં પ્રતીક પણ ગણાય છે. સેનાપતિ-રત્ન એ લશ્કરનો સેનાપતિ દર્શાવે છે, જ્યારે છત્રરત્ન એ રાજાના રાજ-છત્રને મૂર્ત કરે છે. ખડ્ગરત્ન એ સૈન્યના અંગ તરીકે ગણી શકાય, જ્યારે મણિરત્ન એ પ્રકાશ માટે અને કાકિણીરત્ન એ નાણાંની તિજોરી માટે પ્રચલિત હોવાં જોઈએ. કાકિણી એ એક પ્રકારનો સિક્કો હતો, એમ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કહ્યું છે. કાકિણી શબ્દ જુદા જુદા અર્થમાં વપરાયાની તેઓએ આ પ્રમાણે નોંધ આપી છે:[૧૯૭]

'<u>કાકિણી</u>: એક નાનો સિક્કો. વીસ કપર્દિક – કોડી બરાબર એક કાકિણી થતી. એ સિક્કો તાંબાનો હતો અને દક્ષિણાપથમાં પણ તેનો વ્યવહાર ચાલતો હતો. એક ભિખારીએ રૂપક વટાવીને કાકિણીઓ કરી હતી અને દરરોજ એક એક કાકિણી તે વાપરતો હતો, એવું કથાનક 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની શાન્તિસૂરિની ટીકામાં છે. આમ છતાં, રાજપુત્રોની બાબતમાં 'કાકિણી' શબ્દનો અર્થ 'રાજ્ય' એવો થતો હતો. જૈન માન્યતા પ્રમાણે ચક્રવર્તીનાં રત્નોમાં 'કાકિણી' રત્નનો પણ સમાવેશ થાય છે.

કાકિણીની કિંમત રૂપકના એંશીમા ભાગ બરાબર હતી એમ ડૉ. શાકીબાએ કેટલીક ટીકાઓને આધારે કહ્યું છે. 'કાકિણી'નું બીજું નામ 'બોડી' હતું એમ સં. ૧૪૪૯ = ઈ.સ. ૧૩૯૩માં પાટણમાં લખાયેલા 'ગણિતસાર'ના ગુજરાતી અનુવાદમાં આપેલાં તોલ, માપ અને નાણાંના કોષ્ટકો ઉપરથી જણાય છે. હલકી કીમતના સિક્કા તરીકે આચાર્ય હેમચન્દ્રનાં અપભ્રંશ અવતરણોમાં 'બોડ્ડિ'નો પ્રયોગ થાય છે.

કાકિણીરત્નના જુદા જુદા અર્થની ચકાસણી કરતાં, અહીં આપણી ચર્ચામાં તે કોશાધ્યક્ષ (Treasurer), કોશ (Treasury) એ અર્થમાં ધારવી શકાય. 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'ના અંગ્રેજી ભાષાન્તરમાં, ડૉ. હેલન એમ. જ્હોન્સને, કાકિણીરત્નના વિષાપહારક ગુણની નોંધ કરી છે.[૧૯૮]

૧૯૭. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત', પૃ. ૩૪

૧૯૮. Johnson, (Miss Dr.), Helen M., 'Triṣaṣṭiśalākāpuruṣa-caritra', pp. 234-235, footnote No 307.

મણિરત્ન જે ચક્રવર્તીને પ્રકાશ આપવાનું કાર્ય કરે છે તેના વિષે ડૉ. હેલન એમ. જ્હૉન્સને જે નોંધ આપી છે તે જોવા જેવી છે. ડૉ. જ્હૉન્સનના કથન પ્રમાણે, મણિરત્ન એ કોઈ અન્ય આદર્શ કે વસ્તુના પ્રતીક તરીકે નહિ પણ સાક્ષાત્ પ્રકાશ અર્પનાર મણિ તરીકે આવે છે.[૧૮૯]

દંડરત્ન એ જો સ્થૂલ રીતે લઈએ તો રાજદંડના અર્થમાં લઈ શકાય, પણ 'વસુદેવ-હિંડી'માં દંડરત્ન ખાઈ ખોદવા, ભૂમિ કે પથ્થર ફોડવા આદિ કાર્યો માટે વપરાયાનું વર્ણન મળે છે તે જોતાં, ડૉ. જ્હૉન્સને 'વજ્રદંડ'નો ઉલ્લેખ કર્યો છે તેની સાથે દંડરત્ન સામ્ય ધરાવે છે. 'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત કૃતિઓમાં, વિક્રમે વજ્રદંડ કટાહદ્વીપમાંથી પ્રાપ્ત કર્યાનું વર્ણન મળે છે. આ વજ્રદંડનું રૂપાન્તર 'પંચદંડ'ની ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં વિજયદંડ તરીકે થયેલું છે. દંડરત્ન, વજ્રદંડ કે વિજયદંડનું સ્વરૂપ, કોઈ લાકડાના કે ધાતુના હાથાના મથાળે વજ્ર (Diamond) લગાડેલું હોય, તેવું કલ્પી શકાય. વજ્ર (Diamond) એ પથ્થરને ફોડી શકે છે અને જમીનને ખોદી શકે છે. પ્રાચીન કાળમાં જ્યારે અન્ય હથિયારો ન હતાં ત્યારે ઇજનેરો વજ્રદંડનો ઉપયોગ કરતા હશે. ભગીરથ અને ભાગીરથી નદીનું અવતરણ એ આખ્યાયિકામાં ભગીરથ ગંગા નદીને ઇજનેરી સાહસોથી (તેમાં વજ્રદંડનો ઉપયોગ થયો હશે) ભારતમાં લાવ્યો, એમ ધારવવામાં વાંધો નથી. કાકા કાલેલકરે નહેરકામની વિદ્યા માટે 'ભાગીરથ વિદ્યા' શબ્દ વાપર્યો છે તે આ દૃષ્ટિએ સૂચક છે.

વર્ધકિરત્ન એ શિલ્પી કે ઇજનેરના પ્રતીક તરીકે યોજાયું છે. સગર-ચક્રીના સાઠ હજાર પુત્રો જ્વલનપ્રભ નાગે દૃષ્ટિવિષથી બાળી નાખ્યા ત્યારે સગર શોક કરતો કહે છે:[૧૯૦]

' - - - - હે સેનાપતિ ! તારા ભુજપરાક્રમની પ્રચંડતા ક્યાં ગઈ? હે પુરોહિતરત્ન ! તારું ક્ષેમંકરપણું ક્યાં ગયું? હે વર્ધકિ ! તારી

૧૮૯. Johnson, (Miss Dr.) Helen M., Op. cit., p. 219 and its footnote No 99[284]

૧૯૦. હેમચન્દ્રાચાર્ય, ઉપર્યુક્ત, પર્વ ૧-૨, પૃ. ૩૪૩

દુર્ગરચનાની કુશળતા શું ગળી ગઈ? હે ગૃહિરત્ન! તારી સંજીવની ઔષધિઓ શું કોઈ જગ્યાએ ભૂલી ગયો? હે ગજરત્ન! તને તે વખતે શું ગજનિમીલિકા થઈ હતી? હે અશ્વરત્ન! તને તે વખતે શું શૂળ આવ્યું હતું? હે ચક્ર, દંડ અને ખડ્ગ! તે વખતે તમે શું સંતાઈ ગયા હતા? હે મણિ અને કાકિણીરત્ન! તમે પણ શું તે વખતે દિવસના ચંદ્રની જેમ પ્રભારહિત થઈ ગયા હતા? હે છત્રરત્ન અને ચર્મરત્ન! તમે શું વાજિંત્રના પડની જેમ ફૂટી ગયા હતા? -----?

ઉપર્યુક્ત રત્નોના ઉલ્લેખ પરથી જણાય છે કે વર્ધકિરત્નમાં દુર્ગ-રચનાની કુશળતા અપેક્ષિત છે, એટલે તે ચક્રવર્તીના ઇજનેર (Engineer) તરીકે લઈ શકાય. ગૃહીરત્ન ઔષધકાર અને ઔષધજ્ઞ માટે પ્રયોજાયું હોય એમ વર્ણન પરથી જણાય છે. પુરોહિતરત્ન રાજગુરુનું પદ દર્શાવે છે જ્યારે રાજરાણીરત્ન એ ચક્રવર્તીની રાણીનું પ્રતીક છે.

ઉપર દર્શાવેલાં ચક્રવર્તીનાં ચૌદ રત્નોના ખ્યાલના રૂપાન્તરથી 'પંચદંડ'ના અદ્ભુત દંડની કલ્પના ઉદ્ભવી હોય એ શક્ય છે. 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં[૧૬] 'સર્વદંડ'ની પ્રાપ્તિ દર્શાવી છે એ આ સન્દર્ભમાં નોંધપાત્ર છે. આ સર્વદંડને, મુનિરત્નસૂરિ-વિરચિત સંસ્કૃત 'અંબડચરિત્ર'માં 'સર્વાર્થશંકર-દંડ' તરીકે ઓળખાવ્યો છે; તે જ કૃતિમાં તેને 'સર્વવ્યાધિહર-દંડ' તરીકે પણ કહ્યો છે. વિજયકુશલની 'પંચદંડ'ની કૃતિમાં તેને 'સર્વાર્થવ્યાધિહર'—'સર્વાર્થકામદંડ' નામ આપેલું છે, જ્યારે અન્ય સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'વિષયક કૃતિઓમાં તેને 'કામિકદંડ' કે 'કામદંડ'ના નામથી ઓળખાવવામાં આવ્યો છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકારે (કૃતિ નં. ૧૭), તેને 'કામગ્રદંડ' અને શામળે તેને 'પ્રતાપદંડ' કહ્યો છે.

અહીં 'ત્રિષષ્ટિશલાકાપુરુષ' એ શીર્ષકનો 'શલાકા' શબ્દ વિવરણ માગી લે છે. 'શલાકા' શબ્દ બુદ્ધના સમયમાં મતપત્ર (Voting Ticket)

૧૬. હેમચન્દ્રાચાર્ય, ઉપર્યુક્ત, પૃ. ૧૩૬

તરીકે વપરાતો હતો, એમ ડૉ. કે. પી. જયસ્વાલે નોંધ કરી છે. આ વિષે તેઓએ કહ્યું છે કે,[૧૬૨]

"---The voting was carried on with the help of voting tickets which were coloured. The tickets were called śalākās or pins (they were of wood) and the voting was called the pin-taking (śalākā-grahaṇa). There was a teller, śalākā-grāhaka — 'taker of the pins', appointed by the whole Saṅgha who explained the significance of the colours and took the vote either secretly or openly."

'શલાકા'નો એક અર્થ સળી પણ થાય છે. જો મત-પત્રના અર્થમાં 'શલાકા' લઈએ તો 'લોકમત વડે જેની મહત્તા માન્ય કરાઈ છે એવા પુરુષ તે શલાકાપુરુષ', 'સળી'ના અર્થમાં — એમાં પણ મતપત્રની 'શલાકા'નો અર્થ આવી જાય છે — તેઓને 'દંડપુરુષ' ('સળી'નો અર્થ 'દંડ' લેતાં) કહી શકાય. આ દંડપુરુષો પૈકી ચક્રવર્તીઓને ચૌદ રત્નોની સહાય હતી તેવાં વર્ણનો તો 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'નાં સર્વ પર્વમાં ઠેર ઠેર મળે છે. તો 'શલાકા'ને 'દંડ'[૧૬૩] (જે પ્રાચીન 'રત્નિન્' શબ્દનો દ્યોતક છે) એ અર્થમાં ઘટાવીએ તો ચૌદ રત્નોની જેને સહાય હતી એવા 'ત્રેસઠ મહાપુરુષોનાં જીવનચરિત્ર' એવો 'ત્રિષષ્ટિશલાકા-પુરુષ ચરિત્ર'માં એ શીર્ષકનો અર્થ લઈ શકાય. 'શલાકાપુરુષ'નો વ્યુત્પત્યર્થ અર્થ 'સંઘે ચૂંટેલો મહાપુરુષ' તથા 'દંડ આદિ રત્નોથી સહાયવાન પુરુષ' એવો હશે. અર્થવિસ્તાર થતાં એનો 'મહાપુરુષ' અર્થ નિષ્પન્ન થયો. જૈન કથાસાહિત્યના 'શલાકાપુરુષ' શબ્દનું વાસ્તવિક અર્થઘટન આ સિવાય બીજી રીતે શક્ય લાગતું નથી.

૧૬૨. Jayaswal, K. P., 'Hindu Polity', Part-1, p. 109

૧૬૩. M. M. Williamsની સંસ્કૃત-ઇંગ્લિશ ડિક્શનરીમાં 'શલાકા'નો એક અર્થ 'દંડ' પણ આપ્યો છે.

મુનિરત્નસૂરિ-વિરચિત સંસ્કૃત 'અમ્બડચરિત્ર'માં 'પંચદંડ'ના વાર્તાચક્રની કેટલાક પશ્ચાદ્ભૂ મળી આવે છે અને તેમાં કેટલાક દંડ જાદુઈ દંડ તરીકે વર્ણવેલા છે. 'અમ્બડચરિત્ર'ના ત્રીજા આદેશમાં, સિંહલદ્વીપના રાજા સોમચન્દ્રના ભંડારમાંથી રત્નમાલા લાવવા, ગોરખયોગિનીએ અંબડને આદેશ આપ્યો. અંબડ સિંહલદ્વીપ ગયો ત્યાં તેણે સોમચન્દ્રની પુત્રી ચન્દ્રયશા પાસે રત્નમાલા અને પ્રધાનપુત્રી પાસે કર્મદંડ એમ બે જાદુઈ વસ્તુઓ જોઈ. રત્નમાલાથી ઇચ્છિત સ્વરૂપ ધારણ કરી શકાતું અને કર્મદંડથી વિઘ્ન, વૈર, રોગ આદિ નાશ પામતાં. આ સન્દર્ભમાં એક નોંધપાત્ર વાત એ છે કે 'પંચદંડ'માં, દમની ગાઇણ વિક્રમને તામ્રલિપ્તિ નગરીમાંથી રત્નમંજૂષા લાવવા આદેશ આપે છે. રત્નમંજૂષામાં કોઈ જાદુઈ અંશનું આરોપણ નથી પણ 'અમ્બડચરિત્ર'ની રત્નમાલામાં જાદુઈ અંશ દૃષ્ટિગોચર થાય છે.

'અમ્બડચરિત્ર'ના છઠ્ઠા આદેશમાં, અંબડ કુંભકરોટક નગરના સોમેશ્વર નામના બ્રાહ્મણ પાસેથી 'સર્વાર્થશંકર-દંડ' પ્રાપ્ત કરે છે, જ્યારે સોમેશ્વરની પુત્રી ચન્દ્રકાન્તાની નાગકન્યા સખી વાસવદત્તા પાસેથી તેને 'હર્ષદંડ' મળે છે. આ આદેશના કથાનકમાં, અંબડ પાસે શ્વેતકંબા અને રક્તકંબા હોવાનો ઉલ્લેખ મળે છે. શ્વેતકંબાના પ્રહારથી તે સ્ત્રીને મૃગલી બનાવી શકતો, જ્યારે રક્તકંબાના પ્રહારથી તે મૃગલીની સ્ત્રી બનાવી શકતો. કંબા એટલે સોટી- અર્થાત્ આ કંબા એ એક પ્રકારનો દંડ છે.

આ રીતે, 'અમ્બડચરિત્ર'માં, જાદુઈ શક્તિ ધરાવતા, સંખ્યાબંધ દંડના ઉલ્લેખ મળે છે.

પ્રાપ્ત થયેલી 'પંચદંડ' વિષયક સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં દંડનાં નામ અને તેમાં રૂપાંતર આ પ્રમાણે મળે છે:

અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર કૃત 'विक्रमादित्यस्य पञ्चदण्डछत्रप्रबन्ध' (કૃતિ નં-૧)માં, વિક્રમ ત્રણ દંડ પ્રાપ્ત કરે છે: ૧- ઉમાદેનો દંડ; ૨- મરુકી માલણનો દંડ (કે જે આગળ વિવરણમાં આવતા રત્નદંડ કે શિલોત્પાટનક્ષમદંડ કે અચલચાલનદંડ જેવો છે.); ૩- ઇન્દ્રજાલિકનો દંડ, આ દંડથી માયાવી ઉદ્યાનની રચના કરી શકાય છે, એમ 'પ્રધાનની પુત્રવધૂ' એ વાર્તાના ઉત્તરાર્ધમાં વર્ણન મળે છે.

પૂર્ણચન્દ્રસૂરિ-વિરચિત 'विक्रमादित्यस्य पञ्चदण्डप्रबन्ध'માં, (કૃતિ નં. ૨), રસદંડ અથવા સિદ્ધદંડ (કે જેને કેટલાક 'પંચદંડ'-કારોએ સર્વરસદંડ અને ઉભદંડ કહ્યો છે.), વિજયદંડ, વિષાપહારદંડ, રત્નદંડ અને મણિદંડની પ્રાપ્તિ વર્ણવેલી છે, જ્યારે દેવમૂર્તિ ઉપાધ્યાય-કૃત 'पञ्चदण्डकथा' (કૃતિ નં. ૩)માં, સર્વરસદંડ, વિજયદંડ, વિષાપહારદંડ, ભૂત-સ્ફોટકદંડ અને મણિદંડ મળે છે. પંડિત શુભશીલગણિએ 'पञ्चदण्डछत्रकथा' (કૃતિ નં-૪)માં, સર્વરસદંડ, વજ્રદંડ, વિમાપહારદંડ, ભૂત-સ્ફોટદંડ અને મણિદંડ દર્શાવ્યા છે. અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૫) પોતાની રચનામાં સર્વરસદંડ, વિજયદંડ, વિષાપહારદંડ, સર્વમણિમયદંડ અને અચલચાલનદંડનો ઉલ્લેખ કરે છે, જ્યારે અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર (કૃતિ નં-૬) સિદ્ધદંડ અથવા સર્વરસદંડ, વિજયદંડ, વિષાપહારદંડ, રત્નદંડ અને શિલોત્પાટનક્ષમદંડની પ્રાપ્તિ વર્ણવે છે. પૂર્ણિમાગચ્છીય રામચન્દ્રસૂરિ (કૃતિ નં-૭) સિદ્ધદંડ, વિજયદંડ, સર્વાર્થકામપ્રદદંડ, વિષાપહારદંડ અને તમોહરદંડનું વર્ણન કરે છે, જ્યારે નરપતિ (કૃતિ નં. ૮)ની રચનામાં વિક્રમને સિદ્ધદંડ, વિજયદંડ, કામિકદંડ, તમોહરદંડ અને વિષાપહારદંડ પ્રાપ્ત થાય છે. અજ્ઞાત કવિકૃત 'પંચદંડ ચતુષ્પદી' (કૃતિ નં-૯)માં સિદ્ધદંડ, વિજયદંડ, કામિકદંડ, તમોહરદંડ અને વિષાપહારદંડ મળે છે.

અને માલદેવકૃત 'પંચદંડ છત્રોત્પત્તિ કથા' (કૃતિ નં-૧૦)માં, કરમોચની દંડ (દ્યૂત રમતાં દેવદમની હારી અને તેણે વિક્રમને આ દંડ આપ્યો; કવિએ આને સર્વકામિક દંડ પણ કહ્યો છે), સિદ્ધિદંડ, વિજયદંડ, મહાગુણદંડ, બહુગુણદંડ (કામિતદાતાર દંડ), મણિદંડ (તમોહરદંડ) મળે છે. રાજધરકૃત 'વિક્રમપ્રબન્ધ' (કૃતિ નં-૧૨) અપૂર્ણ કૃતિ હોવાથી તેમાં દંડ વિષે માહિતી મળતી નથી. લક્ષ્મીવલ્લભગણિ-વિરચિત 'વિક્રમ પંચદંડ-ચઉપઈ' (કૃતિ નં-૧૩)માં, સિદ્ધદંડ, વિજયદંડ, ચિંતિતસિદ્ધિદંડ, કામિતદંડ, તમહરદંડ અને વિષાપહારદંડના ઉલ્લેખ મળે છે; અને અજ્ઞાત ગુજરાતી ગદ્યકારકૃત 'પંચદંડકથા' (કૃતિ નં-૧૪)-માં, કનકદંડ, રાક્ષસનો દંડ (કવિએ દંડનું નામ આપ્યું નથી), વિષહરદંડ અને તમહરદંડની પ્રાપ્તિ વર્ણવેલી છે. અજ્ઞાત કવિકૃત 'પંચદંડની વારતા' (કૃતિ નં-૧૫) માં સિદ્ધદંડ, વજ્રદંડ, કામપ્રદંડ, તમોહરદંડ અને વિષહરદંડ મળે છે, જ્યારે અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર-વિરચિત 'પંચડંડરી વાત' (કૃતિ નં-૧૬) માં સિદ્ધિદંડ, કામપ્રદંડ, વિષહરદંડ, વિજયદંડ અને તમોહરદંડ મળે છે. શામળકૃત 'પંચદંડની વાર્તા' (કૃતિ નં-૧૭)માં, ઊડણદંડ, વિજયદંડ, અભયદંડ, પ્રતાપદંડ અને વિષહરદંડનાં નામ પ્રાપ્ત થાય છે. માણિક્યવિજયગણિ ઉમાદેના અને રાક્ષસના દંડનાં નામ આપતા નથી, જ્યારે બાકીના ત્રણનાં નામ, તેઓએ પોતાની રચના (કૃતિ નં-૧૮)માં, કામદંડ, તમોહરદંડ અને વિષહરદંડ, એ પ્રમાણે આપ્યાં છે. આ. પેશતનજી કાવસજી-રચિત 'પાંચ ડંડની વારતા' (કૃતિ નં-૧૯)માં પાંચ દંડના ઉલ્લેખ છે, પણ દંડનાં નામ આપેલાં નથી.

આમ, 'પંચદંડ'માં આવતા દંડનાં નામ જોતાં, કેટલાક દંડનાં નામ છેવટની કૃતિઓમાં ફેરવાઈ ગયેલાં જણાય છે, જ્યારે

કેટલાંકનાં નામ પાછળની કૃતિઓમાંથી અદૃશ્ય થઈ ગયાં અને નવાં નામ ઉમેરાયાં છે.

ઉમાદે ગોરાણીનો દંડ, સિદ્ધદંડ, રસદંડ, સર્વરસદંડ, કનકદંડ અને ઊડણદંડના નામથી ઓળખાયો છે. 'વસુદેવ-હિંડી' અને 'ત્રિષષ્ટિશલાકા-પુરુષ ચરિત્ર'માં ચક્રવર્તીનું ચર્મરત્ન કહેવાય છે તેમાંથી આ દંડની કલ્પના વિકસી હોય એમ જણાય છે. પ્રાચીન કાળમાં, ભારતીની મશકના આકારની આ તરીમાં હવા ભરી, તેને પાણીમાં તરતી મૂકી નદી કે સમુદ્ર પાર કરવામાં આવતાં, એવી નોંધ 'A History of Technology'માં મળે છે.[૧૯૬] માનવભક્ષી રાક્ષસનો વજ્રદંડ તે વિજયદંડ, પર્વતસ્ફોટ દંડ, શિલોત્પાટનક્ષમદંડ, અચલચાલનદંડ અને રત્નદંડ, એવાં નામથી જુદી જુદી રચનાઓમાં તેનો ઉલ્લેખ મળે છે. 'વસુદેવ-હિંડી' અને 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં, આ દંડનું 'દંડરત્ન' તરીકે વર્ણન મળે છે. પ્રાચીન કાળમાં, આ દંડ પર્વતના પથ્થર તોડવામાં, ખાઈ ખોદવામાં અને જમીન ખોદવામાં ઉપયોગમાં લેવાતો હશે. દંડરત્ન વડે પર્વતમાંથી રસ્તો કરી, ભગીરથ ભાગીરથીને ભારતમાં લાવ્યો, એ કથાનક 'વસુદેવ-હિંડી'માં પ્રાપ્ત થાય છે. સગરચક્રીના પુત્રોએ હિમાલયની તળેટીનો પ્રદેશ દંડરત્નથી ખોદ્યો, એ પ્રસંગ પણ 'વસુદેવ-હિંડી'માં મળે છે. વજ્ર એટલે હીરો (Diamond); જગતમાં પ્રાપ્ત થતી વસ્તુઓમાં કઠણમાં કઠણ વજ્ર છે. અહીં પર્વતોના ભુક્કા કરનાર ઇન્દ્રનું વજ્ર (હથિયાર) પણ યાદ કરવું જોઈએ. દંડરત્ન એ લાકડા કે ધાતુના હાથામાં વજ્ર જડી, તૈયાર કરવામાં આવતું પ્રાચીન સમયના ઇજનેરોનું સાધન હોવું જોઈએ.

મણિદંડ અથવા તમોહરદંડ એ, 'વસુદેવ-હિંડી' અને 'ત્રિષષ્ટિ-શલાકાપુરુષ ચરિત્ર'માં ચક્રવર્તીના રત્ન તરીકે ઓળખાવેલ છે.

૧૯૬. Signer, Charles, 'A History of Technology', Vol. I, p. 730-31.

ચક્રવર્તી જ્યારે વિજયકૂચ આરંભે ત્યારે ઘણા યોજનો સુધી એ પ્રકાશ આપવાનું કાર્ય કરતું એવું વર્ણન મળે છે.

વિષાપહારદંડની કલ્પના કેવી રીતે ઉદ્ભવી અને વિકસી એ કોયડો છે. પણ ચક્રવર્તીના સૈન્યને અને અધિકારીઓને હેરાનગતિ થતી હોય, અને તેમાંથી બચવા કોઈ વિષહર ઔષધિ કે રત્નનો ઉપયોગ કરવામાં આવતો હોય એ અશક્ય નથી. ચક્રવર્તીનાં ચૌદ રત્નો પૈકીનું કાકિણી-રત્ન ઝેર દૂર કરી શકતું, એમ ડૉ. હેલન જ્હૉન્સને નોંધ કરી છે. નાગદમની નામની ઔષધિથી સાપ શાંત થઈ જતા એવો ઉલ્લેખ વાર્તાઓમાં મળે છે. એટલે વિષાપહારદંડ એ કોઈ વિષાપહાર રત્ન કે ઔષધિનું પ્રતીક હોય એ સંભવિત છે.

કોશા કંદોયણનો પ્રતાગદંડ, એ કામદંડ, કામિકદંડ, બહુગુણદંડ, કામિક-દાતારદંડ, કામપ્રદંડ, સર્વાર્થકામપ્રદદંડ, સર્વકામિકદંડ આદિ નામથી જુદી જુદી કૃતિઓમાં ઓળખાવવામાં આવ્યો છે. આ દંડનો સર્વ પ્રથમ ઉલ્લેખ 'અંબડચરિત્ર'માં કમદંડ અથવા સર્વાર્થશંકરદંડના નામથી મળે છે. તેના વડે વિઘ્ન, વૈર, વગેરે દૂર થતાં એમ મુનિરત્નસૂરિએ વર્ણન કર્યું છે. 'પંચદંડ'ની પ્રાચીન પરંપરા જાળવતી કૃતિઓ (કૃતિ નં. ૧-૬ અને કૃતિ નં. ૧૪)માં આ દંડનું નામ મળતું નથી; પણ રામચન્દ્રસૂરિએ સ્ત્રીચરિત્રની વાર્તામાં, કોશા કંદોયણના કામિકદંડ તરીકે તેનો પરિચય કરાવ્યો છે. એ જ દંડ, રામચંદ્રસૂરિની પરંપરાને અનુસરનારા સર્વ સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની 'પંચદંડ'કારોએ જુદા જુદા નામથી ઓળખાવ્યો છે. આ દંડ ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ કરાવનાર શક્તિના પ્રતીક તરીકે યોજાયો હોય એમ જણાય છે. અહીં એક હકીકત નોંધવી ઉચિત થશે કે રામચન્દ્રસૂરિએ જેમ કામિકદંડ પહેલી વાર વાર્તાચક્રમાં આણ્યો તેમ, શામળે જેને અભયદંડ કહ્યો છે તેનો આછો ઇશારો પણ રામચન્દ્રસૂરિએ કર્યો છે; સાથે સાથે દમનીનો, શામળે કહેલો અભેદ્યદંડ પણ કોઈ જાતના નામ વિના રામચન્દ્રસૂરિની કૃતિમાં દેખા દે છે.

શામળે જેને આભયદંડ કહ્યો છે તે 'સમ્યક્ત્વચરિત્ર'માં જાદુઈ રત્નમાલાના રૂપમાં આપણને મળે છે. સર્વ 'પંચદંડ'કારોએ આ રત્નમાલાને રત્નમંજૂષાનું સ્વરૂપ આપ્યું છે, અને રત્નમંજૂષામાં રત્નો હતાં તે સિવાય તેમાં કોઈ જાદુઈ શક્તિનું આરોપણ તેઓએ કર્યું નથી. રામચંદ્રસૂરિએ સર્વપ્રથમ આ દંડનો અછડતો ઇશારો કર્યો પણ તેનું સંપૂર્ણ વિવરણ કર્યું નથી. રામચંદ્રસૂરિ પછીના રચયિતાઓમાં, માલદેવે મહાગુણદંડ, લક્ષ્મીવલ્લભગણિએ પણિપ્રસિદ્ધિદંડ અને શામળે અભયદંડ તરીકે એનો પરિચય આપ્યો છે. તામ્રલિપ્તિ નગરી કે જે અઢળક સમૃદ્ધિ અને વેપારનું કેન્દ્ર હતી ત્યાંની રાજકુંવરીનો આ દંડ સમૃદ્ધિ અને વેપારનું પ્રતીક હોય એવી સંભાવના છે.

દમની પાછળ જે દંડ વડે વિક્રમના માર્ગમાં ત્રણ રેખાઓ દોરી ત્રણ વજ્રદિવાલો ઊભી કરી તે દંડની કલ્પના રામચન્દ્રસૂરિની છે. આ રીતે ત્રણ રેખાઓ દોરી આણ દેવાની રીતનો, ઊમાદેએ મધ્યરાત્રિએ દારમાંથી દંડ સહિત બહાર નીકળતી વખતે, આંગણામાં દંડ વડે ત્રણ રેખાઓ દોરીને કર્યો છે. રામાયણના અરણ્યકાંડમાં સુવર્ણમૃગરૂપી મારિચ રાક્ષસે, રામના બાણથી મરતાં મરતાં બૂમ પાડી કે, લક્ષ્મણ ધાજો, ત્યારે સીતાએ રામની વ્હારે ધાવા લક્ષ્મણને કહ્યું. લક્ષ્મણે ઘણી રીતે સીતાને સમજાવ્યાં કે એ તો માયાવી રાક્ષસનો પ્રપંચ છે, છતાં સીતાએ માન્યું નહિ; ત્યારે ધનુષ્યની અણી વડે પર્ણકુટીના આંગણામાં ત્રણ રેખાઓ દોરી, લક્ષ્મણે સીતાના રક્ષણની યોજના કરી અને સીતાને વિનંતી કરી કે, તેઓએ આંકેલી મર્યાદાની બહાર પગ મૂકવો નહિ. અનેક વિદ્યાઓ (Magic sciences)નો જાણકાર રાવણ પણ એ આણનું ઉલ્લંઘન કરી શક્યો નહિ. છેવટે સીતા આંકેલી મર્યાદાની બહાર આવ્યાં ત્યારે જ રાવણ તેમને હરી જઈ શક્યો. આટલી પ્રાચીન આ તાંત્રિક વિદ્યાની રીતિ, 'પંચદંડ'માં શામળે ઉલ્લેખેલા અભેદ્યદંડમાં આપણને જોવા મળે છે.

પ્રો. સ્ટીથ ટૉમસને 'જાદુઈ દંડ'ના કથાઘટક વિષે આપેલી સંદર્ભસૂચિ પરિશિષ્ટ ૧-A માં આપી છે. તે સૂચિ પરથી જણાય છે કે 'જાદુઈ દંડ'નું કથાઘટક, દુનિયાના ઘણા દેશોના લોકસાહિત્યમાં મળી આવે છે.

જાદુઈ દંડના ઘટકતત્ત્વના વિકાસમાં આપણે એક મુદ્દો જોઈ શક્યા કે, તે ઘટકતત્ત્વ મુખ્યત્વે ભારતીય મૂળ દર્શાવે છે. ઘટકતત્ત્વો પૈકીનાં કેટલાંક એક દેશની પ્રજામાં ઉત્પન્ન થઈ, પ્રજાઓ પ્રજાઓ વચ્ચે થતી સંસ્કૃતિઓની આપ-લેની પ્રક્રિયા દ્વારા દુનિયાના અનેક દેશપ્રદેશમાં ફેલાયા છે; જ્યારે કેટલાંક ઘટકતત્ત્વ સંસ્કૃતિઓના વિનિમય થયા વિના, કુદરતી રીતે દુનિયાના અનેક ભાગોમાં એકસાથે ઉત્પન્ન થયેલાં મળી આવે છે. આનું કારણ તો માનવસ્વભાવ કે જે તેના આદિ-સ્વરૂપમાં દુનિયાના કોઈ પણ ભાગમાં એકસરખી રીતે પ્રવર્તે છે. જાદુઈ દંડ જેવાં ઘટકતત્ત્વ ભારતમાં ઉત્પન્ન થઈ, મધ્યપૂર્વ અને યુરોપમાં ફેલાયાં હશે; તેના સમર્થનમાં, જર્મન પ્રો. થિયોડોર બેન્ફેએ, પોતાની 'પંચતંત્ર'ની સમીક્ષિત આવૃત્તિમાં કહ્યું છે કે, ભારતીય લોકવાર્તાઓ બૌદ્ધ ધર્મના ફેલાવા સાથે, ચીન, તિબેટ, નેપાલ અને મોંગોલિયા તેમ જ મોંગોલિયા દ્વારા પૂર્વ-યુરોપમાં સારી પેઠે ફેલાવા પામી. આ રીતે વિચારતાં, જાદુઈ દંડ એ ઘટકતત્ત્વનાં મૂળ ભારતીય છે, એમ કહી શકાય. 'પંચદંડ'ના વાર્તાચક્ર વિના જાદુઈ દંડનું કથાઘટક આટલી વ્યાપક રીતે બીજી કોઈ વાર્તાઓમાં યોજાયાનું જાણ્યું નથી. દંડ, વાસ્તવિક રાજપદના પ્રતીક તરીકે તેમ જ લોકકથાના જાદુઈ સ્વાંગમાં નિરૂપાયાનો 'પંચદંડની વાર્તાઓ' એક અનોખો નમૂનો છે.

## ૨. જાદુઈ અન્તરાયો (Magical Obstacles)

'પંચદંડ'ના વાર્તાચક્રમાં, કથાના આરંભમાં, દમની ગાદ્દલ

તરફથી વિક્રમના માર્ગમાં અંતરાય ઊભા કરવામાં આવ્યા છે. વિક્રમની સવારી મહેલ તરફ જઈ રહી હતી, ત્યારે દમનીએ આમ્રદંડ વડે માર્ગમાં ત્રણ રેખાઓ દોરી માર્ગ રુંધ્યો. વિક્રમે તેની પાસેથી 'પંચ-દંડ છત્ર'નું રહસ્ય જાણવા ઇચ્છા દર્શાવી ત્યારે દમનીએ, પાંચ આદેશ— દેવદમની સાથે દ્યૂત રમવું; તામ્રલિપ્તિની રાજકુંવરી પાસેથી રત્નમંજૂષા લાવવી; ઉજ્જયિનીના વૃદ્ધ ધનશેઠની સુંદર સ્ત્રીના ચારિત્ર્યનું અવલોકન કરવું, અને ઉજ્જયિનીના વિશ્વરૂપ પુરોહિતને દાન આપવું — પાળવા વિક્રમને કહ્યું. આદેશ એવા પ્રકારના હતા કે તેનું પાલન કરવા જતાં રાજા પોતે જ નાશ પામે. એટલે પાંચ આદેશના પાલન દ્વારા પાંચ દંડ પ્રાપ્ત કરવા એ પાંચ અંતરાય જ હતા.

'અદ્ભુત અંતરાયો'નું ઘટકતત્ત્વ આખી દુનિયાની પ્રજાની વાર્તાઓમાં પ્રાપ્ત થાય છે. તે એક દેશમાંથી ઉત્પન્ન થઈ અન્ય પ્રદેશોમાં ફેલાયું, એમ નહિ બન્યું હોય; પણ પ્રગતિશીલ, પરાક્રમી, તેજસ્વી વ્યક્તિઓને અવરોધવા સમાજમાં જે બળો કામ કરતાં હશે તેમાંથી અતિશયોક્તિ દ્વારા આ ઘટકતત્ત્વ વાર્તાસાહિત્યમાં પ્રચલિત થયું હોવાની સંભાવના છે. કહો કે માનવસ્વભાવની અંતરાયો ઊભા કરવાની નબળાઈ અને સંકુચિત વૃત્તિ દુનિયાના સમાજના સર્વ સ્તરોમાં પ્રાપ્ત થાય છે, અને તે જ વૃત્તિનું પ્રતિબિંબ સામૂહિક સર્જકપ્રતિભાના નિદર્શનરૂપ લોકવાર્તા સાહિત્યમાં આપણને મળે છે. આ ઘટકતત્ત્વનું ઊજળું પાસું એ છે કે, જેમ જેમ તેજસ્વી વ્યક્તિઓના માર્ગમાં અવરોધક બળો આવતાં જાય તેમ તેમ તે વ્યક્તિઓ પોતાના પૌરુષથી અવરોધક બળો પર વિજય મેળવવા મથે છે, પ્રયત્ન કરે છે અને અંધારામાં પ્રકાશ પ્રગટાવવા

ઉદ્યમ કરે છે. વાર્તાનાયકોની મથામણની પ્રક્રિયામાંથી જ જીવનની ભવ્યતાનાં દર્શન થાય છે.

આ દારકતત્ત્વનાં સંખ્યાબંધ ઉદાહરણો દરેક દેશની અને પ્રજાની વાર્તાઓમાંથી મળે છે, એ સર્વનો ઉલ્લેખ કરવો શક્ય નથી પણ નમૂનારૂપ કેટલાંક જોઈએ. 'કથાસરિત્સાગર'માં,[૧૯૫] 'શૃંગભુજ અને રૂપશિખા'ની વાર્તામાં, શૃંગભુજને જોતાં રૂપશિખા તેના પર મોહ પામે છે, અને તેને પરણવા ઇચ્છે છે. રૂપશિખાનો પિતા અગ્નિશિખ અનેક જાદુઈ વિદ્યાઓનો જાણકાર રાક્ષસ હતો. તેણે રૂપશિખાનો શૃંગભુજ પ્રત્યેનો પ્રેમ ગમ્યો નહિ; અને એ બન્નેના માર્ગમાં અનેક પ્રકારના જાદુઈ અન્તરાય ઊભા કરવા તેણે પ્રયત્ન કર્યા. પ્રથમ તો તેણે શૃંગભુજને કહ્યું કે, જો તારે મારી પુત્રીને પરણવું હોય તો હું કહું તે સર્વ આદેશ તારે પાળવા પડશે; શૃંગભુજે સર્વ આદેશનું પાલન કરવા હા પાડી. પ્રથમ તો રાક્ષસે શૃંગભુજને સ્નાન કરી આવવા કહ્યું. તે સ્નાન કરી આવ્યો એટલે રાક્ષસે તેની સરખા સ્વરૂપની, સરખા પોશાક અને હારેણાં ધારણ કરેલી, રૂપશિખા સહિત સો પુત્રીઓને એક હારમાં ઊભી રાખી, રાજકુંવરને કહ્યું, તું તારી પ્રેયસી પસંદ કર. સર્વ રાજકન્યાઓથી જુદા પડી, રૂપશિખાએ ગળાને બદલે માથા પર હાર રાખ્યો હતો, અને એવા મતલબની નિશાનીનું સૂચન, રૂપશિખાએ પ્રથમથી જ શૃંગભુજને કર્યું હતું. આથી, રાજકુંવરે રૂપશિખાને પોતાની રાણી તરીકે પસંદ કરી.

બીજા પ્રસંગે, અગ્નિશિખે શૃંગભુજને બોલાવી કહ્યું, આ બે બળદ લઈ, નગર બહારની જમીનમાં સીસમબીજની એક સો ખારીઓ વાવી દે. રાજકુંવરે તેમ કરવા હા પાડી અને રાજકુંવરીને પોતાને સોંપાયેલા કાર્યની વાત કરી. રાજકુંવરીએ તેને કહ્યું, તું ગભરાઈશ નહિ. મારી જાદુઈ

૧૯૫. Tawney and Penzer, 'Kathāsaritsāgar' (English Translation), Vol. III, pp. 218-232

શક્તિના પ્રભાવથી તે કાર્ય હું તને કરી આપીશ. બીજે દિવસે ખિન્ન વદને રાજકુંવર સોમબીજ વાવતો હતો ત્યારે આશ્ચર્ય વચ્ચે ખેડાયેલી જમીનમાં સર્વ બીજ વવાઈ ગયેલાં જોયાં. રાજકુંવરીની જાદુઈ શક્તિના પ્રભાવથી આ બન્યું. આ કાર્ય પૂરું કર્યાની હકીકત શૃંગભુજે અગ્નિશિખને કહી ત્યારે પ્રપંચી રાક્ષસે ફરીથી તેને કાર્ય સોંપ્યું કે, મારે બીજ વાવવાં નથી; પણ એ સર્વ બીજ એકઠાં કર. શૃંગભુજે રૂપશિખાની મદદથી તે કાર્ય પણ કરી દીધું. ક્રૂર રાક્ષસને આથી સંતોષ થયો નહિ. તેણે ફરી એક વાર રાજકુંવરનું કાસળ કાઢવાના ઇરાદાથી તેને આદેશ આપ્યો કે, રાજકુંવર! અહીંથી બે યોજન દૂર જંગલમાં એક શિવાલય છે ત્યાં મારો પ્રિય ભાઈ ધૂમશિખ રહે છે. ત્યાં એકદમ જા, અને દેવાલયની સામે ઊભા રહીને કહેજે કે, હે ધૂમશિખ! તમને અને તમારા કુટુંબને આમંત્રણ આપવા માટે અગ્નિશિખે મને મોકલ્યો છે; આવતી કાલે રૂપશિખાનો લગ્નસમારંભ છે. માટે જલદી આવો. આટલું કહી ઝડપથી આજે પાછો આવ અને આવતી કાલે મારી પુત્રીને પરણ. આ આદેશનું પાલન કરવાની હા પાડી, કુંવર રૂપશિખા પાસે આવ્યો. રૂપશિખાએ, આ કસોટીમાંથી પાર ઊતરવા માટે કુંવરને થોડી ધૂળ, થોડું પાણી, થોડા કાંટા, થોડો દેવતા અને પોતાનો જાદુઈ ઘોડો એટલી વસ્તુઓ આપી કહ્યું, અગ્નિશિખે આપેલું આમંત્રણ ધૂમશિખના નિવાસસ્થાન આગળ બોલી જજે અને આ ઘોડા પર સવાર થઈ પૂર ઝડપથી પાછો ફરજે; વચ્ચે વચ્ચે પાછું જોતો રહેજે; જો ધૂમશિખને તારી પાછળ પડેલો જુએ તો આ ધૂળ તેના રસ્તામાં નાખજે; અને છતાં ય જો પાછળ આવે તો આ પાણી તેના માર્ગમાં ફેંકજે; અને તેમ કર્યા છતાં તે આવતો ન અટકે તો કાંટા નાખજે અને પછી તેના માર્ગમાં દેવતા ફેંકજે. એટલે તું અહીં એ ક્રૂર દૈત્ય વિના આવી શકીશ. રૂપશિખાની શિખ લઈ, શૃંગભુજ ધૂમશિખને આમંત્રણ આપવા

ગયો અને ધૂમશિખ, આમંત્રણ સાંભળી જ્યારે કુંવરની પાછળ પડ્યો ત્યારે તે કુંવરીએ કહેલી સલાહ પ્રમાણે વર્ત્યો; આદેશ સિદ્ધ કરી તે સુખરૂપ અગ્નિશિખ પાસે આવી પહોંચ્યો. અગ્નિશિખે તેની સાથે ધામધૂમથી રૂપશિખા પરણાવી. રાક્ષસે પ્રથમથી જ શૃંગભુજને બાંધી લીધો હતો કે તેણે કાયમ તેની સાથે રહેવું પડશે. પણ કુંવરને માતૃભૂમિ યાદ આવતાં, પોતાની રાણીને તે વાત કહી. બન્ને પોતાને વતન જવા નીકળ્યાં. રાક્ષસને આની જાણ થતાં, તેઓને અટકાવવા તેમની પાછળ પડ્યો. રૂપશિખાએ પોતાની જાદુઈ વિદ્યાઓના પ્રતાપથી, રાક્ષસની ધારણા ધૂળમાં મેળવી અને બન્ને પતિપત્ની વતનમાં પહોંચી ગયાં.

ઉપર્યુક્ત વાર્તામાં, અગ્નિશિખ રાક્ષસ દુષ્ટ વૃત્તિથી, શૃંગભુજના માર્ગમાં અનેક જાદુઈ અન્તરાય ઊભા કરે છે, પણ શૃંગભુજ રૂપશિખાની વિદ્યાઓ વડે સર્વ અન્તરાય તરી પાર ઊતરે છે. અહીં એક મુદ્દો નોંધપાત્ર છે કે, વિક્રમના માર્ગમાં આવતા અવરોધો પર વિજય મેળવવા જેમ વેતાલ સહાય કરે છે તેમ કુંવરના માર્ગમાંની મુશ્કેલીઓમાં રૂપશિખા તેને મદદ કરે છે.

'શૃંગભુજ અને રૂપશિખા'ની વાર્તાને મળતી એક નોર્વેજિયન વાર્તા પ્રો. પેન્ઝરે આ પ્રમાણે આપી છે:[૧૯૬]

આ વાર્તાનું શીર્ષક છે 'વિધવાનો દીકરો'. ટ્રોલ નામના એક ભયંકર જાદુગરના ઘરમાં એક વિધવાનો દીકરો જઈ ચઢે છે. ટ્રોલે તે જુવાનને ઘરમાંની ઘણી બંધ ઓરડીઓ હતી તેમાં પ્રવેશ કરવાની મનાઈ કરી હતી છતાં નજર ચુકાવી એક દિવસે તેણે છાનામાના દરેક ઓરડી ઉઘાડી જોઈ. ઓરડીઓ પૈકીની એકમાં તેણે કાંટાનો ચાબૂક,

૧૯૬. Tawney and Penzer, Op. cit., Vol-III, p.236; a Norwegian tale 'The Widow's Son' included in Thorpe's 'Yule-tide Stories', on page 295

બાજુમાં એક મોટો પથ્થર, અને પાણીની શીશી, બાજુમાં ઊકળતી ગાંજાની કીટલી, અને ઓશીમાં, જેના પૂંછડે ઘાસની ટોપલી બાંધેલી હતી અને જેના માથે બળતા કોલસાની સગડી હતી એવો એક કાળો ઘોડો જોયો. ઘોડાના માથા પર સગડી અને પૂંછડે ઘાસની ટોપલી લગાડેલી જોઈ, યુવાને ઘાસની ટોપલી મોઢા આગળ અને સળગતી સગડી પૂંછડે લગાડી આપી. ઘોડાએ પોતાના હિતકર્તા યુવાનને કહ્યું, પેલો ટ્રોલ હમણાં આવશે તો તને મારી નાખશે; માટે મારા પર સાદ માંડ, બખ્તર પહેર, અને કાંટાનો ચાબૂક, પથ્થર, પાણીની શીશી તેમ જ અંજનપાત્ર આટલી વસ્તુઓ લઈ લે, આપણે અહીંથી જતા રહીએ. યુવાન ઘોડા પર બેઠો અને ઘોડો પૂર ઝડપથી દોડવા લાગ્યો, કેટલુંક અંતર કાપ્યા પછી, કંઈ અવાજ સંભળાવા લાગ્યો. ઘોડાના સૂચનથી યુવાને પાછા ફરી જોયું તો ટ્રોલ તેના સાથીઓ સાથે યુવાનને પકડવા આવતો હતો. અશ્વના સૂચન પ્રમાણે યુવાને, ટ્રોલ તરફ કાંટાળો ચાબૂક ફેંકતાં, માર્ગમાં કાંટાળા છોડવાળું એક ગીચ જંગલ ઉત્પન્ન થયું. તેમાંથી માર્ગ કાઢવા ટ્રોલને ઘેર જઈ, અન્ય સાધનો લાવવાં પડ્યાં. ત્યાં સુધી તો અશ્વ અને તેનો સવાર ઘણે દૂર નીકળી ગયા. થોડા સમય પછી પાછો કોલાહલ સંભળાતાં, અસવારે પાછળ જોયું તો ટ્રોલ અને તેના સાથીઓ ઝડપથી તેઓના તરફ આવી રહ્યા હતા. અસવારે પોતાની પાસેનો પથ્થર ટ્રોલ તરફ ફેંક્યો અને માર્ગમાં મોટો પહાડ ઊભો થઈ ગયો. પર્વતમાંથી રસ્તો કરી, ટ્રોલ અને તેના સાથીદારો પાછળ આવી લાગતાં, યુવાને તેઓ તરફ પાણીની શીશી નાખતાં, રસ્તામાં મોટું સરોવર થઈ ગયું. ટ્રોલ અને તેના મિત્રોએ, સરોવરનું પાણી પી જઈ, તેને ખાલી કરવા પ્રયત્ન કરતાં, તે સર્વનાં પેટ ફાટી ગયાં અને યુવાન અશ્વ સાથે સુખેથી આગળ વધ્યો.

"શૃંગભુજ અને રૂપશિખા"ની વાર્તા અને ઉપર્યુક્ત "વિદ્યાપુત્ર"ની

વાર્તાના જાદુઈ અન્તરાયોમાં, અન્તરાયો ઊભા કરનાર નાયકોના વ્યક્તિત્વમાં તફાવત છે. પહેલી વાર્તામાં અન્તરાયો ઊભા કરનાર અગ્નિશિખ દુષ્ટ પાત્ર છે, જ્યારે વિદ્યાધરપુત્ર એ તેની પાછળ પડેલાં દુરિત તત્ત્વોથી બચવા અન્તરાયોનો ઉપયોગ કરનાર સાત્ત્વિક પાત્ર છે.

પ્રો. પેન્ઝરે, આ સિવાયની, 'ફતા મોર્ગાના' (Fata Morgana)[187] અને 'પક્ષીઓનું યુદ્ધ' (The Battle of Birds),[188] એ બે વાર્તાઓ આ ધારકતત્ત્વના દૃષ્ટાન્ત તરીકે આપી છે. આ બન્ને વાર્તાઓ ઉપર્યુક્ત વાર્તાઓને ઘણે અંશે મળતી છે. 'ફતા મોર્ગાના'માં એક રાજકુંવર એક ઊંઘતી જાદુગરણના પરસેવાથી ભરેલી શીશી લઈ જતો હતો તેવામાં, ઊંઘતી જાદુગરણનું ચુંબન કરવાનું અવળચંડું કૃત્ય કરવા જતાં, બે સિંહ તેની પાછળ પડ્યા. રાજકુંવરે પાછા ફરી સિંહોના માર્ગમાં ત્રણ જામફળ નાખ્યાં. પહેલા જામફળ વડે લોહીની નદી ઉત્પન્ન થઈ, બીજા વડે કાંટાળો પહાડ પેદા થયો અને ત્રીજા વડે જ્વાળામુખી ઉત્પન્ન થયો. રાજકુંવરે આ ત્રણ જામફળ ફેંકવાનું કાર્ય (કે જેના વડે ત્રણ અવરોધક બળ પેદા થયાં) તેના ઘોડાના કહેવાથી કર્યું હતું. આ ઘોડો જાદુ વડે સ્વરૂપાન્તર કરાયેલો ફતા મોર્ગાનાનો ભાઈ હતો.

'પક્ષીઓનું યુદ્ધ' એ વાર્તામાં, એક રાજકુંવર એક રાક્ષસની સૌથી નાની પુત્રીને પરણવા ઇચ્છતો હતો. રાક્ષસે તેને ત્રણ આદેશોનું પાલન કરવા કહ્યું: ૧. તબેલો સાફ કરવો; ૨. પીંછાંથી તેનું છાપરું બનાવવું; ૩. પાંચ હજાર ફીટ કરતાંયે વધુ ઊંચા વૃક્ષ

૧૮૭. Tawney and Penzer, Op. cit., Vol. III, p. 236

૧૮૮. Ibid, p. 237, the story of 'The Battle of Birds'.

પર બાંધેલા મેંગ્ની (એક જાતનું પક્ષી)ના માળામાંથી ઈંડાં લાવવાં. રાજકુંવરે આ ત્રણેય આદેશ, રાક્ષસની સૌથી નાની પુત્રીની મદદથી જ સિદ્ધ કર્યા. આદેશના પાલન માટે રાજપુત્ર ઝાડ પરથી મેંગ્નીનાં ઈંડાં લાવવા ગયો ત્યારે રાક્ષસપુત્રીએ પોતાના હાથની આંગળીઓનો દાદર બનાવી, તેના વડે રાજકુંવરને ઝાડ પર ચઢાવ્યો હતો. પણ આમ કરવા જતાં, તેના હાથની નાની આંગળી ભાંગી ગઈ હતી. રાક્ષસે તેની ત્રણેય એકસરખા રૂપવાળી પુત્રીઓને સાથે ઊભી રાખી, તેમાંથી એકને પત્ની તરીકે પસંદ કરવા રાજકુંવરને કહ્યું. રાજકુંવરે સૌથી નાની પુત્રીને તેની ભાંગેલી આંગળી વડે ઓળખી કાઢી અને તેને પરણ્યો. પરણ્યા પછી રાક્ષસપુત્રીએ રાજકુંવરને કહ્યું, આપણે આજે રાત્રે નાસી જવું જોઈએ, નહિ તો મારો પિતા આપણને મારી નાખશે. રાજકુંવર નાસી જવા સંમત થયો. નાસી જતા પહેલાં રાક્ષસપુત્રીએ એક સક્કરજન કાપી તેના નવ ભાગ કર્યા અને પથારીના જુદા જુદા ભાગ પર મૂક્યા. પછી તેઓ તબેલામાંથી ઘોડો લઈ નાસી છૂટ્યાં. રાત્રે રાક્ષસે તેઓને ઘણા વાર પૂછ્યું, તમે ઊંઘો છો? પેલા સક્કરજનના ટુકડા ઉત્તર આપતા, ના. કંટાળીને રાક્ષસ તબેલામાં ગયો તો પથારી ખાલી જોઈ. તે પતિપત્નીને પકડવા દોડ્યો. પ્રભાત થતાં, રાક્ષસપુત્રીને જણાયું કે, તેનો પિતા પાછળ આવી રહ્યો છે. આથી તેણે રાજકુંવરને કહ્યું, ઘોડાના કાનમાં હાથ ઘાલો અને જે હાથમાં આવે તે મારા પિતાના માર્ગમાં નાખો. પહેલી વાર હાથ નાખતાં એક કાળું ફળ હાથ આવતાં તે ફેંક્યું અને તેમાંથી રસ્તામાં વીસ માઈલ લાંબું જંગલ થઈ ગયું. જંગલ પાર કરીને રાક્ષસ આવતો જણાતાં, ઘોડાના કાનમાંથી હાથ લાગેલો એક કાબરચીતરો પથ્થર, રાજકુંવરે રાક્ષસ તરફ ફેંક્યો અને તેથી માર્ગમાં વીસ માઈલ લાંબો ખડક ઉત્પન્ન થયો. ખડક વટાવીને રાક્ષસ આવ્યો ત્યારે તેના તરફ પાણીની

મશક નાખવામાં આવતાં, વીસ માઈલ પહોળું મોટું સરોવર પેદા થયું. આ સરોવરમાં રાક્ષસ ડૂબી મર્યો.

'શૃંગભુજ અને રૂપશિખા', 'વિધવાપુત્ર', 'ફતામોર્ગાના', 'પક્ષીઓનું યુદ્ધ'— આ વાર્તાઓમાં આવતાં જાદુઈ અવરોધક બળોમાં ઠીક ઠીક સામ્ય મળે છે, પણ તેનો અર્થ એ નથી કે અવરોધક બળોનું ઘટકતત્ત્વ કોઈ એક દેશની એક જ પ્રજામાં તે ઉત્પન્ન થઈને પછી બીજા દેશોમાં ફેલાયું હોય. આ અન્તરાય કરનારાં બળોની કલ્પના, દુનિયાની સર્વ પ્રજાઓના માનસમાં મૌલિક રીતે સ્ફુરી હોય એ શક્ય છે. આકસ્મિક રીતે, એક દેશની વાર્તામાં મળતા જાદુઈ અન્તરાયના અંશ બીજા દેશની વાર્તામાં પણ મળે છે.

ઓ. પેન્ઝરે આ ઘટકતત્ત્વનાં ઉદાહરણરૂપે, 'સ્વેન્ડનાં પરાક્રમો'[199] (Swend's Exploits) અને 'સુંદર કાર્ડિયા'[200] (Beautiful Gardia)ની વાર્તાઓ આપી છે. 'સ્વેન્ડનાં પરાક્રમો'માં, રાજાએ સ્વેન્ડને કહ્યું, 'તું આ સાત પાય ઘઉં અને સાત પાય રાઈ એક ઢગલામાં એકઠાં થઈ ગયાં છે તેને છૂટાં પાડી આપીશ તો તને મારી પુત્રી પરણાવીશ.' સ્વેન્ડે એક વખત કીડીઓ માટે રોટલીના ટૂકડા નાખ્યા હતા તે ઉપકારથી પ્રેરાઈને કીડીઓએ સ્વેન્ડને ઘઉં અને રાઈ જુદાં પાડી આપ્યાં; અને સ્વેન્ડ રાજકુંવરીને પરણ્યો.

'સુંદર કાર્ડિયા'ની વાર્તામાં, રાજા નાયકને કેટલાંક કાર્યો પૂરાં કરવાનો આદેશ આપે છે; જો તે કાર્ય પૂરાં કરે તો તેને સુંદર કાર્ડિયા પરણાવવામાં આવશે, એમ રાજાએ કહ્યું. પ્રથમ, તેને બીન નામના ધાન્યનો એક

199. Tawney and Penzer, Op. cit., Vol. III, p. 226, foot-note No 2

200. Ibid, Vol. II, pp. 151-152

મોટા ભંડાર ખાઈ જવા કહેવામાં આવ્યું. રાજકુંવરે, પોતાના સાળા, કાગડાઓના રાજાની સહાયથી તે કાર્ય પૂરું કર્યું. સેંકડો મૃતદેહોનો નિકાલ કરવા માટેનો આદેશ, તેણે તેના બીજા સાળા, જંગલી પશુઓના રાજાની મદદથી સિદ્ધ કર્યો. તેના ત્રીજા સાળા, પક્ષીઓના રાજાની સહાયથી, તેણે પક્ષીઓનાં પીછાં વડે અનેક ગાદલાં ભરવાનું કાર્ય પૂરું કર્યું. આ રીતે, સર્વ કાર્ય કાર્યદક્ષતાથી પૂરાં કરવાથી, રાજાએ રાજકુંવરને સુંદર કાઠિયા પર ગણ્યો.

'કથાસરિત્સાગર' (ટૉનીનું અંગ્રેજી ભાષાંતર [વૉ. ૨, પૃ. ૧૩૧])માં, આ દારકતત્ત્વને મૂર્ત કરતી, પૂર્વ અફઘાનિસ્તાનની એક વાર્તા આપેલી છે તેનો સારાંશ આ પ્રમાણે છે:

એક રાજાને પુત્ર અને પુત્રી હતાં તેમાં પુત્રી માનવભક્ષી હતી. ભાઈ બહેનથી ભય પામી, ત્યાંથી નાસી બીજા દેશમાં જઈ રહેવા લાગ્યો; ત્યાં તેણે બે કૂતરા રાખ્યા હતા. ઘણા સમય પછી તે પિતાના દેશમાં આવતાં સઘળું નિર્જન દેખાયું, કારણ કે માનવભક્ષી રાજકુંવરીએ ત્યાંના સર્વ માનવીઓનો નાશ કર્યો હતો. રાજકુંવરને જોતાં, તે તેને ખાઈ જવા તૈયારી કરવા લાગી. રાજકુંવરે કહ્યું, તું મને ભલે ખાઈ જજે, પણ તે પહેલાં એક સૂપડું લઈ નદીમાંથી પાણી લઈ આવ અને સાથે તારા દાંત ઘસી ધાર પણ કાઢતી આવ. રાજકુંવરીએ રાજકુંવરને કહ્યું કે, હું નદીએ જઈ આવું ત્યાં સુધી આ ઢોલ વગાડ્યા કર. રાજકુંવરે તેમ કરવા હા પાડી. ચતુર રાજકુંવરે ઢોલ પર એક ઉંદરડો મૂક્યો, કે જે ઢોલ પર આમતેમ ફરતાં ઢોલ આપમેળે જ વાગ્યા કરે. તે દરમ્યાન રાજકુંવર ત્યાંથી ભાગી છૂટ્યો. રાજકુંવરીએ પાછા આવી જોતાં, તેનો ભાઈ નાસી ગયેલો જણાયો. તે તેની પાછળ પડી. જ્યારે તે નજીક આવી પહોંચી ત્યારે રાજકુંવરે તેના માર્ગમાં એક સોય નાખતાં ત્યાં એક મોટો પહાડ પેદા થયો. પહાડ ચઢીને ફરી આવતી જણાતાં,

કુંવરે તેના તરફ મોઢું ફેરવતાં, ફરી એક પહાડ ઉત્પન્ન થયો. પછી પણ તે પાછળ પડેલી જણાતાં, તેણે તેના તરફ સાબુ નાખ્યો, જેનાથી ત્રીજો પર્વત ઉત્પન્ન થયો. તે પર્વતને પાર કરી, ફરી તે કુંવરની ઘણી નજીક આવી પહોંચતાં, કુંવર ઝાડ પર ચઢ્યો. કુંવરી તેને ખાવાની અણી પર હતી તેવામાં કુંવરના પાળેલા બે કૂતરા ત્યાં આવી પહોંચ્યા. રાજકુંવરે તેમને આજ્ઞા કરી કે, લોહીનું એક પણ ટીપું નીચે ન પડે એ રીતે તેને ખાઈ જાઓ. કૂતરા માનવભક્ષી કુંવરીને ખાઈ ગયા.

મુનિરત્નસૂરિ-વિરચિત 'અંબડચરિત્ર'માં ગોરખયોગિની વીર વિદ્યાધર અંબડને સાત આદેશોનું પાલન કરવા કહે છે; અને તેમ કરતાં તે સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકશે, એમ યોગિનીએ તેને કહ્યું. અંબડ આદેશપાલન માટે તત્પર થતાં, યોગિનીએ તેને પ્રથમ આદેશ આપ્યો કે, પૂર્વ દિશામાં ગુણવર્દ્ધનવાટિકામાં અનેક વૃક્ષો છે તે પૈકીના શતશર્કર વૃક્ષનું ફળ તું લઈ આવ. અનેક મુશ્કેલીઓનો સામનો કરી, અંબડ શતશર્કર વૃક્ષનું ફળ લઈ આવ્યો. ત્યાર પછી ગોરખયોગિનીએ, બીજા આદેશ દ્વારા હરિબન્ધ દ્વીપમાંના કમલકાંચન યોગીની અંધારી લાવવા, ત્રીજામાં સિંહલદ્વીપના રાજા સોમચન્દ્રની પુત્રી ચન્દ્રયશાની અદ્ભુત રત્નમાલા લાવવા, ચોથામાં નવલક્ષદ્વીપના બોહિત્થ નામના વાણિયાને ત્યાંથી નવલક્ષી નામની વાંદરી પકડી આણવા, પાંચમામાં સૌરાષ્ટ્રના રાજાના પ્રધાનને ત્યાંનો રવિચન્દ્ર નામનો મહાદીપ લાવવા, છઠ્ઠામાં કૂર્મક્રોડિક નગરના રાજપુરોહિત સોમેશ્વરને ત્યાંથી સર્વદિશિકરદંડ લાવવા અને સાતમામાં સોપારાના રાજા ચંડેશ્વરના માથાનો પરછેદક લઈ આવવા, એમ સાત આદેશ આપ્યા. પોતાની સિદ્ધ-વિદ્યાઓના બળથી વીર અંબડે અનેક અન્તરાય (આ સાત આદેશ પણ અંબડના માર્ગમાંના અન્તરાય જ હતા.) પાર કરી, સાત આદેશોનું પાલન કર્યું અને ગોરખયોગિની પાસેથી અપૂર્વ સમૃદ્ધિ પામ્યો.

'વેતાલપચીસી'માં વિક્રમ ઝાડ પર લટકાવેલો વેતાલયુક્ત મૃતદેહ લેવા જાય છે ત્યારે વેતાલ તેના કાર્યમાં અડચણો ઊભી કરવા વિક્રમ સમક્ષ શરત મૂકે છે કે, જો તું રસ્તામાં બોલીશ તો હું પાછો ઝાડ પર ચાલ્યો જઈશ. પણ આવી શરત મૂકનાર વેતાલ પોતે વિક્રમને કોઈ ને કોઈ વાર્તા કહી, વાર્તામાં એવી કૂટ સમસ્યા મૂકે છે કે વિક્રમનાથી બોલ્યા વિના રહી શકાતું નથી, અને વેતાલ પાછો ઝાડ પર ચાલ્યો જાય છે. આવી રીતે ચોવીસ વાર આવા આંટા ચાલી, પચીસમી વાર વિક્રમ વેતાલે ઊભી કરેલી સમસ્યા પર વિજય મેળવે છે અને છેવટે વેતાલ તેને સિદ્ધિ પામવાનો માર્ગ દર્શાવે છે. સિદ્ધિ પામવાની મથામણ કરતા વિક્રમના માર્ગમાં 'વેતાલપચીસી'ની વાર્તાઓ અન્તરાયોના પ્રતીકરૂપે આવે છે, પણ એ અન્તરાયોમાંથી પાર ઊતરતાં, રાજા સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

'સિંહાસનબત્રીસી'માં પણ રાજા ભોજ જ્યાં સુધી વિક્રમ જેવાં પરાક્રમ અને પરોપકારનાં કાર્ય ન કરે ત્યાં સુધી તે સિંહાસન પર બેસી શકશે નહિ, એમ કહી બત્રીસ પૂતળીઓ એક પછી એક ભોજને સિંહાસન પર બેસતો અટકાવે છે. સિંહાસન એ રાજપદ ચક્રવર્તીપદનું પ્રતીક ગણીએ તો ચક્રવર્તીપદ પામવા માટે જાદુઈ પૂતળીઓ ભોજ સમક્ષ બત્રીસ કાર્યો (આદેશ) ફરમાવે છે; જોકે વાર્તાઓમાં પૂતળીઓ ફરમાનરૂપે બોલતી નથી, પણ ખરેખર તો રાજા ભોજ સમક્ષ ચક્રવર્તીપદ પ્રાપ્ત કરતા પહેલાં પૂરાં કરવાનાં બત્રીસ કાર્ય (tasks) છે. આ કાર્યો ભોજ પૂરાં ન કરે ત્યાં સુધી તે સિંહાસન પર બેસી શકતો નથી.

પ્રો. સ્ટીથ ટૉમસને 'Motif-Index of Folk-Literature'માં સમાવેલી 'જાદુઈ અન્તરાયો'ના ઘટકતત્ત્વની સંદર્ભસૂચિ પરિશિષ્ટ ૨-Bમાં આપી છે, તે જોવાથી દુનિયાના વિવિધ દેશોના લોક-સાહિત્યમાં વ્યાપક રીતે પ્રાપ્ત થતા આ ઘટકતત્ત્વનો ખ્યાલ આવે છે.

આમ, 'અદુઈ અન્નરાશી'ના ઘટકતત્ત્વના સ્વરૂપ પર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે, આ ઘટકતત્ત્વ ભારત, અફઘાનિસ્તાન, નોર્વે, ડેન્માર્ક, ઇજિપ્ત આદિ દેશોની વાર્તાઓમાં મળે છે. આ ઘટકતત્ત્વની ઉત્પત્તિ માનવસ્વભાવ-સહજ છે, અને દુનિયાની અનેક પ્રજાની વાર્તાઓમાં તે પ્રાપ્ત થાય છે.

## ૩. લિંગપરિવર્તન (Change of Sex)

'પંચદંડ'ની પ્રાચીન સંસ્કૃત પરંપરામાં, 'પ્રધાનની પુત્રવધૂ'ની વાર્તામાં, સિદ્ધગુટિકા મોઢામાં રાખવાથી, પ્રધાનની પુત્રવધૂ પુરુષ બની ગઈ અને પછી પોતાની પાસેથી રત્નો લઈ ભાગી ગયેલાં સ્વાર્થી કુટુંબીઓ વિના રહેવા લાગી, એ પ્રસંગ મળે છે. આ જ વાર્તાના ઉત્તરાર્ધમાં, વિક્રમ જ્યારે માયાવી ઉદ્યાન તૈયાર કરવા પોતે શક્તિમાન છે, એમ કહેવા પૈઠણના રાજા પાસે જાય છે ત્યારે અગિયા વેતાલે આપેલી ગુટિકાના પ્રભાવથી તે પોતાનું રૂપ કુરૂપ કરીને જાય છે.

આ ઘટકતત્ત્વનાં મૂળ શોધવાં અઘરાં છે. લિંગપરિવર્તનનાં દૃષ્ટાન્તો વાર્તાસાહિત્યમાં ઘણાં મળે છે, પણ તે વ્યાપક સ્વરૂપમાં સાહિત્યમાં કેમ મળે છે, તે જાણવું દુષ્કર છે. ઘટકતત્ત્વોના ઘડતરમાં લોકમાન્યતાઓ, આદિમાનવ સંસ્કૃતિનાં તત્કાલીન ધર્મ, સમાજ, પ્રાકૃત માનસ આદિ દ્વારા, પુરાણકલ્પનની પ્રક્રિયા-(Myth-making)ની અસરથી આ ઘટકતત્ત્વના વિકાસને વેગ મળ્યો હશે.

છેલ્લાં થોડાં વર્ષથી, વર્તમાનપત્રોમાં સમાચાર આવતા જાય છે કે, અમુક પુરુષે પોતામાં થયેલા સ્ત્રીત્વના વિકાસને વશ થઈ, પોતાના દેહ પર શસ્ત્રક્રિયા (operation) સ્ત્રીત્વ પ્રાપ્ત કર્યું; જ્યારે તેથી ઊલટી દિશામાં, સ્ત્રીઓએ શસ્ત્રક્રિયા દ્વારા પુરુષત્વ ધારણ કર્યાની વાતો પણ મળે છે. વ્યવહારમાં ક્વચિત્ લિંગપરિવર્તન થતું સાંભળવામાં આવે છે.

ઈસ્વી સનની પહેલી સદીમાં થઈ ગયેલા ગ્રીક ઇતિહાસકાર પ્લિનીએ 'Natural History' પુસ્તકમાં, એક છોકરીમાંથી છોકરો અને સ્ત્રીમાંથી પુરુષ થઈ ગયેલી વ્યક્તિઓનાં ઉદાહરણ આપી કહ્યું છે કે,[૨૦૧] આ કંઈ કલ્પના નથી, પણ સત્ય ઘટનાઓ છે. પ્લિનીના મન્તવ્યો પર વિવેચન કરતાં બોર-ટોક નામના વિદ્વાને, સોળમી સદીમાં થઈ ગયેલા ફ્રેન્ચ સર્જન એમ્બ્રોસ પૅરેનાં લિંગપરિવર્તન-વિષયક અનુભવોની નોંધ કરી છે.

લિંગપરિવર્તન અંગે નોંધ લખતાં પ્રો. પેન્ઝરે કહ્યું છે કે,[૨૦૨] કેટલાક દેવોમાં સ્ત્રી અને પુરુષ બન્ને જાતિ અસ્તિત્વ ધરાવતી હોય છે, એવી લોકમાન્યતા ઘણા પ્રાચીન સમયથી બેબિલોનિયા અને એસિરિયામાં પ્રવર્તતી હતી. આપણે ત્યાં, શિવનું અર્ધનારીશ્વર સ્વરૂપ આ માન્યતાનું પ્રતીક છે કે કેમ એ સંશોધનક્ષમ મુદ્દો છે.

કેટલીક વખતે આવી પડેલી આફતોમાંથી બચવા, પુરુષ સ્ત્રીનો વેશ લઈ અથવા સ્ત્રી પુરુષનો વેશ લઈ નાસી છૂટે છે. કેટલીક વખત સ્ત્રી અથવા પુરુષ પોતે બીજી જાતિ (sex)નાં છે તે બતાવવાનો ઢોંગ કરે છે; અને તે જાણે ખરી હકીકત હોય તેમ સમાજમાં પ્રચલિત થાય છે. આમ, કંઈક વાસ્તવિક ભૂમિકા પર, આદિમાનવના પ્રાકૃત

૨૦૧. Tawney and Penzer, Op. cit., Vol. VII, pp. 231-32

૨૦૨. Ibid., pp. 231-32

માનસની કેટલીક ધાર્મિક અને સામાજિક માન્યતાઓ પર આ લિંગ-પરિવર્તનનું દારકતત્ત્વ ઉત્પન્ન થઈ વિકાસ પામ્યું હશે.

લિંગપરિવર્તનનું પ્રાચીન અને વિખ્યાત ઉદાહરણ દ્રુપદપુત્ર શિખંડી છે. મહાભારતમાં, ભીષ્મ પર વેર લેવા દ્રુપદ શિવની આરાધના કરે છે. શિવે તેને વરદાન આપ્યું કે, તેને એક બાળક થશે અને તે સ્ત્રી અને પુરુષ બન્ને જાતિનું હશે. બાળકનો જન્મ થતાં, દ્રુપદે લોકોમાં જાણ કરી કે, તેને ત્યાં પુત્ર જન્મ્યો છે. વયમાં આવતાં દ્રુપદપુત્ર શિખંડીને એક સુંદર કુંવરી સાથે પરણાવવામાં આવ્યો. પરણેલી કુંવરીએ જોયું કે, તેનો પતિ એ પુરુષ નથી પણ સ્ત્રી છે. એ વાત તેણે તેના પિતાને કહી. આથી ક્રોધે ભરાઈ કુંવરીનો પિતા દ્રુપદ અને શિખંડીને મારી નાખવાના ઇરાદાથી સૈન્ય લઈ ચઢી આવ્યો. શિખંડી જંગલમાં નાસી ગયો અને ત્યાં આત્મહત્યા કરવા વિચાર કરવા લાગ્યો. એવામાં એક યક્ષે તેને જોયો અને તેનો વૃત્તાન્ત સાંભળી તેને દયા આવતાં, શિખંડીના સસરાનો ભય ઊભો હોય ત્યાં સુધી તેણે પોતાનું પુરુષત્વ શિખંડીને આપ્યું અને શિખંડીનું સ્ત્રીત્વ પોતે લીધું. ભય દૂર થતાં જ દરેકે પોતાની મૂળ જાતિ બદલી લેવી, એમ નક્કી કર્યું. શિખંડી રાજધાનીમાં પાછો ગયો; અને તેના સસરાને તેના પુરુષત્વની ખાત્રી કરાવી. તે દરમિયાન યક્ષોના રાજા કુબેરને ખબર પડી કે, આ યક્ષે જાતિની અદલાબદલી કરી છે; આથી કુબેરે તેને શાપ આપ્યો કે, હવે તારે હમેશાં સ્ત્રી તરીકે રહેવું. પુરુષત્વ પાછું આપી અને સ્ત્રીત્વ લેવા ગયેલા શિખંડીને યક્ષે પોતાની કરુણ કથની કહી અને તેને જીવન પર્યંત પુરુષત્વ ભોગવવા આશીર્વાદ આપ્યા.[૨૦૩]

પ્રો. નૉર્મન બ્રાઉને લિંગપરિવર્તનની માન્યતાને સાકાર કરનાર કેટલાંક બળ ગણાવ્યાં છે. તેમાંનું એક તે જાદુઈ સરોવર કે ઝરણું

૨૦૩. Brown, W. Norman, "Change of sex as a Hindu Story Motif," published in the "Journal of the American Oriental Society," Vol. 47, March, 1927, pp. 2-24.

આવાં સરોવર અને ઝરણાંમાં નહાવાથી લિંગપરિવર્તન થાય છે, એવી લૌકિક માન્યતા 'બૌધાયન શ્રૌત સૂત્ર' જેટલી પુરાણી છે, આજે પણ ભારતમાં પ્રચલિત છે. કોઈ દેવના આશીર્વાદ કે શાપથી પણ આ ફેરફાર થાય છે, એમ મૌખિક અને સાહિત્યિક સામગ્રી પરથી જણાય છે. યક્ષ, નાગ, વિદ્યાધર, રાક્ષસ આદિ પ્રજાઓમાં આવાં રૂપાન્તર કરવાની શક્તિ હતી, એમ શિખંડીનું ઉદાહરણ દર્શાવે છે. 'પંચદંડછત્ર'માં પ્રધાનની નાની પુત્રવધૂ અને 'કથાસરિત્સાગર'માંના મૂલદેવની માફક મુખમાં ગુટિકા રાખવાથી જાતિ બદલાઈ જતી. એક વખત ગુટિકા મુખમાં મૂકો એટલે સ્ત્રીનો પુરુષ કે પુરુષની સ્ત્રી થતી અને ગુટિકા મુખમાંથી બહાર કાઢો કે અસલ સ્વરૂપ આવી જતું. આ પરિવર્તનથી, આફતમાંથી [illegible] બચાવ થાય કે અન્ય [illegible] સુખ મળે એવા પ્રસંગે આશીર્વાદથી સ્વરૂપાન્તર થયાના દાખલા મળે છે. પણ વેર, દુષ્ટ બુદ્ધિ, ઇર્ષ્યા આદિ ભાવથી માનવીને હેરાન કરવાના આશયથી આવાં પરિવર્તન શાપરૂપે પણ મળે છે. કેટલીક વખત વ્યક્તિની ઇચ્છા હોય કે ન હોય પણ આકસ્મિક રીતે જાતિપરિવર્તન થઈ જાય છે; જ્યારે મહાભારતના શિખંડી અથવા 'પંચદંડ'ની નાની પુત્રવધૂની જેમ, યક્ષની મદદથી પોતાની ઇચ્છા પ્રમાણે કે સિદ્ધગુટિકા વડે ઐચ્છિક રીતે લિંગપરિવર્તન થયાના સાહિત્યિક ઉલ્લેખ મળે છે. પ્રો. નોર્મન બ્રાઉન લિંગપરિવર્તનની પાછળ રહેલા હેતુને આ પ્રમાણે સમજાવે છે:[૨૦૪]

જે હેતુઓ માટે આ ઘટકતત્ત્વ યોજવામાં આવે છે તે આ પ્રમાણે છે: પિતૃપ્રેમ કરતાં માતૃપ્રેમ વધારે બળવત્તર છે તે દર્શાવવું; પુરુષો કરતાં સ્ત્રીઓ સંભોગ દ્વારા વધુ સુખ પ્રાપ્ત કરે છે તેનું નિરૂપણ કરવું; જો સ્ત્રી પુરુષ બની હોય, પણ એવી રીતે પુરુષત્વ પ્રાપ્ત કરેલ પુરુષને સ્ત્રી જ ગણતા અજેય ભીષ્મ સમક્ષ એવો લિંગપરિવર્તિત યોદ્ધો

૨૦૪. Brown, W. Norman, Op. cit., p.6

ઊભો કરવો; છોકરી એ છોકરો છે, એવો ડોળનું આલેખન કરવું; પ્રીતમ પ્રેયસીને પ્રાપ્ત કરવા આ કથાઘટકનો આશરો લે; જિંદગીની સલામતી માટે વેશપરિવર્તન કરવું; કોઈ વખત વાર્તાના અલંકાર તરીકે આ ઘટકતત્ત્વનું આવવું; કોઈ પ્રસંગો, માનવી પર ઊતરેલા દેવી કોપરૂપે પણ તે મળવું; આ સિવાયના પણ આ કથાઘટકના ચાલક બળ તરીકે કેટલાક ગૌણ આશયો છે.

લિંગપરિવર્તન-વિષયક કેટલાંક દૃષ્ટાન્તથી ઉપર્યુક્ત હેતુઓ સ્પષ્ટ થતા જણાશે. પ્રો. બ્રાઉન જણાવે છે કે, ભારતીય સાહિત્યમાં, મંત્રપૂત પાણીમાં નહાવાથી, આકસ્મિક રીતે પુરુષમાંથી સ્ત્રીમાં રૂપાન્તર થવાનો દાખલો, 'बौधायन-श्रौतसूत्र'માં રાજા ઋતુપર્ણની આખ્યાયિકામાં મળે છે. પૂર્વે, શફાલના ભંગાશ્વિન રાજાના પુત્ર ઋતુપર્ણે અગ્નિષ્ટુત નામનો યજ્ઞ કર્યો અને તિરસ્કારના કારણે તેમાંથી ઇન્દ્રનો બહિષ્કાર કરવામાં આવ્યો. એક દિવસ ઋતુપર્ણ શિકારે ગયો; ગરમીથી પરસેવો થવાથી તે રેબઝેબ થઈ ગયો* અને એક સરોવરમાં ન્હાવા પડ્યો. ઇન્દ્રને તેના યજ્ઞમાં આમન્ત્રણ મળ્યું ન હોવાના કારણે, વૈરભાવથી તેણે ઋતુપર્ણને, પાણીમાં નહાવા પડતાંની સાથે સ્ત્રી બનાવી દીધી. તે સ્ત્રીસ્વરૂપમાં સુદેવલા નામ ધારણ કરી રાજ્ય ચલાવવા લાગ્યો અને તેને સન્તાન પણ પ્રાપ્ત થયાં. ઋતુપર્ણના સ્વરૂપે પણ તેને કેટલાક પુત્ર હતા. ઇન્દ્રે વેરવૃત્તિની પરાકાષ્ઠા આણી અને ઋતુપર્ણ અને સુદેવલાના પુત્રોને અંદરોઅંદર લડાવ્યા; બન્ને પક્ષના પુત્રો લડી મરણ પામ્યા. ત્યાર પછી ઇન્દ્રે રડતી સુદેવલાને પૂછ્યું, આ સર્વનાશ તમને ગમ્યો? સુદેવલાએ કહ્યું, એ કોને ગમે? ઇન્દ્રે કહ્યું, મને યજ્ઞના આમન્ત્રણમાંથી બાકાત રાખ્યો તેનું આ પરિણામ છે. આ બે પક્ષ પૈકીના કયા પુત્રોને તમે જીવતા કરવા

~~ઇચ્છો છો? સુદેવલાએ ઉત્તર આપ્યો, સ્ત્રી તરીકે મને જે પુત્રો~~

ઉત્પન્ન થયા છે તેમને જીવતા કરો. આથી વાર્તાનો અન્ત એમ નિષ્પન્ન થયું કે, પિતૃપ્રેમ કરતાં માતૃપ્રેમ વધુ બલવત્તર છે.

આ જ વાર્તાનું રૂપાન્તર મહાભારતના અનુશાસન પર્વમાં મળે છે. યુધિષ્ઠિરે ભીષ્મને પૂછ્યું કે, કામક્રીડા સમયે કોને વધારે સુખ મળે છે સ્ત્રી કે પુરુષને? આના ઉત્તરમાં ભીષ્મે તેમને ભંગાસ્વનની આખ્યાયિકા કહી. જેને સો પુત્રો હતા એવા ભંગાસ્વન રાજાએ અગ્નિષ્ટુત નામનો યજ્ઞ કર્યો તેમાં ઇન્દ્રને આમંત્રણ ન આપ્યું. એક દિવસ શિકારે ગયેલો ભંગાસ્વન સરોવરમાં ન્હાવા પડ્યો ત્યારે ઇન્દ્રે તેને સ્ત્રી બનાવી દીધો. ભંગાસ્વન સો પુત્રોને રાજ્ય સોંપી, જંગલમાં આવી એક ઋષિની પત્ની તરીકે રહેવા લાગ્યો. ઋષિથી તેને સો પુત્ર થયા. ઇન્દ્રે ઋષિપુત્રો અને ભંગાસ્વનના રાજ્ય ચલાવતા પુત્રો વચ્ચે કજિયા પેદા કર્યા, બન્ને પક્ષના પુત્રો લડી નાશ પામ્યા. ઇન્દ્રે ઋષિપત્ની (પૂર્વસ્વરૂપનો ~~રાજા~~ ભંગાસ્વન કે જે આ બન્ને પક્ષના પુત્રો પૈકી એક પક્ષનો પિતા હતો અને બીજા પક્ષની માતા હતી.) ને કહ્યું કે, હું આ બે પક્ષમાંથી એક પક્ષના પુત્રોને સંજીવન કરીશ; બોલો, કયા પક્ષના પુત્રોને સંજીવન કરું? ઋષિપત્નીએ કહ્યું, સ્ત્રી તરીકે મને જે પુત્રો થયા છે તેને જીવતા કરો. ઇન્દ્રે તેને પુરુષત્વ પાછું આપવાની તૈયારી બતાવતાં ઋષિપત્નીએ તેની ના પાડી. ઇન્દ્રે એનું કારણ પૂછતાં તેણે કહ્યું, સંભોગસમયે, પુરુષ કરતાં સ્ત્રી તરીકે મને વધુ રતિસુખનો અનુભવ થાય છે, માટે મારે સ્ત્રીજાતિ બદલવી નથી.

'ગુલબકાવલી' (Rose of Bakawali) ની હિંદુસ્તાની પ્રેમ-શૌર્યની કથામાં, મંત્રયુક્ત જળવાળું સરોવર મળે છે, જ્યાં એક પુરુષ સ્ત્રી બની જાય છે. સ્ત્રી પરણે છે અને તેને પુત્ર થાય છે. એક દિવસ ન્હાવા માટે તે બીજા સરોવરમાં જાય છે અને ત્યાં તે હબસી પુરુષ બની જાય છે, એક હબસી સ્ત્રી તેને પોતાના પતિ તરીકે ગણે છે. કંટાળેલા પુરુષે સ્વરૂપાન્તરની ઇચ્છાથી બીજા સરોવરમાં પડતું મૂક્યું, તે તેના મૂળ

સ્વરૂપ સાથે બહાર આવ્યો, અને ત્યારથી તે કોઈ દિવસ અજાણ્યા સરોવરમાં નહિ ન્હાવાની પ્રતિજ્ઞા કરે છે.

ગુજરાતમાં, બહુચરાજી માતાના આશિર્વાદથી સ્ત્રીઓએ પુરુષત્વ પ્રાપ્ત કર્યાની ચમત્કારકથાઓ મળે છે. વ્યંઢળ જાતિના લોક પુરુષત્વ પ્રાપ્ત કરવા, બહુચરાજીના ભક્ત થઈ તેની આરાધના કરે છે. બહુચરાજીના ચમત્કાર વિષેની કથાઓ પૈકીની એક નીચે પ્રમાણે છે:[૨૦૧]

કાલરીના સોલંકી રાજા અને પાટણના ચાવડા રાજાની વચ્ચે મૈત્રી હતી. ત્હેમની રાણીઓ લગભગ એક જ સમયે સગર્ભા થઈ. એ બિના જાણીને, બંને રાજાઓએ નિશ્ચય કર્યો કે, આપણાં કુટુંબોમાં સંપ ચાલુ રહે, એટલા સારું જો બંને રાણીઓને જુદી જુદી જાતિનાં સન્તાન થાય (અર્થાત્ એકને કુંવરી અને બીજીને કુંવર થાય) તો ત્હેમના વિવાહ કરવો. દૈવેચ્છાથી તે બંને રાણીઓને પુત્રી સાંપડી. પરન્તુ (ગમે તે કારણ કે હેતુથી) કાલરીની રાણીને પુત્ર થયો છે, એમ જાહેર કરવામાં આવ્યું. આ પછી, તે કુંવરી પુત્રના વેશમાં જ ઊછરી; અને સમય જતાં, તે બંને કુંવરીનાં પરસ્પર લગ્ન પણ થયાં! સોલંકીની પુત્રી, એક તે હરહંમેશ પુરુષનો વેશ ધારણ કરીને કુંવરરૂપે જ ફરતી; છતાં, જ્યારે પોતાની પત્ની તરીકે ચાવડાની રાજપુત્રી કાલરી આવી, ત્યારે તે બહુ ગભરાઈ ગઈ, અને આત્મઘાતના વિચારથી ઘોડી ઉપર બેસીને વન તરફ ન્હાસી ચાલી. અહિ ચુંવાળનો રણપ્રદેશ અને ચૈત્ર માસનો અસહ્ય તાપ! તેથી ત્હેને ઘણો જ ત્રાસ થવા

૨૦૧. દેસાઈ, રામમોહનરાય જસવંતરાય, 'શ્રી બહુચરાજી માતાનું પ્રાકટ્ય અને સાહિત્યમાં તેનો ઉલ્લેખ', પ્રકાશક: ભગવતીપ્રસાદ અંબાલાલ ભટ્ટજી, મંત્રી: શ્રી દેવી ઉપાસકમંડળ, અમદાવાદ, ઈ.સ. ૧૯૩૭

જ લાગ્યો. એટલામાં એક તળાવડું ત્હેની નજરે પડ્યું. ત્યાં ઘોડીને પાણી પાવા ઊભી રાખી. હવે, આ સઘળો સમય એક કૂતરી એની પાછળ પાછળ ચાલી આવતી હતી; તે પણ તાપથી અકળાયેલી, પાણી જોઈને ત્હેમાં કૂદી પડી, — અને બ્હાર નીકળતાં ત્હેની જાતિ બદલાઈ જઈને તે કૂતરાના રૂપમાં દેખાઈ! આ જોઈને, સોલંકી કુંવરીએ પોતાની ઘોડીને પાણીમાં ન્હાવા ઉતારી, તો ત્હેની યે જાતિ બદલાઈ ગયેલી જણાઈ. આ ઉપરથી, પોતે પણ ઇષ્ટ સ્મરણ કરીને પાણીમાં ઊતરી, સ્નાન કર્યું, અને શ્રી બાલા બહુચરાજીની કૃપાથી તે પણ પુરુષનું રૂપ પામી. " यही तालाब आजकल मानसरोवर नामसे प्रसिद्ध है।"

'કથાપ્રકાશ' અને 'કથારત્નાકર'માં આવા જ પ્રકારની વાર્તાઓ મળે છે. અર્વાચીન ભારતીય લોકસાહિત્યના નમૂના આપતાં ક્રૂક (Crooke) સ્ત્રી પુરુષ થઈ શકી તેનું એક ઉદાહરણ આ પ્રમાણે આપે છે:

એક પવિત્ર રાજપૂતપુત્રીને દિલ્હીના બાદશાહના જનાનખાનામાં મોકલવામાં આવી. ત્યાંથી તે નાસી છૂટી અને એક દેવીના મન્દિરમાં તે સ્ત્રીમાંથી પુરુષ બની ગઈ. દંતકથા પ્રમાણે, તે સ્ત્રી હતી છતાં પુરુષ છે એમ ઠસાવી તેનું લગ્ન કરવામાં આવ્યું હતું. નિરાશ થઈ તે યમુનામાં પડી આપઘાત કરવા જતાં, તેનું સ્ત્રીમાંથી પુરુષમાં રૂપાન્તર થયું.

જૂની ગુજરાતીના 'પંચાખ્યાનવાર્તિક'માં, જાતિપરિવર્તનની એક વાર્તા આ પ્રમાણે મળે છે:-[૨૦૬]

૨૦૬. Crooke, 'Religion and Folklore of Northern India', p. 279, as quoted by Prof. W. Norman Brown in the Journal of the American Oriental Society, Vol. 47, p. 11.

એક સ્ત્રી હતી છતાં તેને પુરુષ ઠરાવી બીજી સ્ત્રી સાથે પરણાવવામાં આવી. પરણવાના પ્રથમ દિવસે, પતિ મોં ફેરવી સૂઈ ગયો. આથી પત્નીએ ભેદ શોધી કાઢી તેનાં માતાપિતાને કહ્યું અને માબાપે રાજાને ફરિયાદ કરી. રાજાએ પતિને રાજમહેલમાં બોલાવી, તેલમર્દન કરનાર સમક્ષ તેનું પુરુષત્વ સાબિત કરવા હુકમ કર્યો. નામધારી પતિ મહેલમાં આવ્યો અને તેના અંગે તેલમર્દન કરવાની શરૂઆત થાય તે જ અરસામાં રાજવાડામાં બૂમ પડી કે, ગૌશાળામાં વાઘ પેઠો છે ધાઓ. રાજાનું લશ્કર વાઘ પાછળ દોડ્યું અને તેની સાથે પેલો વરરાજા પણ તેલમર્દન કરાવ્યા વિના વાઘની પાછળ ગયો. વાઘને મારી, વિજયની નિશાની તરીકે તેનું માથું લઈ આવતો હતો ત્યારે રસ્તામાં તેણે દેવીનું એક પવિત્ર ન્હાવાનું સ્થળ જોયું. પાણીના ગુણધર્મ જાણ્યા વિના તે ન્હાવા જતો હતો, પણ પહેલાં તેણે તેની ઘોડી ન્હવડાવી. પાણીમાં ન્હાતાં જ ઘોડી ઘોડો બની ગઈ. આ જોઈ તે નામધારી પતિ પણ પાણીમાં પડતાં, સ્ત્રીમાંથી પુરુષ થઈ ગયો. ઘેર આવી તેણે માતાપિતાને વાત કરી અને મહેલમાં જઈ, અંગે તેલમર્દન કરાવી સ્નાન કર્યું. તેલમર્દન કરનાર દાસીઓએ અનેક ચેષ્ટાઓ દ્વારા જાણી લીધું કે તે સ્ત્રી નથી, પણ પુરુષ છે.

જેમ મંત્રયુક્ત પાણીની અસરથી પુરુષની સ્ત્રી અને સ્ત્રીનો પુરુષ થાય છે તેમ શાપ અથવા આશીર્વાદથી પણ જાતિપરિવર્તન થયાની વાતો અને આખ્યાયિકાઓ પ્રાપ્ત થાય છે. આવું અતિ પ્રાચીન ઉદાહરણ પુરૂરવાનાં માતાપિતા છે. ઈલા એ મનુની સૌથી મોટી અને વ્હાલી પુત્રી હતી. મિત્ર અને વરુણની કૃપાથી એ સુદ્યુમ્ન પુરુષ બન્યો. એક દિવસ વનની ગાઢ ઝાડીમાં જતાં, શિવની આજ્ઞાથી તે સ્ત્રી બની. ઇક્ષ્વાકુના અશ્વમેધ યજ્ઞથી તે 'કિંપુરુષ' બન્યો, અને તે સ્થિતિમાં તે હાલ રહ્યો

સુદ્યુમ્ન બન્નો નામથી ઓળખાવા લાગ્યો. બુધના મહેલમાં થોડા થોડા સમયના અંતરે તે સ્ત્રી થતો અને પછી પાછો પુરુષ થતો. બુધે તક સાધી, તેને સ્ત્રીસ્વરૂપમાં પરણ્યો અને તેનાથી પુરૂરવાનો જન્મ થયો. સુદ્યુમ્ન તરીકે તેને ત્રણ પુત્રો હતા. આ વાતનાં મૂળ છેક ઋગ્વેદમાં મળે છે અને તેનાં રૂપાન્તર રામાયણ, મહાભારત, કૂર્મ-પુરાણ, લિંગપુરાણ, મત્સ્યપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, બ્રહ્મ-પુરાણ, હરિવંશ, માર્કણ્ડેયપુરાણ, ભાગવતપુરાણ આદિ ભારતીય સાહિત્યમાં મળે છે.

સન્તાલ પરગણાની વાર્તાઓમાં આનું એક રૂપાન્તર મળે છે જે ટૂંકામાં આ પ્રમાણે છે:[209]

બે મરેલી માછલીને એક રાજા પાસે લાવવામાં આવતાં, તે હસવા લાગી. આનું કારણ જાણવા રાજા ઇંતેજાર થતાં, એમ જાણવા મળ્યું કે, રાજાના મહેલમાં જેટલી રાણી હતી તે પૈકીની સૌથી મોટી રાણી સિવાયની સર્વ રાણીઓ પુરુષ થઇ ગઇ હતી. 'શુકસપ્તતિ'માં પણ આવી વાર્તા થોડા ફેરફાર સાથે મળે છે. તેમાં દર્શાવવામાં આવ્યું છે કે, રાણીઓ પૈકીની ઘણી રાણીના વેશમાં પુરુષો હતા. આ વાર્તાની લોકમાન્યતા રજૂ કરતા મૌખિક રૂપાન્તરમાં સ્ત્રીઓનું પુરુષમાં પરિવર્તન થયાનું દર્શાવેલું છે.

આશીર્વાદ કે શાપના પરિણામે જેમ જાતિપરિવર્તન થયાનાં દ્રષ્ટાન્ત મળે છે તેમ યક્ષ જેવા અર્ધ-દેવતાઈ મનુષ્યો સાથે જાતિની અદલાબદલી કરવાથી પણ સ્ત્રી કે પુરુષનું વિરુદ્ધ જાતિમાં રૂપાન્તર થાય છે. મહાભારતના શિખંડીના ઉદાહરણમાં આપણે જોયું કે, શિખંડીને આવી પડેલી આપત્તિમાં સહાય કરવા યક્ષે તેનું સ્ત્રીત્વ

૨૦૯. Bompas and Bodding, 'Folklore of the Santal Parganas' as quoted by Prof. W. Norman Brown, Op. Cit., pp. 13-14.

પોતે લીધું અને પોતાનું પુરુષત્વ શિખંડીને આપ્યું. આ જ રીતે, 'ગુલબકાવલી'માં, એક સ્ત્રી 'દૈવ' (દિવ્ય મનુષ્ય) પાસેથી પુરુષત્વ પ્રાપ્ત કરે છે. 'પંચતંત્ર'ની દક્ષિણ વાચનામાં, એક રાક્ષસે ભય પામી સ્ત્રીને પોતાનું પુરુષત્વ આપ્યું અને પોતે તેનું સ્ત્રીત્વ લીધું, એ વાર્તા આ પ્રમાણે છે:

એક રાજાને ઘણી રાણીઓ હતી, પણ પુત્ર ન હતો. તેની મુખ્ય રાણીએ દસ પુત્રીઓને જન્મ આપ્યો; આથી તે ગુસ્સે થઈ, મુખ્ય રાણીને બરતરફ કરી, બીજી રાણીને મુખ્ય રાણી બનાવવા તૈયાર થયો. મુખ્ય રાણી રાજાના પ્રધાનની પુત્રી હતી. પ્રધાને મુખ્ય રાણીને એક વખત તક આપવા રાજાને વિનંતી કરતાં, રાજાએ હા પાડી. રાણીને પ્રસૂતિનો સમય આવતાં, તેનો પિતા પ્રધાન તેને પોતાને ત્યાં લઈ ગયો. આ સમયે પણ રાણીએ પુત્રીને જન્મ આપ્યો છતાં પ્રધાને રાજાને કહેવડાવ્યું કે, પુત્ર જન્મ્યો છે; પુત્રનો જન્મ ખરાબ ગ્રહોમાં થયો છે, તેથી બાર વર્ષ સુધી પિતા પુત્રનું મુખ જોઈ શકશે નહિ; બાર વર્ષે જ્યારે તેનો રાજ્યાભિષેક થાય ત્યારે તે તેને જોઈ શકશે. નામધારી કુંવર બાર વર્ષનો થતાં, પ્રધાન તેને તેની માતા સાથે પાટલિપુત્ર લઈ ગયો અને એક રાજકુંવરી સાથે તેનો વિવાહ કર્યો. ત્યાંથી પાછા ફરતાં તેઓ કાલિકા માતાની પૂજા કરી, રસ્તામાં એક પીપળાના વૃક્ષ પાસે આવ્યાં. પ્રધાને, પીપળાના વૃક્ષમાં રહેતા રાક્ષસને મંત્ર વડે તેના રહેઠાણમાંથી કાઢવા ભુવો બોલાવ્યો. ભુવાએ મંત્રવિધિ શરૂ કરતાં, પીપળાના વૃક્ષમાં રહેલો રાક્ષસ ભય પામ્યો અને બહાર આવી પ્રધાનને પોતાને બચાવવા વિનંતી કરી. પ્રધાને કહ્યું, તું તારું પુરુષત્વ મારી પુત્રીને આપ અને તેનું સ્ત્રીત્વ તું લે, તો જ તને જીવતો જવા દઈશ.

રાજાએ પ્રધાનના કહ્યા પ્રમાણે કર્યું. રાજાની રાણી અને પ્રધાનપુત્રીએ આ રીતે પુરુષત્વ પ્રાપ્ત કર્યું.

જાદુઈ વસ્તુઓ અને મંત્રો દ્વારા પણ જાતિપરિવર્તન થવાનાં ઉદાહરણ ભારતીય વાર્તાસાહિત્યમાં વિપુલ પ્રમાણમાં મળે છે. ભારતના યોગીઓ અને જાદુઈ વિદ્યાઓના જાણકાર વિદ્યાધરો સિદ્ધવિદ્યા કે સિદ્ધગુટિકા (જેનો ઉલ્લેખ વિક્રમ-વિષયક વાર્તાઓમાં ઔષધિમૂલિકાના નામથી કરવામાં આવે છે.) વડે પુરુષ કે સ્ત્રીનું વિરુદ્ધ જાતિમાં પરિવર્તન કરી શકતા, એમ ઘણા પૌરાણિક અને લોકવાર્તા-વિષયક ઉલ્લેખો પરથી જણાય છે. 'કથાસરિત્સાગર'માં,[૨૦૮] વિદ્યાધર મૂલદેવે[૨૦૯] મનઃસ્વામી નામના બ્રાહ્મણને, નેપાળના રાજા યશઃકેતુની શશિપ્રભા નામની કુંવરી મેળવી આપવા માટે, મનઃસ્વામીના મોઢામાં સિદ્ધગુટિકા મૂકી તેને સ્ત્રી બનાવી દીધો હતો. (આ વાર્તાનો સારાંશ, આ મહાનિબંધમાં, 'પંચદંડની પરંપરા' એ પાંચમા પ્રકરણમાં આપેલો છે.) સિદ્ધગુટિકા અથવા જાદુઈ ગુટિકા, જ્યાં સુધી મોઢામાં રાખવામાં આવતી ત્યાં સુધી વ્યક્તિ સ્ત્રીસ્વરૂપમાં રહેતી, જ્યારે ગુટિકા મુખ બહાર કાઢવામાં આવતાં, વ્યક્તિ તેના મૂળ પુરુષસ્વરૂપમાં આવી જતી. વળી, ગુટિકા પોતાના મોઢામાં રાખી, મૂલદેવે પોતે વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કર્યું, તેથી એમ પણ નિષ્પન્ન થાય છે કે, લોકકથામાં ગુટિકા જેમ જાતિપરિવર્તન કરી શકતી તેમ વયપરિવર્તન પણ કરી શકતી.

આચાર્ય હેમચન્દ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં[૨૧૦] સાગરદત્ત શેઠની આખ્યાયિકામાં, સાગરદત્ત શેઠ પોતાની સુંદર

૨૦૮ Tawney and Penzer, Op-cit., Vol-VIII, pp. 45-48

૨૦૯ આ મૂલદેવ તે જ ચૌરશાસ્ત્રના પ્રણેતા તરીકે ભારતીય પરંપરામાં પ્રસિદ્ધ થયેલો મૂલદેવ હોય એ શક્ય છે.

૨૧૦. આચાર્ય હેમચન્દ્રાચાર્ય, 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર' પર્વ ૬, પૃ. ૨૮૮-૨૮૯. (ગુજરાતી અનુવાદ)

પુત્રી પ્રિયદર્શનાને યોગ્ય વરની શોધમાં હતો તેવામાં તેની પાસે ગંધમાદત્ત નામનો સાર્થવાહ આવ્યો. ગંધમાદત્તે ઘણો વાર પ્રિયદર્શના સામું જોઈ સાગરદત્તને કહ્યું, હે શ્રેષ્ઠી! વીરભદ્ર નામે યુવાન અને મતિમાન મારો પુત્ર છે. તે રૂપથી કામદેવને, કાવ્યશક્તિથી કવિ(શુક્ર)ને, વક્તૃત્વ શક્તિથી ગુરુને, વિજ્ઞાનશક્તિથી વર્ધકીને, ગીતથી હૂહૂ ગંધર્વને, વીણાથી તુંબરુને, નાટ્યકળાથી ભરતને અને વિનોદક્રિયાથી નારદને ઉલ્લંઘન કરે તેવો છે. ગુટિકાદિ પ્રયોગથી દેવની જેમ કામરૂપી (ઇચ્છિત રૂપ ધારણ કરનાર) છે. તે મારા પુત્ર સાથે પ્રિયદર્શનાને પરણાવો. આ સાંભળી સાગરદત્તે વીરભદ્ર સાથે પ્રિયદર્શનાને પરણાવી. કેટલોક સમય સુખ ભોગવ્યા પછી એક રાત્રે, ગુટિકાના પ્રયોગથી પોતાને શ્યામવર્ણ બનાવી, વીરભદ્ર ઘરમાંથી નાસી ગયો.

આ આખ્યાયિકામાં, ગુટિકાથી ઇચ્છિત સ્વરૂપ ધારણ કરી શકાતું તેમ જ શરીરનો વર્ણ પણ બદલી શકાતો એમ ફલિત થાય છે. 'પંચદંડ'ની સંસ્કૃત પરંપરાની 'લઘુ પુત્રવધૂ'ની વાર્તામાં, પુત્રવધૂ ગુટિકાથી જાતિપરિવર્તન કરી શકે છે, તે જ વાર્તાના ઉત્તરાર્ધમાં, માયાવી ઉદ્યાન બનાવવા તત્પર થયેલ વિક્રમ ગુટિકાથી, ઉપર્યુક્ત વીરભદ્રની માફક પોતાની જાતને કુરૂપ બનાવે છે.

'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં[૨૧૧] રાજા જિતશત્રુ અને ધારિણી રાણીના રૂપવતી પુત્રી પ્રીતિમતીના સ્વયંવરમાં, કુમાર અપરાજિત અને તેનો મિત્ર મંત્રીપુત્ર વિમળબોધ ગુટિકાપ્રયોગથી, દેવતાની જેમ કીડાથી વિકૃત આકૃતિ ધારણ કરીને મંડપમાં પ્રવેશ્યા, એવો ઉલ્લેખ છે. આ જ ગ્રન્થમાં (પર્વ ૯, પૃ. ૨૨૪-૨૨૫), 'બ્રહ્મદત્ત અને વરધનુ'ના કથાનકમાં, વરધનુએ જંગલમાં ચોરના આક્રમણથી બચવા, મુખમાં ગુટિકા રાખી અને તેથી તે નિશ્ચેતન જેવો જણાયાથી ચોર લોકો તેનો

૨૧૧. ઉપર્યુક્ત, પર્વ ૮, પૃ.૧૮ (ગુજરાતી અનુવાદ)

ત્યાગ કરી ચાલ્યા ગયા. ચોર લોકોના જતા રહ્યા પછી વરધનુએ મુખમાંથી ગુટિકા બહાર કાઢી અને અસલ સ્થિતિમાં આવી ગયો. આગળ ચાલતાં તેણે જાણ્યું કે, તેની માતાને રાજાએ કેદ કરી હતી. આથી, છૂપી રીતે તેણે પેલી ગુટિકા સહિત બીજોરાનું ફળ તેની માતાને આપ્યું. તેની નિશ્ચેતન થયેલી માતાને કોટવાળ અગ્નિદાહ દેવાની તૈયારી કરતો હતો ત્યાં જઈ વરધનુએ એ મૃતદેહને વિદ્યાસાધના માટે માગી લીધો. નિશ્ચેતન થયેલી માતાને બીજી ગુટિકા આપી તેને ચેતનમાં આણી. આમ, સિદ્ધગુટિકામાં ચેતન આપવાની અને નિશ્ચેતન બનાવવાની શક્તિ હતી એમ જણાય છે. આચાર્ય હેમચન્દ્રાચાર્યે, ગુટિકાથી વર્ણ અને સ્વર બન્ને બદલી શકાય છે, એમ દર્શાવ્યું છે; (ત્રિ૦શ૦, પર્વ ૧૦, પૃ.૧૨૯). વૈશાલી નગરીના અધિપતિ, હૈહયવંશમાં ઉત્પન્ન થયેલા ચેટક રાજાની કુંવરી સુજ્યેષ્ઠાને પરણવા શ્રેણિક આતુર થયો. તેણે રાજગૃહપતિ અભયકુમારને આના વિષે વાત કરતાં, અભયકુમાર ગુટિકાથી વર્ણ તેમ જ સ્વર બદલાવી, વણિકનો વેશ લઈ વૈશાલી ગયો અને શ્રેણિક માટે સુજ્યેષ્ઠા મેળવવાની યુક્તિઓ કરવા લાગ્યો. 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં આ રીતે ગુટિકાના વિવિધ ઉપયોગ અને અસરો દર્શાવતી કથાઓ ઠીક પ્રમાણમાં મળે છે. પ્રો. પેન્ઝરે, 'કથાસરિત્સાગર'માં[232] સિદ્ધગુટિકા વિષે નોંધ આપી છે તે આ સન્દર્ભમાં નોંધપાત્ર છે.

સિદ્ધગુટિકાને, દેવશીલકૃત 'વેતાલપચીસી'માં 'ગોલી' કહી છે, જ્યારે ભાવદેવસૂરિ-વિરચિત 'પાર્શ્વનાથચરિત્ર'[233]માં તેને 'મૂલિકા' કહી છે. 'પંચદંડ' વિષયક કૃતિઓમાં ઔષધમૂલિકાના જે ઉલ્લેખ મળે છે તે જ આ અદ્ભુત ગુટિકા હોવાની સંભાવના છે. આ રીતે, સિદ્ધગુટિકા જાતિપરિવર્તન માટે વપરાયાનાં દૃષ્ટાન્તો મળે છે.

232. Tawney and Penzer, Op. cit., Vol. VII, pp. 222-233

~~233. Bloomfield, M., Op. cit., P. 152-153~~

તદુપરાંત, સુંદરમાંથી અસુંદર અને અસુંદરમાંથી સુંદર, યુવાનમાંથી વૃદ્ધ અને વૃદ્ધમાંથી યુવાન, ચેતનમાંથી નિશ્ચેતન અને નિશ્ચેતનમાંથી ચેતન આદિ પરિવર્તનો તેનાથી થઈ શકતાં. તેમાંથી સ્વર અને વર્ણ પણ બદલી શકાતાં, એમ નોંધ મળે છે.

જાતિપરિવર્તન (લિંગપરિવર્તન) વિશેની ઉપર્યુક્ત સમગ્ર ચર્ચાના પ્રકાશ-માં તેમ જ વિદ્વાનોએ ઘણા દેશોની પ્રાચીન વાર્તાઓમાંથી આ ઘટકતત્ત્વના અંશ દર્શાવ્યા છે તે પરથી પણ ફલિત થાય છે કે જાતિ-પરિવર્તનની માન્યતા ઘણા જૂના સમયથી એકી સાથે ઘણી પ્રજાઓ-માં પ્રચલિત હશે, અને તેથી તે પ્રાચીન સમયથી વાર્તાસાહિત્યમાં વણાતી આવી છે. પ્રો. ટોમ્પસને 'લિંગપરિવર્તન' કથાઘટકના અન્ય દેશોના લોકસાહિત્યમાંથી આપેલા સંદર્ભો, પરિશિષ્ટ 1-9 માં દર્શાવ્યા છે.

## ૪. પરકાયાપ્રવેશ

અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડની વાર્તા' એ કૃતિમાં પરકાયાપ્રવેશ કથાઘટક પ્રધાન સ્થાન ભોગવે છે. રાજા ભોજે પ્રજાને રંજાડતા એક ચોરને પકડી, તેનાં નાકકાન વાઢી નગર-માંથી કાઢી મૂક્યો. વૈરભાવથી ચોરે તપ કરી પરકાયાપ્રવેશ વિદ્યાનો મંત્ર પ્રાપ્ત કર્યો અને તે ઉજ્જયિનીમાં આવી, યોગી તરીકે લોકોને વિસ્મિત કરવા લાગ્યો. ભોજે પણ તેનાથી અંજાઈને પરકાયાપ્રવેશ વિદ્યા શીખવા તૈયારી બતાવી. કોળઘાલુ યોગીએ રાજાને એક મરેલા સૂડા સાથે કાળીચૌદશના દિવસે એકલો તેની પાસે આવવા કહ્યું. વિદ્યા શીખવાના લોભથી રાજા યોગી પાસે ગયો.

યોગીએ તેને વિદ્યા શીખવી જેની અજમાયશ કરવા યોગીએ રાજાને સૂડાના મૃતદેહમાં પ્રવેશ કરવા કહ્યું. રાજા સૂડાના દેહમાં પ્રવેશ્યો કે ધુર્ત યોગી રાજાના દેહમાં પેઠો. યોગીએ સૂડાના દેહધારી રાજાને મારી નાખવા પ્રયત્ન કર્યો પણ તે નાસી ચંદ્રસેન રાજા પાસે ગયો. ચંદ્રસેન રાજાએ હાલ સમાચાર પછી જાણ્યું કે, સૂડો એ તો રાજા ભોજ છે. ચંદ્રસેને ધારાપુરીમાં આવી ધૂર્ત યોગીને રાજાના દેહનો ત્યાગ કરી, એક મેઢાના દેહમાં પ્રવેશ કરવાની ફરજ પાડી, અને રાજાએ પોતાનો મૂળ દેહ ધારણ કર્યો.

પરકાયાપ્રવેશ એ અદ્ભુત વિદ્યા- સિદ્ધવિદ્યાનો પ્રકાર છે. યોગદર્શનમાં જે અષ્ટ મહાસિદ્ધિ વર્ણવેલી છે તે પૈકીની આ એક મહાસિદ્ધિ છે. યોગદર્શનનો પ્રથમ અધિકૃત ગ્રન્થ પતંજલિ-વિરચિત 'યોગસૂત્ર' છે, પણ 'યોગસૂત્ર' પહેલાં પણ યોગદર્શન-વિષયક અન્ય ગ્રંથો અસ્તિત્વમાં હતા એમ સ્વ. આચાર્ય ડૉ. આનંદશંકર ધ્રુવે કરેલા ઉલ્લેખ પરથી જણાય છે.[૧૧૭]

'... અને યોગનાં મુખ્ય અંગોનું અનુષ્ઠાન ગૌતમ બુદ્ધ (ઇ.સ. પૂર્વે છઠ્ઠો વર્ષ)ના વખત પહેલાં પણ જાણીતું હતું. તેથી એટલું સિદ્ધ થાય છે કે પતંજલિનાં સૂત્રો એ યોગદર્શનનું આદ્ય પુસ્તક નથી.'

શ્રીમદ્ શંકરાચાર્યે પણ 'યોગસૂત્ર' સિવાયના એક યોગ-વિષયક ગ્રન્થનો ઉલ્લેખ કરેલો છે, પણ તે ગ્રન્થ હાલ અસ્તિત્વ ધરાવતો નથી. આ રીતે, યોગદર્શન એ પ્રાચીન દર્શનોમાંનું એક છે અને તેમાં દર્શાવેલી મહાસિદ્ધિઓની પરંપરા પણ તેટલી જ પ્રાચીન કહી શકાય. પરકાયાપ્રવેશને પતંજલિએ 'યોગસૂત્ર'માં 'પરશરીરાવેશ' અને મેરુતુંગ જેવાએ 'પ્રબન્ધચિન્તામણિ'માં તેને 'પરપુરપ્રવેશ' કહી છે. 'કથાસરિત્સાગર'માં 'દેહાન્તરાવેશ' અથવા 'અન્યદેહપ્રવેશક યોગ' અને વિક્રમ-વિષયક વાર્તાઓમાં તેને 'પરકાયાપ્રવેશ' નામથી ઓળખાવવામાં આવી છે.

૧૧૭. ધ્રુવ (સ્વ.), આનંદશંકર બા., 'હિન્દુ વેદધર્મ', પૃ-૨૨૪

'આત્મા' પરકાયપ્રવેશ વિશે રામાયણમાં આવતી ઇલ અને ઐલ બે રાક્ષસ ભાઈઓની કથા સારા પ્રમાણમાં પ્રકાશન કહી શકાય. દક્ષિણ ભારતનાં જંગલોમાં ઇલ અને ઐલ નામના બે રાક્ષસ ભાઈઓ રહેતા હતા. તેઓ જંગલમાં થઈને જતા-આવતા વટેમાર્ગુઓને પોતાને ત્યાં બોલાવી લાવતા. બે ભાઈ પૈકીનો એક કોઈ ખાદ્યપદાર્થમાં પોતાની જાતનું રૂપાન્તર કરતો. બાકી રહેલો ભાઈ તે ખાદ્યપદાર્થ રાંધી વટેમાર્ગુને જમાડતો. જમ્યા પછી થોડી વારે બહાર રહેલો ભાઈ, વટેમાર્ગુના દેહમાં ખોરાકરૂપે પ્રવેશેલા ભાઈને નામ દઈને બૂમ પાડતો એટલે તે વટેમાર્ગુનું પેટ ચીરી બહાર આવતો. વટેમાર્ગુ મરણ પામતો અને બન્ને દુષ્ટ રાક્ષસો તેની વસ્તુઓ લઈ લેતા. એક દિવસ અગસ્ત્ય ઋષિ તેઓના મહેમાન બન્યા. તેઓ રાક્ષસોની યોજના સમજી ગયા અને ખોરાકરૂપે તેમના દેહમાં પ્રવેશેલા રાક્ષસને તેઓએ પચાવી દીધો. આથી, જ્યારે બીજા રાક્ષસે તેને બૂમ પાડી ત્યારે તે બહાર આવી શક્યો નહિ; અને બાકી રહેલાને અગસ્ત્ય ઋષિએ મારી નાખ્યો.

આ આખ્યાયિકાને મળતી 'કચ-દેવયાની'ની વાત મહાભારતના યયાતિ રાજાના ઉપાખ્યાનમાં મળે છે. દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા ગયો ત્યારે દૈત્યોએ બૃહસ્પતિ તરફના દ્વેષથી તેમ જ સંજીવની વિદ્યાની રક્ષા માટે તેને મારી નાખ્યો, અને તેના ટૂકડા કરીને શિયાળ તથા વરુઓને નાખ્યા. દેવયાનીની આજીજીથી શુક્રાચાર્યે બૂમ પાડી એટલે વરુ અને શિયાળનાં પેટ ભેદી તે આવી ખડો થઈ ગયો. ફરી એક વાર દાનવોએ કચના ટૂકડા કરી તેને સમુદ્રના પાણીમાં ભેળવી દીધા. દેવયાનીની વિનંતીથી ફરી પણ ઉશનસે સંજીવની વિદ્યાના પ્રભાવથી તેને સજીવન કર્યો. ત્રીજી વાર અસુરોએ કચને મારી, તેનું ચૂર્ણ કરી, તે મદિરામાં ભેળવી શુક્રાચાર્યને પાઈ દીધું.

આ વખતે વિદ્યા ઊભી થઈ કે જો કચને સંજીવન કરવામાં આવે તો તે શુક્રાચાર્યનું પેટ ફાડી બહાર આવે અને શુક્રાચાર્ય મરણ પામે. આ વિદ્યામાંથી એક ઉકેલ કાઢયો કે કચને સંજીવની વિદ્યા શીખવવામાં આવી, કે જેથી કરીને તે શુક્રાચાર્યને સંજીવન કરી શકે. શુક્રાચાર્યે કચને બૂમ પાડતાં તે શુક્રાચાર્યનું પેટ ફાડી બહાર આવ્યો. મરણ પામેલા ગુરુને ફરી જીવતા કર્યા.

એક મનુષ્યદેહમાં આત્મા હૈયાત હોય છતાં તેમાં બીજી વ્યક્તિનો આત્મા પ્રવેશ કરે છે, તેનું ઉદાહરણ મહાભારતમાં મળે છે. દેવશર્મા નામના ઋષિની રુચિ નામની સુંદર પત્ની હતી. એના સૌન્દર્યથી દેવતા, ગાન્ધર્વ અને અસુરો મોહ પામ્યા હતા. ઇન્દ્ર તો તેને મેળવવા ટાંપી રહ્યો હતો. ઋષિને આ વાતની ખબર હતી તેથી રુચિને કોઈ દિવસ એકલી મૂકતા નહિ. એક દિવસ યજ્ઞ માટે ઋષિને બહારના પ્રદેશમાં જવાનું થયું એટલે ઋષિએ ઇન્દ્રની લંપટવૃત્તિનો ખ્યાલ આવ્યો, પોતાના શિષ્ય વિપુલને (કે જે યોગવિદ્યામાં પારંગત મહાન યોગી હતા.) રુચિની શીલરક્ષાનું કાર્ય સોંપી તેઓ યજ્ઞકાર્ય માટે ગયા. ઋષિના ભવિષ્ય ભાખ્યા પ્રમાણે ઇન્દ્ર રુચિના પ્રેમની યાચના કરવા આવ્યો, પણ વિપુલે રુચિના ચિત્તમાં પ્રવેશ કરી, તેનું આખું ઇચ્છાતંત્ર કબજે કર્યું. રુચિએ ઇન્દ્ર સાથે બોલવા પ્રયત્ન કર્યો પણ તે બોલી શકી નહિ. વિપુલ છેવટે તેના દેહમાં પાછો ફરી ઇન્દ્ર પાસે ગયો અને તેને તેની પાપવૃત્તિ માટે ઠપકો આપતાં તે શરમાઈને નાસી ગયો.

એક દેહમાં એક આત્મા હૈયાત હોય અને છતાં ય બીજો તેમાં પ્રવેશે, તે માન્યતા ભારતમાં ભૂત, પિશાચ, ઝંડ આદિ પોતાની ઇચ્છાતૃપ્તિ માટે કોઈ જીવતી વ્યક્તિઓમાં પ્રવેશે છે, તે ક્રિયામાં જોવા મળે છે. વળી, સ્વપ્નાવસ્થામાં વ્યક્તિ જીવતી હોવા છતાં તેનો આત્મા કોઈ અજાણ્યા પ્રદેશમાં પ્રવાસ કરવા ચાલ્યો જાય છે અને પાછો આવી પોતાના દેહમાં પ્રવેશે છે. આ વિષયમાં ડૉ. પેન્ઝરે નોંધ્યા પ્રમાણે

નોંધ આગળ છે:[૩૫]

..... The idea of soul leaving the body and going on its travels originates in the ancient Egyptian Ka, or 'Double'. In the adventure of Satni-Khamois with the mummies (Maspero's 'Stories of Ancient Egypt', 1915, pp. 119-20) we read: "And Nenoferkephtah was not alone in the tomb, but his wife Ahuri, and Maihet his son were with him; for though their bodies reposed at Gaptos, their double was with him by virtue of the book of Thoth." This story dates from Ptolemaic times.

The belief in a 'double' is world-wide, as will be seen from A. E. Crawley's article, 'Doubles' in Vol. IV, p. 853 et seq. of 'Hastings' Ency. Rel. Eth.' Among the Hindus, there is a wide belief that when a man is asleep, his soul leaves him and goes travelling, or whatever else it has a mind to do. When the body is thus left empty, there is always the possibility of it being tenanted by some passing stranger — hostile or friendly. Hindus are very cautious about waking up a sleeping friend lest his soul be absent. Crooke says ('Folklore of Northern India', Vol. I, 1896, p. 232) that in Bombay it is

Tawney and Penzer, Op. cit., Vol. I, p. 37, foote-note No 2

considered reprehensible to play jokes on a sleeping person, such as painting the face in fantastic colours or giving moustaches to a sleeping woman. The absent soul on returning would never be able to recognise its body, and depart altogether, leaving the body a corpse. Cf. Frazer, 'Taboo and Perils of the Soul', pp. 37 and 49.

'કથાસરિત્સાગર'માં[316] 'નામધારી નન્દ' ('The supposed Nanda') -ની વાર્તામાં, ઇન્દ્રદત્ત અને વ્યાડી નામના બે શિષ્યો, વરરુચિ સાથે, ગુરુને દક્ષિણા તરીકે આપવાની દસ લાખ સોનામહોરોની યાચના કરવા અયોધ્યાના રાજા નંદ પાસે ગયા. ત્યાં જતાં તેઓને ખબર પડી કે તે જ દિવસે નંદ મરણ પામ્યો હતો. શિષ્યોએ યુક્તિ કરી કે તેઓમાંથી એક યોગવિદ્યાના પ્રભાવથી રાજાના મૃતદેહમાં પેસવું અને પછી બાકીના એકે નામધારી નંદ પાસે દસ લાખ સોનામહોરો માગવા જવું. આ યોજના પ્રમાણે ઇન્દ્રદત્ત રાજાના મૃતદેહમાં પેઠો અને રાજા જીવતો થયો એ જાણી પ્રજા આનંદ પામી. ત્યાર પછી થોડા દિવસે વ્યાડી રાજા પાસે સોનામહોરો માગવા ગયો. રાજાના ચતુર પ્રધાનને વહેમ ગયો કે રાજાનું જીવતા થવું અને તેના થોડા દિવસોમાં સોનામહોરોની યાચના કરવા વ્યાડીનું આવવું, એમાં કંઈ ભેદ છે. પ્રધાન શકટાલે નગરનાં અને નગરની આજુબાજુના પ્રદેશનાં સર્વ મડદાં બાળી નંખાવ્યાં; તેમાં ઇન્દ્રદત્તના દેહ (કે જેનું વ્યાડી રક્ષણ કરતો હતો)ને પણ બાળી નાખવામાં આવ્યો. વ્યાડિએ રાજા પાસે આવી ફરિયાદ કરી કે, એક બ્રાહ્મણના દેહને રાજાના નોકરો બાળી

316. Tawney and Penzer, Op. cit., Vol. 1, pp. 37-59.

મૂક્યો છે. રાજા જરા ગભરાયો અને છૂપી રીતે વ્યાડી સાથે વાત કરી લીધી. રાજાએ વ્યાડીને દસ લાખ સોનામહોરો આપી. બ્રાહ્મણના દેહને બાળી નાખવા માટે શકટાલને કેદ કર્યો અને વરરુચિને પ્રધાન બનાવ્યો. કેટલાંક કારણોથી રાજા અને વરરુચિને અણબનાવ થવાથી, રાજાએ વરરુચિને પ્રધાનપદેથી દૂર કર્યો અને શકટાલની પ્રધાનપદે પુનઃ-સ્થાપના કરી. શકટાલ રાજા પ્રત્યેનું વેર ભૂલ્યો ન હતો. તેણે ચાણક્ય નામના બ્રાહ્મણ પાસે જાદુઈ મંત્રોથી નામધારી નંદ મરાવી નાખ્યો.

પરકાયાપ્રવેશમાં, પ્રવેશ કરનારનું પડી રહેલું ખોળિયું બાળી નાખવા સંગેના કેટલાક અંશ, અજ્ઞાત સંસ્કૃત ગદ્યકાર-વિરચિત 'पञ्चदण्डछत्रप्रबन्ध' (કથાક્રમાંક ૬)માં, 'विक्रमादित्यउत्पत्तिप्रबन्ध'માં મળે છે. ઉજ્જયિની નગરીમાં એક વણિકની ચાર કન્યાઓ હતી તે વિષકન્યાઓ હતી. તેઓમાં જે કોઈ પરણે તે મરણ પામે, તેથી તેમને કોઈ પરણતું નહોતું. આથી તેઓએ સારો પતિ મેળવવાની પ્રાર્થના કરી, જળમાં ઝંપાપાત કરી મરણ પામી. તે જ સમયે એ વિષકન્યાઓનો હું પતિ થાઉં, એવી પ્રાર્થના કરી એક દ્યૂતકારે પણ પાણીમાં પડી આત્મત્યાગ કર્યો. તે અરસામાં ઉજ્જયિનીમાં સોમસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેણે જોશીઓને બોલાવીને પૂછ્યું કે, મારા રાજ્યનો વારસ કોણ થશે? જોશીઓએ કહ્યું, તમારો દૌહિત્ર. રાજાએ પોતાની પુત્રી ગર્દભસેન નામના રાજાને પરણાવી. આ ગર્દભસેન, ઇન્દ્રે શાપ આપેલો ગાન્ધર્વ હતો. દિવસે તે ગર્દભરૂપે રહેતો અને રાત્રે મનુષ્ય બનતો. રાજાના પ્રતિબંધના કારણે તે પોતાની પ્રિયાને મળી શકતો નહિ. એક દિવસ યુક્તિથી તે પોતાની પત્નીને રાત્રે મળ્યો. તે વખતે તેણે જે રતિક્રીડા કરી તેનાથી કુંવરીને ગર્ભ રહ્યો. કુંવરીના ગર્ભમાં પ્રવેશેલો આત્મા, વિષકન્યાઓનો પતિ થવાની ઇચ્છા દર્શાવી મરણ પામેલા દ્યૂતકારનો હતો. કુંવરીએ ગર્દભસેનને તેના

દિવસ અને રાત્રિના સ્વરૂપ વિષે પૂછતાં તેણે કહ્યું કે, રાત્રે હું મારું ગધેડાનું શરીર મૂકી રાખું છું અને મનુષ્યરૂપે રહું છું; જો કોઈ મારું ગધેડાનું શરીર બાળી નાખે તો મારા શાપનો અન્ત આવે. રાજકુંવરીએ ગધેડાનું શરીર બાળી નંખાવ્યું એટલે ગર્દભસેન ગાન્ધર્વ થયો અને ઇન્દ્ર પાસે ગયો. અહીં કુંવરીને જે પુત્ર જન્મ્યો તે જ વિક્રમાદિત્ય.

ભાવદેવસૂરિ-વિરચિત 'પાર્શ્વનાથચરિત્ર'માં[illegible] પરકાયાપ્રવેશના, કથાદારકનું સુંદર ઉદાહરણ મળે છે. અવન્તીના રાજા વિક્રમને કમલાવતી નામની રાણી હતી. એક દિવસ રાજા સભા ભરી બેઠો હતો ત્યારે એક અજાણ્યો પુરુષ સભામાં ઊભો થઈ બોલવા લાગ્યો, હે રાજા તું ઘણો પરાક્રમી છે અને ઘણી વિદ્યાઓ જાણે છે, પણ પરકાયાપ્રવેશ વિદ્યા જાણતો નથી તે બરાબર નથી. રાજાએ એ વિદ્યા (Science) ક્યાંથી અને કેવી રીતે શીખવી તેના વિષે પૂછ્યું. અજાણ્યા પુરુષે કહ્યું, શ્રીપર્વત પર તપ કરતા સિદ્ધેશ્વર યોગી પાસેથી તે શીખી શકાશે. રાજપાટ પ્રધાનોને સોંપી, રાજા વિક્રમ શ્રીપર્વત પર વિદ્યા પ્રાપ્ત કરવા ગયો. રાજા યોગી પાસે ગયો તે પહેલાં ત્યાં એક બ્રાહ્મણ એ જ વિદ્યા પ્રાપ્ત કરવાના હેતુથી યોગી પાસે આવ્યો હતો. પણ તેનામાં વિદ્યા જીરવવાની અને તેનો યોગ્ય ઉપયોગ કરવાની યોગ્યતા ન હોવાથી, યોગીએ તેને વિદ્યા આપી ન હતી. વિક્રમની સેવાથી ખુશ થઈ યોગીએ તેને પરકાયાપ્રવેશ વિદ્યા શિખવવા તૈયારી દર્શાવી; પણ પેલા બ્રાહ્મણે પોતાને પ્રથમ વિદ્યા શિખવવા આજીજી કરી. વિક્રમે યોગીને તેની વિનંતી પૂરી કરવા કહ્યું ત્યારે યોગીએ તેનો ઘટસ્ફોટ કર્યો કે, તે બ્રાહ્મણ આ વિદ્યા માટે અયોગ્ય છે અને અયોગ્ય માણસો પાસે આવી સિદ્ધિ જાય તો મોટો ઉત્પાત થાય. હે રાજા! આનું એક દૃષ્ટાન્ત સાંભળ. એક સિદ્ધેશ્વરે સિંહનાં હાડકાં જોઈ, તેને એકઠાં કરી

[illegible]. Bloomfield, M., Op. cit., pp. 74-83

તેમાં પ્રાણ પૂરવાની તત્પરતા દર્શાવી. લોકોએ વાર્યા છતાં એ લોભિયાને વશ થઈ યોગીએ સિંહને સજીવન કરતાં, સિંહ તેને જ ખાઈ ગયો. આ ઉદાહરણ સાંભળ્યા પછી પણ રાજર્ષિ વિક્રમે બ્રાહ્મણને સિદ્ધિ આપવા આગ્રહ કર્યો. આથી યોગીએ બ્રાહ્મણ અને વિક્રમ બન્ને પરકાયાપ્રવેશ વિદ્યા શિખવી. વિક્રમ બ્રાહ્મણ સાથે અવન્તી આવ્યો અને જોયું કે, રાજ્યનો એક સારો હાથી મરણ પામવાથી બધાં શોકાતુર હતાં. રાજાએ પોતાના ખોળિયાને સાચવવા બ્રાહ્મણમિત્રને કહી, હાથીના મૃતદેહમાં પ્રવેશ કર્યો. દુષ્ટ બ્રાહ્મણે મિત્રદ્રોહ કરી, રાજાના ખોળિયામાં પ્રવેશ કરી, રાજા તરીકે મહેલમાં ગયો. મહેલમાં પ્રધાન અને અન્ય સેવકો તેને જોઈ આનંદ પામ્યા, પણ રાણી કમલાવતી તેને જોઈ મૂર્છા પામી. તેને જોતાં જ રાણીને ખાત્રી થઈ કે, બાહ્યસ્વરૂપ વિક્રમનું જણાય છે પણ એ વિક્રમ નથી, કોઈ ધૂર્ત છે. રાણીએ રાજાને કહ્યું, દેવીની પૂજા કર્યા પછી હું આપની સાથે રહીશ, એવી મેં પ્રતિજ્ઞા કરેલી છે. એટલે પૂજા ક્યારે કરવાની છે તે હું આપને જણાવીશ. આમ કહી રાણી જતી રહી. હાથીના દેહમાં રહેલા વિક્રમે જોયું કે, વિશ્વાસઘાતી બ્રાહ્મણે પોતાના પોતાના દેહમાં પ્રવેશ કર્યો છે. તે પોતાને મારી નાખશે, એવી બીકથી હાથી જંગલમાં નાસી ગયો અને એક વડના ઝાડ નીચે ઊભો રહ્યો. એક પારધી ગલોલ વડે વડ પરથી સૂડા મારતો હતો. મરેલા સૂડાઓ પૈકી એકના દેહમાં તે પેઠો અને પારધીને તેને અવન્તી લઈ જવા કહ્યું. અવન્તી જઈ, પારધી પોપટ સાથે રાજમાર્ગ પર ઊભો. એવામાં રાણી કમલાવતીની એક સખીને જોઈ, સૂડાએ તેને મધુર શબ્દોથી બોલાવી વાતચીત કરી. તે સખીએ આ પ્રસંગ કમલાવતીને કહેતાં, કમલાવતીએ સૂડાને ખરીદી રાજમહેલમાં લાવવા કહ્યું. કમલાવતી સૂડાને જોતાં જ આનંદ પામી. તેની સાથે અનેક સમસ્યાઓ અને તેના ઉકેલની આપ-લે કરવા લાગી; અને એક દિવસે તેણે સૂડાને કહ્યું, જીવનના અન્ત સુધી હું તારી સાથે જ રહીશ. સૂડાએ કહ્યું,

દેવી! વિક્રમની તું પતિવ્રતા રાણી છે, મારા મુખમાં આ શબ્દો ન શોભે. રાણીએ કહ્યું, મારી આંખોથી તને જોતાં જ મને લાગે છે કે તું જ મારો પતિ છે. સૂડાના સંસર્ગમાં જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ કમલાવતીને ખાત્રી થવા લાગી કે, એ જ રાજા વિક્રમ છે. રાણી કમલાવતીના પ્રેમની આરાધના કરતા, એક દિવસ રાણી ઊંઘતી હતી ત્યારે રાજા સૂડાના દેહમાંથી નીકળી એક મોળિયાના મૃતદેહમાં પેઠો. ઊંઘમાંથી જાગેલી રાણીએ સૂડાને મરેલો જોઈ, ઘણી દુઃખી થઈ અને સૂડાની સાથે બળી મરવા તૈયાર થઈ. નામધારી વિક્રમ આ વાત સાંભળી રાણી પાસે દોડી આવ્યો અને રાણીના પ્રાણ બચાવવા સૂડાના દેહમાં પેઠો. જેવો તે સૂડાના દેહમાં પેઠો કે તુર્ત વિક્રમે મોળિયાના દેહમાંથી તેના પોતાના ખોળિયામાં પ્રવેશ કર્યો. વિક્રમ રાણી પાસે આવ્યો અને તેને જોઈ રાણી આનંદ પામી. રાણીને માનસિક રીતે પ્રતીતિ થઈ કે એ ખરો વિક્રમ છે. વિક્રમે સૂડાના દેહમાં રહેલા દુષ્ટ બ્રાહ્મણનો, તેના ગુરુદ્રોહ, મિત્રદ્રોહ અને રાજદ્રોહ માટે તિરસ્કાર કર્યો. બ્રાહ્મણે પોતાની દુષ્ટતાનો સ્વીકાર કર્યો અને ગમે તે શિક્ષા કરવા તેણે રાજાને કહ્યું. રાજાએ તેને માફી આપી, ધાર્મિક જીવન ગાળવા શિખામણ આપી.

ઉપર્યુક્ત વાર્તાને પરકાયાપ્રવેશના કથાઘટકના એક સારા દૃષ્ટાંત તરીકે પ્રો. મોરિસ બ્લૂમફિલ્ડે ગણાવી છે.* પ્રો. બ્લૂમફિલ્ડે આ વાર્તાનાં મુખ્ય ચાર રૂપાંતર ગણાવ્યાં છે: *

૧. લેસોલિયર નામના વિદ્વાને, આ વાર્તા 'વિક્રમવાર્તા' તરીકે ઈ.સ. ૧૮૧૭માં પ્રસિદ્ધ કરી તેની વિગતો આ પ્રમાણે છે:

M. Le Baron Lescallier, 'Le Trône Enchanté', New York, de l'imprimerie de J. Desnoues, No 7

---

* Bloomfield M., 'On Art of entering another's body: A Hindu Fiction Motif', published in the 'Proceedings of the American Philosophical Society' Vol. LVI, pp. 1-43

Murray Street, 1817.

લેસોલિયારની કૃતિ પરથી ગેલેનોસ (Galanos) નામના વિદ્વાને તેનું ગ્રીક ભાષામાં ઇ.સ. ૧૮૫૧માં 'મુકુન્દવાર્તા' નામથી રૂપાન્તર પ્રસિદ્ધ કર્યું અને સર્વ યુરોપિયન પ્રજાઓને તેનો લાભ મળ્યો. આ ગ્રીક રૂપાન્તરનો ઉલ્લેખ, જર્મન વિદ્વાન બેન્ફેએ પોતાની 'પંચતંત્ર'ની સમાલોચિત આવૃત્તિની પ્રસ્તાવનામાં કર્યો છે. બેન્ફેએ આ વાર્તા ગેલેનોસની કૃતિમાંથી લીધા પછી તેઓને બ્યૂલરની 'પંચતંત્ર'ની હસ્તપ્રતમાંથી પણ આ વાર્તા મળી આવી હતી. આ વાર્તાનાં બે સંક્ષિપ્ત રૂપાન્તર હર્ટલે મેઘવિજયકૃત 'પંચતંત્ર'માં દર્શાવ્યાં છે.

૨- 'પ્રબન્ધચિન્તામણિ'માં આ વાર્તા 'વિદ્યાસિદ્ધિપ્રબન્ધ'ના શીર્ષકથી તદ્દન રૂપરેખાત્મક સ્વરૂપમાં મળે છે.

૩- 'વેતાલપચીસી'માં 'રાજા વિદગ્ધચૂડામણિ'ની વાર્તા, આ વાર્તાનો સારાંશરૂપ છે.

૪- ભાવદેવસૂરિ-વિરચિત 'પાર્શ્વનાથચરિત્ર'માં આ વાર્તાનું સંપૂર્ણ સ્વરૂપ મળે છે. પ્રો. બ્લૂમફિલ્ડે દર્શાવ્યું છે કે, આ વાર્તાનાં ઘણાં રૂપાન્તરો પૈકીનું આ સર્વથી શ્રેષ્ઠ છે.

લેસોલિયાર અને ગેલેનોસની કૃતિઓમાંની વાર્તાનો સારાંશ આ પ્રમાણે છે:

એક યોગીએ રાજા વિક્રમને પરકાયાપ્રવેશવિદ્યા શિખવવાના બહાના હેઠળ, તેને કાળીચૌદશની રાત્રે એકલો એકાન્તમાં એક મરેલા પોપટ સાથે બોલાવ્યો. યોગી પોતાની વિદ્યાના પ્રયોગ, બારી બારણાં બંધ કરેલા એક ઓરડામાં કરતો હતો ત્યાં રાજા ગયો. રાજાને યોગીએ વિદ્યા શિખવી. શિખેલી વિદ્યાની અજમાયશ કરવા યોગીએ રાજાને પોપટના દેહમાં પેસવા કહ્યું. જેવો રાજાએ પોપટના દેહમાં પ્રવેશ કર્યો કે તરત જ યોગી રાજાના શરીરમાં પેઠો. યોગીએ પોપટના દેહમાં રહેલા રાજાને મારી નાખવા પ્રયત્ન કર્યો, પણ બાવાજોગીથી બારીમાં રહેલા

બાકોરામાં થઈને પોપટ નાસી ગયો. એક દિવસ નામધારી રાજા સવારી લઈને બહાર નીકળ્યો ત્યારે પેલો પોપટ રાજાના માથા પર ઝઝૂમવા લાગ્યો, અને રાજાને લાગ્યું કે તે તેની આંખો ખેંચી કાઢશે. રાજાએ જ્યાં જણાય ત્યાંથી પોપટોને મારવા શિકારીઓને આજ્ઞા કરી. તે અરસામાં એક શિકારી એક પોપટ લઈ બજારમાં વેચવા લાગ્યો, તેની પાસેથી એક બ્રાહ્મણની પુત્રીએ તેને ખરીદી લીધો. બ્રાહ્મણની પુત્રીનાં લગ્ન નામધારી રાજા સાથે થવાનાં હતાં; પોપટે તેને રાજા સાથે પરણવા ના પાડી, પણ લગ્ન અટકે તેમ ન હતું. એટલે પોપટે તેને સલાહ આપી કે, લગ્ન સમયે તારી પાસે એક કંગાલ દશા હરણ રાખજે; અને જેવો રાજા તારી પાસે આવે કે તરત હરણને લાત મારજે; હરણ મરણ પામશે. પછી તું તેને કહેજે કે, જે હરણને જીવતું કરે તેને હું પરણીશ. પોપટની શિખામણ પ્રમાણે અમલ કરતાં બ્રાહ્મણપુત્રીએ કરતાં, નામધારી રાજાએ હરણના દેહમાં પ્રવેશ કર્યો અને પોપટના દેહમાં રહેલા રાજાએ રાજાના દેહમાં પ્રવેશ કર્યો. રાજાએ દુષ્ટ યોગીને માફી આપી અને તેમાં પડી રહેલા ખોળિયામાં પેસી તેને ચાલ્યા જવા કહ્યું.

"પંચતંત્ર"ની દક્ષિણ ભારતની વાચનામાં આ વાર્તા આ પ્રમાણે છે:

ઉજ્જયિનીના રાજા મુકુન્દને લીલાવતી નામની રાણી હતી. રાજા-રાણીની સવારી ઉદ્યાનમાંથી પાછી ફરી રહી હતી ત્યારે તેમણે ટોળા સમક્ષ એક ખૂંધા (Hunch-back) માણસને જાત જાતની યુક્તિઓ દર્શાવતો જોયો. પોતાને આનંદ આપવા માટે રાજાએ તેને પોતાની સાથે લીધો. રાજા પાસે યોગી આવ્યા તેમની પાસેથી રાજા પરકાયાપ્રવેશમંત્ર શીખ્યો અને સાથે રાજાનો મિત્ર ખૂંધો પણ તે મંત્ર શીખ્યો. એક દિવસ રાજા શિકારે ગયો ત્યાં મંત્રની અજમાયશ કરવા તેણે એક બ્રાહ્મણના મૃતદેહમાં પ્રવેશ કર્યો. ખૂંધાએ આ લાગ જોઈ રાજાના દેહમાં પ્રવેશ કર્યો. બ્રાહ્મણના દેહમાં રાજા અને રાજાના

દેહમાં ખૂંધાને જાણી રાણી અને પ્રધાનને આશ્ચર્ય થયું. તેઓએ રાજાને ખરા સ્વરૂપમાં શોધી કાઢવા, જે કોઈ સાધુ આવે તેને એક શ્લોકનો પૂર્વાર્ધ કહી, ઉત્તરાર્ધ પૂછવો. શ્લોકનો પૂર્વાર્ધ આ પ્રમાણે હતો:

शतकर्णो भिद्यते मन्त्रः, कुब्जके नैव भिद्यते ।

બ્રાહ્મણદેહધારી રાજાએ શ્લોકનો ઉત્તરાર્ધ આ રીતે પૂર્ણ કર્યો:

कुब्जको जायते राजा, राजा भवति भिक्षुकः ॥

આ સાંભળતાં પ્રધાન અને રાણીએ રાજાને ઓળખી કાઢ્યો, અને ખૂંધાનું કાસળ કાઢવા યોજના કરી. એક દિવસ રાણીનો પ્રિય પોપટ મરણ પામ્યો. રાણી અતિ દુઃખી થઈ પૂછવા લાગી કે, આ પોપટને જીવતો કરે એવો કોઈ મદદગાર છે? રાજાના દેહમાં પેઠેલા ખૂંધાએ હા પાડી અને તે પોપટના મૃતદેહમાં પેઠો. બ્રાહ્મણદેહધારી રાજા આ તક જોઈ પોતાના દેહમાં પેઠો. પ્રધાને પોપટ મારી નાખ્યો.

'વેતાલપચીસી'માં વેતાલે કોઈ મૃતદેહમાં પ્રવેશ કર્યાની હકીકત આવે છે. વિક્રમ મૃતદેહ ખાંધે લઈ ચાલવા માંડે છે અને મૃતદેહમાં પ્રવેશેલો વેતાલ રાજાને એક પછી એક રસિક વાર્તાઓ કહે છે. તેમાં 'કથાસરિત્સાગર' (ટૉનીનો અંગ્રેજી અનુવાદ)માં અન્તર્ગત 'વેતાલ-પચીસી'માં ત્રણ યુવાન બ્રાહ્મણોએ એક મૃત સ્ત્રીને સજીવન કર્યાની વાર્તા આવે છે. યમુના નદીના કિનારે બ્રહ્મસ્થલના પ્રદેશમાં અગ્નિસ્વામી નામના બ્રાહ્મણને મંદારવતી નામની સુંદર પુત્રી હતી. તેને પરણવા માટે ઘણાં માગાં આવ્યાં, પણ તેના સૌન્દર્યથી આસક્ત થઈ પરણેલો પુરુષ નાશ પામે તે ભયથી બ્રાહ્મણ સર્વને તેને પરણાવવાની ના પાડતો. એક દિવસ કાન્યકુબ્જથી ત્રણ યુવાન બ્રાહ્મણો આવ્યા. તેઓએ અગ્નિ-સ્વામી પાસે મંદારવતીની માગણી કરી અને જો તેને બીજે પરણાવવામાં આવે તો પોતે જીવનનો અન્ત આણશે, એમ તેઓએ કહ્યું. કમનસીબે મંદારવતીને એક દિવસે કાળજ્વર આવ્યો અને તે મરણ પામી. તેને સ્મશાનમાં અગ્નિદાહ દેવામાં આવ્યો. ત્રણ બ્રાહ્મણપુત્રો પૈકી એક

ભસ્મીભૂત થયેલાં દેહની ભસ્મનું ઓશીકું કરી ત્યાં જ રહેવા લાગ્યો; બીજો તેનાં હાડકાં લઈ ગંગા નદી તરફ ગયો અને ત્રીજો સાધુના વેશમાં દેશપરદેશમાં ભમવા લાગ્યો. આ સાધુ વજ્રલોક નામના એક બ્રાહ્મણને ત્યાં અતિથિ તરીકે ગયો. બ્રાહ્મણનો એક નાનો પુત્ર તોફાને ચડી રડવા લાગ્યો. આથી ગુસ્સે થઈ બ્રાહ્મણે બાળકને સળગતા ચૂલામાં નાખી દીધું. આ જોઈ સાધુ જમ્યા વિના ઊઠી ગયો. બ્રાહ્મણે તેને ઘણો આગ્રહ કર્યો ત્યારે તેની નિર્દયતા પ્રત્યે તિરસ્કાર કરી સાધુ ચાલ્યો જવા લાગ્યો. એટલે બ્રાહ્મણે ઊઠી, એક પુસ્તકમાંથી મંત્ર ભણી બાળકને સજીવન કર્યું. પછી સાધુ તેને ત્યાં જમ્યો અને રાતવાસો રહ્યો. રાત્રે સર્વ ઊંઘી ગયાં ત્યારે પેલો સાધુ મંત્રનું પુસ્તક લઈ નાસી ગયો. તે યમુનાકિનારે બ્રહ્મસ્થળના સ્મશાનમાં આવ્યો. ત્યાં ભસ્મ એકત્રિત કરી, સાધુવેશમાં રહેલા ~~એલા~~ બ્રાહ્મણે પેલા પુસ્તકમાંથી મંત્રોચ્ચાર કરતાં, મંદારવતી સજીવન થઈ. આ સમયે બાકીના બે બ્રાહ્મણમિત્રો પણ ત્યાં હાજર હતા. ત્રણે ય મિત્રો વચ્ચે તકરાર થઈ કે મંદારવતીને કોણ પરણે! વેતાલે આ સમસ્યાનો ઉકેલ વિક્રમને પૂછ્યો. વિક્રમે કહ્યું, જેણે તેને જીવન આપ્યું તે પિતા; જે તેનાં હાડ ગંગામાં પધરાવી આવ્યો તે તેનો પુત્ર; અને જેણે પ્રિયાની પ્રાપ્તિ માટે ફકીરી ધારણ કરી વર્ષો સુધી સ્મશાનમાં પડ્યો રહ્યો તે તેનો પતિ. વિક્રમ બોલી રહ્યો એટલે મૃતદેહ રાજાના ખભેથી છટકી ઝાડની ડાળીએ લટકાઈ ગયો. આ વાર્તામાં મૃતદેહ બળીને ભસ્મ થઈ ગયા પછી એમાં જીવનનો પ્રવેશ કરાવાયો એ નોંધપાત્ર છે.

દેવશીલકૃત 'વેતાલપચીસી'ની 'રાજા વિદ્યાચૂડામણિ'ની વાર્તામાં પરકાયાપ્રવેશ કથાઘટકના અંશ આ પ્રમાણે મળે છે:

વિદ્યાપુર નગરનો વિદ્યાચૂડામણિ રાજા હતો. તે નગરમાં સકળ વિદ્યાનો જાણકાર નારાયણ નામનો બ્રાહ્મણ હતો. એક વાર ~~ઓગ~~

યોગાભ્યાસ શીખવાની ઇચ્છાથી રાજા નારાયણ યોગીને મળ્યો અને તેની પાસેથી વિનયથી વિદ્યા શીખી પરકાયાપ્રવેશ કર્યો— એટલે પોતાનો વૃદ્ધ દેહ તજી તેણે યૌવન ધારણ કર્યું. પરકાયાપ્રવેશ કર્યા પછી રાજા પ્રથમ તો રોયો અને પછી તે ઘણું હસ્યો. રાજાના રોવાનું અને હસવાનું કારણ વેતાલે રાજાને પૂછ્યું. રાજાએ વેતાલને કહ્યું, બાળપણથી જન્મની સાથે પ્રાપ્ત કરેલું શરીર તેણે ત્યાગ્યું તે માટે તે રોયો અને ફરી યૌવન પ્રાપ્ત થતાં કામ અને ક્રોધ કાબૂમાં ન રહે તે માટે તે ઘણું હસ્યો. વિક્રમ મોઢેથી બોલ્યો એટલે વેતાલ ફરીથી વિક્રમની બાંધેથી છટકી ઝાડની ડાળે જઈ લટકાઈ ગયો.

રાજશેખરસૂરિ-વિરચિત 'પ્રબન્ધકોશ'[૨૧૯]ના 'વિક્રમાદિત્યપ્રબન્ધ'માં વિક્રમે 'પરવેશવિદ્યા' શીખ્યો તેનો ઉલ્લેખ મળે છે. એક દિવસે રાજા વિક્રમ પોતાના નગરના એક કુંભાર સાથે પરદેશ નીકળ્યો. રસ્તામાં તેને પરકાયાપ્રવેશવિદ્યાના જાણકાર યોગી મળ્યા. રાજાની સેવાથી પ્રસન્ન થઈ યોગીએ રાજાને વિદ્યા શિખવવા તૈયારી દર્શાવી. રાજાએ પ્રથમ તે પોતાના મિત્ર કુંભારને શિખવવા વિનંતી કરી. યોગીએ કહ્યું કે, તેની યોગ્યતા નથી એટલે તેને વિદ્યા શિખવી શકાશે નહિ. પણ રાજાના આગ્રહને વશ થઈ, યોગીએ પ્રથમ રાજાને અને પછી તેના મિત્રને પરકાયાપ્રવેશવિદ્યા શિખવી. રાજા અને તેનો મિત્ર ઉજ્જયિની-માં આવ્યા પછી, રાજાએ વિદ્યાની અજમાયશ કરવા એક અશ્વના મૃતદેહમાં પ્રવેશ કર્યો; કુટિલ કુંભારે ખાલી પડેલા રાજાના દેહમાં પ્રવેશ કર્યો. કુંભાર રાજા થયો અને તેણે ઘોડાને મારી નાખવા વિચાર કર્યો. આથી રાજા એક પોપટના મૃતદેહમાં પેઠો. પોપટ, ઉજ્જયિનીના સોમદત્ત શેઠની પત્ની કામસેનાને ત્યાં ગયો. કામસેના-નો પતિ પરદેશ ગયો હોવાથી, તે પોપટ સાથે આનંદવિનોદ કરતા

૨૧૯. જિનવિજયજી, (સંપાદિત), 'પ્રબન્ધકોશ', પૃ-૭૯

લાગી. તેના પતિના આવ્યા પછી તે રાણી પાસે ગઈ. રાણીએ પૂછ્યું, આટલા બધા દિવસથી કેમ આવતી ન હતી? શ્રેષ્ઠીપત્નીએ ચતુર પોપટની વાત કહી. આથી રાણીએ પોપટને પોતાની પાસે મંગાવ્યો. પોપટને જોતાં જ રાણીને રાજાને જોયા જેવું સુખ ઉત્પન્ન થયું. એક દિવસ રાણીના સ્નેહની કસોટી કરવા પોપટ એક ગોધાના મૃતદેહમાં પેઠો. પોપટને મરેલો જાણી રાણી ચિતા ખડકી બળી મરવા તૈયાર થઈ. રાજા ફરી પોપટના દેહમાં પેઠો અને દ્રોહી કુંભારની કથની કહી. રાણીએ કુંભારનો તિરસ્કાર કર્યો અને તેને બીજે ક્યાંક ચાલ્યા જવા કહ્યું. પોતે જીવતો રહ્યો એ ઘણી મોટી વાત, એમ જાણી કુંભાર એક બકરાના મૃતદેહમાં પેઠો અને રાજાએ પોતાનો દેહ ધારણ કર્યો.

પ્રો. બ્લુમફિલ્ડે ભાવદેવસૂરિકૃત 'પાર્શ્વનાથચરિત્ર' આદિમાં જે વિક્રમની વાર્તા અને તેનાં રૂપાંતરોની ચર્ચા કરી છે તેમાં 'પ્રબન્ધકોશ'નું ઉપર્યુક્ત રૂપાંતર પણ ઉમેરવું જોઈએ. 'પુરાતનપ્રબન્ધસંગ્રહ'[220]માં એને મળતાં બીજાં બે કથાનક પ્રાપ્ત થાય છે. આ વાર્તાનું એક સંક્ષિપ્ત પ્રતિરૂપ 'પ્રબન્ધચિન્તામણિ'માં[221] આ પ્રમાણે મળે છે:

આ વાર્તાનું શીર્ષક 'વિદ્યાસિદ્ધિપ્રબન્ધ' છે. તેમાં પરકાયાપ્રવેશવિદ્યાને પરપુરપ્રવેશવિદ્યાના નામથી ઓળખાવવામાં આવી છે. પરપુરપ્રવેશ-વિદ્યા સિવાય જીવનની સર્વ કલાઓ અને વિદ્યાઓ નકામી છે એમ માની વિક્રમ એક વખત શ્રીપર્વત પર ભૈરવાનન્દ યોગી પાસે વિદ્યા શીખવા ગયો અને લાંબા સમય સુધી રાજાએ તેની સેવા કરી. તેની સેવાથી પ્રસન્ન થઈ યોગી તેને વિદ્યા શિખવવા તૈયાર થયા. તે વખતે પહેલાંનો એક બ્રાહ્મણ-સેવક કે જે વિદ્યા શીખવા ત્યાં આવ્યો હતો તેણે પણ પોતાને મંત્ર શિખવવા યાચના કરી. તેની અયોગ્યતાને કારણે યોગીએ તેને વિદ્યા આપવા ના પાડી પણ રાજાએ યોગીને વિનંતી કરતાં ગુરુએ તેને મંત્ર શિખવ્યો; તેણે રાજાને પણ મંત્ર

૨૨૦. જિનવિજયજી (સંપાદિત), 'પુરાતનપ્રબન્ધસંગ્રહ', પૃ. ૬, ૯૨

૨૨૧. જિનવિજયજી (સંપાદિત), 'પ્રબન્ધચિન્તામણિ', પૃ. ૬

શિખવાડયો. રાજા અને બ્રાહ્મણ ઉજ્જયિની આવ્યા. એક દિવસ રાજ-દરબારનો મોટો હાથી મરણ પામ્યો, તે જોઈ મંત્ર અજમાવી જોવા રાજા હાથીના શરીરમાં પેઠો ત્યારે બ્રાહ્મણે મિત્રદ્રોહ કરી રાજાના શરીરમાં પ્રવેશ કર્યો. પાછળથી તો ઉપર્યુક્ત આ વાર્તાનાં રૂપાન્તરોમાં આવે છે તેવી યુક્તિ રચી રાજા પોતાના મૂળ દેહમાં પ્રવેશ કરી શક્યો.

'કથાસરિત્સાગર'માં[222] રાજા ચન્દ્રપ્રભ અને તેના પુત્ર સૂર્યપ્રભે મય દાનવની સલાહથી, તેઓના રાક્ષસ તરીકેના, પહેલાંના પડી રહેલા દેહમાં પ્રવેશ કર્યાની વાર્તા પણ નોંધપાત્ર છે. મય દાનવ ઇજનેરીવિદ્યા (Engineering and Technology)નો મોટો જાણકાર હતો એમ મહાભારતના પાંડવોના રાજસૂયયજ્ઞમાં બાંધેલા ચમત્કારિક મંડપ (કે જેમાં સ્થળને સ્થાને જળ અને જળને સ્થાને સ્થળ દેખાતાં હતાં.) પરથી ફલિત થાય છે. એ જ મય દાનવ પરકાયપ્રવેશવિદ્યા પણ જાણતો હતો. ચંદ્રપ્રભ અને સૂર્યપ્રભને વિદ્યાધરોના અધિપતિ બનાવવાના હેતુથી તેઓના રાક્ષસ તરીકેના દેહમાં તેઓને પ્રવેશવા તેણે વિનંતી કરી. તેઓનાં શરીર અનેક ઔષધિઓ, ઘી અને અન્ય સુગંધિત દ્રવ્યો વડે ઘણી સાવધાનીથી સાચવી રાખેલાં હતાં. જ્યારે ખરેખર ચન્દ્રપ્રભે તેનો વર્તમાન-દેહ છોડી દાનવના દેહમાં પ્રવેશવા તૈયારી કરી ત્યારે તેના પ્રધાન સિદ્ધાર્થે શંકા બતાવી કે, શું અન્ય દેહમાં પેઠા પછી ચંદ્રપ્રભ મરી જશે? કે એમને ભૂલી જશે? મય દાનવે કહ્યું, ચંદ્રપ્રભ તેના આ જન્મની અને પૂર્વના જન્મની સર્વ સ્મૃતિઓ જાળવી રાખશે. જેઓ સ્વેચ્છાએ મરણ પામતા નથી અને પુનર્જન્મ પામે છે તેઓને પૂર્વજન્મની કોઈ સ્મૃતિ રહેતી નથી; કારણ કે વૃદ્ધાવસ્થાના કારણે તેમ જ અન્ય વ્યથાઓના કારણે તેઓની સ્મૃતિ નાશ પામે છે. પણ જેઓ જાદુઈ વિદ્યાના પ્રભાવથી સ્વેચ્છાએ બીજા દેહમાં

૨૨૨. Tawney and Penzer, Op. cit., Vol-IV, pp. 17-22

પ્રવેશ કરે છે તેઓની સર્વ ઇન્દ્રિયો, અંગ, ઉપાંગ, મન, બુદ્ધિ આદિ એવાં ને એવાં જ નિત્યયુવાન રહે છે. તે વ્યક્તિને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને સર્વ દૃષ્ટાન્ત યાદ રાખે છે. તે વ્યાધિ અને વૃદ્ધાવસ્થાથી મુક્ત દિવ્ય શરીર પ્રાપ્ત કરે છે. માટે હે ચંદ્રપ્રભ! હે સૂર્યપ્રભ! તમે તમારા આ દેહનો ત્યાગ કરી, પૂર્વના દાનવદેહમાં પ્રવેશ કરો. ત્યાર પછી, પ્રથમ ચંદ્રપ્રભે અને પછી સૂર્યપ્રભે અસુરદેહમાં પ્રવેશ કર્યો.

'કથાસરિત્સાગર'માં[223] આવતા 'વેતાલપચ્ચીસી' વાર્તાચક્રના પ્રાસ્તાવિક ભાગમાં, એક યોગી વૃદ્ધ સિદ્ધિની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતો દર્શાવ્યો છે. આ વામશિવ યોગીએ ઘણાં વર્ષોથી સ્મશાન પડી રહી, અનેક પ્રકારની વિદ્યાઓની સાધના કરી, ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તે વૃદ્ધ થઈ ગયો હતો. એક દિવસ તે સ્મશાનમાં નગરના લોક એક યુવાન બ્રાહ્મણપુત્રના મૃતદેહને અગ્નિદાહ દેવા લઈ આવ્યા. જેવા લોકો તેના દેહને ચિતા પર સુવાડી, અગ્નિદાહ દેવા તૈયારી કરતા હતા ત્યાં તો પેલા યોગીએ પરકાયાપ્રવેશવિદ્યાની શક્તિથી તે યુવાન બ્રાહ્મણપુત્રના દેહમાં પ્રવેશ કર્યો. તેનું વૃદ્ધ શરીર છોડી, યુવાન દેહ મળવાથી, યોગી અત્યન્ત પ્રસન્ન થઈ બીજી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા અન્ય સ્થળે ચાલ્યો ગયો. નગરના લોકો આ બ્રાહ્મણપુત્રની સજીવન થવાની ક્રિયાને આશ્ચર્યમુગ્ધ થઈ જોઈ રહ્યા.

હિન્દુસ્તાની 'ભક્તમાળ'માં શ્રીમદ્ શંકરાચાર્ય અને મંડનમિશ્રનો વેદાન્ત-વિષયક સંવાદ થાય છે, તેમાં મંડનમિશ્ર હારી જાય છે. પછી મંડનમિશ્રનાં પત્ની સરસ્વતી શંકરાચાર્ય સાથે વિવાદ કરવા લાગ્યાં. વિવાદનો વિષય સરસ્વતીએ કામકલા (the art of love) વિષે

૨૨૩. Tawney and Penzer, Op. cit., Vol-VII, pp. 113-114

પ્રશ્નો પૂછવા માંડ્યા, પણ શંકરાચાર્ય બ્રહ્મચારી હોવાથી તેઓ એ પ્રશ્નના ઉત્તર આપી શક્યા નહિ, અને તેમા માટે છ માસની મુદત માગી. દરમ્યાન શંકરાચાર્યે એક રાજાના મૃતદેહમાં પ્રવેશ કરી, તેની રાણીના સમાગમમાં રહી કામકલા વિષે સઘળો અનુભવ મેળવી લીધો. પછી તેઓએ સરસ્વતીના પ્રશ્નોના ઉત્તર આપી તેમને જીત્યાં.

પરકાયાપ્રવેશના એક અંશ તરીકે કાયાવ્યૂહ (Division of Personality)માં ઉદાહરણો પણ મળે છે. મહાભારતમાં, કુંતી કુંવારી હતી ત્યારે બાળપણના અજ્ઞાનના કારણે, પુત્રપ્રાપ્તિ માટે મળેલો સૂર્ય-મંત્ર, તેણે અજમાવી જોવા પ્રયત્ન કર્યો, મંત્રને વશ થઈ સૂર્ય તેની સમક્ષ હાજર થયા. પોતે કુંવારી હતી તેથી ગભરાયેલી કુંતીએ તેઓને પાછા જવા વિનંતી કરી; પણ દેવનું આગમન મિથ્યા થઈ શકે નહિ, તે અર્થમાં સૂર્યે કુંતીને એક પુત્ર આપ્યો તે કર્ણ. સૂર્ય જ્યારે કુંતી સમક્ષ હાજર થયા ત્યારે તેઓનું એક સ્વરૂપ નભમાં પણ હતું. તે રીતે સૂર્ય પોતાના દેહને બે સ્વરૂપમાં જુદા જુદા સ્થળે દર્શાવી શક્યા, તે ક્રિયા 'કાયાવ્યૂહ'. 'કાયાવ્યૂહ'માં અનેક ઉદાહરણો કૃષ્ણ-વિષયક કથાનકોમાં મળી આવે છે. કૃષ્ણને અનેક પટરાણીઓ સાથે યુગપદ્ રહેતા વર્ણવ્યા છે તે આ રીતે. પાંડવોના બાર વર્ષનો વનવાસ પૂરો થયો અને તેરમા વર્ષે તેઓ ગુપ્ત રહ્યા. ત્યાર પછી દુર્યોધન પાસે પોતાનું રાજ્ય પાછું માગવા વિષ્ટિકાર તરીકે પાંડવો-એ કૃષ્ણને મોકલ્યા. દુર્યોધનની સભામાં આવેલા કૃષ્ણની વિષ્ટિને દુર્યોધને તિરસ્કારી કાઢી એટલું જ નહિ પણ તે તેઓને મારવા તૈયાર થયો. તે સમયે કૃષ્ણે દુર્યોધનને એક નહિ પણ અનેક કૃષ્ણ-નાં દર્શન કરાવ્યાં, તે પણ 'કાયાવ્યૂહ'નું દૃષ્ટાન્ત છે. 'કથાસરિત્-સાગર'માં (ટૉની, વૉ. ૪, પૃ. ૧૭-૨૨) સૂર્યપ્રભ દાનવદેહે અસુર પ્રહ્લાદની પુત્રી મહલ્લિકા સાથે અને તે જ સમયે અન્ય અસુર-કન્યાઓ સાથે રહ્યો એ પણ ઉપર્યુક્ત પ્રકારનું જ ઉદાહરણ છે.

પરકાયાપ્રવેશના કથાઘટકનું વિવરણ જોતાં, તેના વિવિધ અંશો પ્રાચીન ભારતીય સાહિત્યમાં મળે છે. એક દેહ છોડી બીજા દેહમાં પ્રવેશ કરવો અને સાથેસાથે પ્રથમનો દેહ જાળવી રાખવો; પરકાયામાં પ્રવેશનાર ઇચ્છેલું કાર્ય પૂરું કરી, તે પાછા જાળવી રાખેલા પોતાના દેહ ધારણ કરે છે. આ જ અંશનું એક પાસું એ છે કે, દેહાન્તર પછી દેહાન્તર કરનાર વ્યક્તિનું મૂળ ખોળિયું બાળી નાખવામાં આવે અને દેહાન્તરિત વ્યક્તિને અન્ય દેહમાં જ આખું જીવન વ્યતીત કરવું પડે — તે આશીર્વાદરૂપ પણ હોય કે શાપરૂપ હોય. હિપ્નોટિઝમ — પરચિત્તપ્રવેશ — એ પણ આ કથાઘટકનો અંશ છે. એક વ્યક્તિના ચિત્તમાં પ્રવેશી તેના સમગ્ર ચેતનતંત્રનો કબજો લે અને એ રીતે ચિત્તને કાબૂમાં લેનાર વ્યક્તિ પોતાની ઇચ્છા પ્રમાણે પેલા પાત્ર પાસે કાર્ય કરાવે છે, એવી આ પરચિત્તપ્રવેશની પ્રક્રિયા છે. ભૂત, પ્રેત, ઝંડ આદિ, જીવતા મનુષ્યોના દેહમાં પ્રવેશ કરવાની માન્યતા, એ પણ એક જ દેહમાં બે આત્માના સમાવેશની ક્રિયા દર્શાવે છે. સ્વપ્નાવસ્થા દરમ્યાન વ્યક્તિનું ખોળિયું સજીવન અવસ્થામાં પડી રહે છે, પણ આત્મા ક્યાંય પ્રવાસે ફરવા ચાલ્યો જાય છે; પોતાની ઇચ્છા પ્રમાણેનો પ્રવાસ પૂરો કરી નિદ્રસ્થ વ્યક્તિના દેહમાં તે પાછો આવે છે; આ સ્વપ્નપ્રક્રિયા મનોવિજ્ઞાનનો વિષય છે, ~~પણ~~ અને મનોવિજ્ઞાન એ પણ યોગાભ્યાસનું એક અંગ છે. છેલ્લા કાયવ્યૂહ — એક જ વ્યક્તિ બે જુદાં જુદાં સ્થળે એક જ સ્વરૂપે દેખા દે તે વિષે તો હમણાં જ વાત કરી. આ ઘટકતત્ત્વ (કથાઘટક) જુદા જુદા સ્વરૂપે પૌરાણિક સાહિત્યમાં અને બાલસાહિત્યમાં મળે છે.

પ્રો. સ્ટીથ ટોમસને 'પરકાયાપ્રવેશ'ના કથાઘટક-વિષયક આપેલા સંદર્ભ પરિશિષ્ટ 1-D માં દર્શાવ્યા છે.

પરકાયાપ્રવેશની પરંપરા યોગ અને સાંખ્ય દર્શન જેટલી પ્રાચીન છે. યોગ અને સાંખ્ય દર્શન વેદ અને તે કરતાંય પ્રાચીન હોવાના

માન્યતા પ્રચલિત છે. એટલે પતંજલિએ 'યોગસૂત્ર'માં ગણાવેલી અષ્ટ મહાસિદ્ધિ પૈકીની એક પરકાયપ્રવેશવિદ્યાની પરંપરા અતિ પ્રાચીન છે. આ વિદ્યા વિશે મય દાનવે 'કથાસરિત્સાગર'માંની સૂર્યપ્રભની વાર્તામાં એક મોંઢામાત્ર કથન કરેલું છે, તે આ પ્રમાણે છે:૨૨૪

'આમ કહીને, તેણે સાંખ્ય અને યોગ મંત્રોનો, તેમના ગુપ્ત રહસ્ય સાથે, ઉચ્ચાર કર્યો અને તેને પરકાયાપ્રવેશવિદ્યા શીખવી. પછી તે યોગેશ્વરે કહ્યું, આ જગતની દિવ્ય શક્તિ છે; અને તેમાં, જ્ઞાનની સર્વોપરિતા, સૂક્ષ્મતા અને તરલતા ધારણ કરવાના ગુણને લઈને ભૌતિક વસ્તુઓ પરનો તેનો કાબૂ આદિ અદ્ભુત ગુણ રહેલા છે.'

યોગદર્શનની ફિલસૂફીમાં સિદ્ધવિદ્યાઓની પ્રાપ્તિ એ તો અન્તિમ મોક્ષ પ્રાપ્ત કરવાના સાધનરૂપ છે; પૌરાણિક સાહિત્ય યોગદર્શનની મૂળભૂત ફિલસૂફીથી આ રીતે જુદું પડે છે. કથાસાહિત્યમાં આવી વિદ્યાઓની પ્રાપ્તિ કરનારને વિદ્યાધર કહેવામાં આવે છે. 'કથાસરિત્સાગર'નો નરવાહનદત્ત, 'વસુદેવ-હિંડી'નો વસુદેવ, 'અંબડચરિત'નો અંબડ અને વિક્રમવાર્તાઓનો વિક્રમ, આ સર્વ નાયકો વિદ્યાધરો છે. પ્રાચીન ભારતીય પરંપરામાં યક્ષ, નાગ, ગન્ધર્વ, કિન્નર, અસુર, રાક્ષસો, સિદ્ધયોગીઓ, તાન્ત્રિકો, યોગિનીઓ આદિ વિદ્યાધર કોટિની અર્ધ-દેવતાઈ (Semi-divine) જાતિઓ જાણવા મળે છે. આ જાતિઓ અનેક પ્રકારની વિદ્યાઓ જાણતી હતી માટે તે અર્ધદેવતાઈ ગણાઈ હશે. તેઓ ઘણી વિદ્યાઓ (Magic Sciences) જાણતી તેથી તેઓ વિદ્યાધરો કહેવાઈ હશે. પ્રાચીન સાહિત્યમાં, અસુરોના ગુરુ શુક્રાચાર્ય સંજીવની વિદ્યા જાણતા હતા અને દેવોના ગુરુ બૃહસ્પતિ તે વિદ્યા જાણતા ન હતા, એવો ઉલ્લેખ મળે છે. બૃહસ્પતિનો પુત્ર કચ શુક્રાચાર્ય પાસે જઈ સંજીવની વિદ્યા શીખી આવ્યો હતો. આના

૨૨૪ Tawney and Penzer, Op. cit., Vol. IV, p. 22

પરથી એમ જણાય છે કે, અસુરો, દાનવો, રાક્ષસો અથવા ભારતની પ્રાક્-ઐતિહાસિક આર્યેતર જાતિઓ, આર્ય જાતિઓ કરતાં વધારે વિદ્યાઓની જાણકાર હતી. રામાયણમાં રાવણ, ઇન્દ્રજિત, મારિચ, કુંભકર્ણ આદિ પાત્રો જાદુઈ વિદ્યાઓનાં જાણકાર હોય એ રીતે નિરૂપાયાં છે. જિનસેનકૃત 'હરિવંશ' અને 'વસુદેવ-હિંડી'માં વિદ્યાધરોનાં સોળ કુળ હતાં, એવી નોંધ મળે છે. આ સોળ કુળ પૈકી આઠ આર્ય અને બાકીનાં આઠ અનાર્ય હતાં. સિદ્ધવિદ્યાઓ અને વિદ્યાધરો વિષે, બૌદ્ધ વજ્રયાની પંથના સાહિત્યમાં, સિદ્ધયોગીઓ-વિષયક સાહિત્ય, બૌદ્ધ અને જૈન તન્ત્રો, 'સૂત્રકૃતાંગ', 'સ્થાનાંગ', 'મહાનિશીથ'; વિમલસૂરિકૃત 'પઉમચરિય' આદિ ગ્રન્થોમાં સંખ્યાબંધ ઉલ્લેખો મળી આવે છે. આવી આ પરંપરામાં અનેક વિદ્યાઓનાં નામ મળે છે: પ્રજ્ઞપ્તિ, જાંગોલિ, વર્ધમાન, સ્તંભિની, ગૌરી, બહુરૂપા આદિ અનેક સિદ્ધવિદ્યાઓનો પરિચય મળે છે. પરકાયાપ્રવેશ, આવી અનેક સિદ્ધવિદ્યાઓ પૈકીની મહત્ત્વની વિદ્યા છે. યોગફિલસૂફીમાં અને ભારતીય કથાસાહિત્યમાં, વ્યાપક સ્વરૂપમાં તેને મળેલું સ્થાન જોતાં, પરકાયાપ્રવેશ કથાઘટકનાં મૂળ ભારતીય પરંપરામાં દર્શાવી શકાય. દુનિયાના બીજા દેશોની વાર્તાઓમાં આ કથાઘટકના અંશ ફેલાયા છે (જુઓ આ વિષે પ્રો. ટોમસને 'પરકાયાપ્રવેશ'ના આપેલા સંદર્ભ, પરિશિષ્ટ 1-D). આ દેશમાંથી વેપાર અર્થે અથવા અન્ય હેતુઓ માટે પરદેશ જતી ભારતીય પ્રજાઓ દ્વારા અને પરદેશથી તેવા જ હેતુઓ માટે ભારતમાં આવતી પ્રજાઓ મારફતે આ કથક-તત્ત્વ (કથાઘટક) અહીંથી દેશપરદેશમાં ફેલાયું હોય એવી સંભાવના છે.

## ૫. પ્રચ્છન્ન શ્રવણ (Overhearing).

'પંચદંડ'ની સંસ્કૃત પરંપરામાંની 'લઘુ પુત્રવધૂ'ની વાર્તામાં લઘુ પુત્રવધૂ શિયાળ બોલતું સાંભળે છે અને તે પરથી તેને ખબર પડે છે કે આજથી છ માસ પછી રાજા તેના સસરાના કુટુંબ પર ગુસ્સે થઈ, કોઈ પણ બહાનું કાઢી પ્રધાનના આખા કુટુંબને દેશપાર કરશે. દેશપાર થયેલ કુટુંબ પૈઠણ નગરીમાં જાય છે, ત્યાં સ્વાર્થી કુટુંબીઓ નાની પુત્રવધૂ પાસેથી રત્નો લઈ એક પછી એક નાસી જાય છે. છેવટે પુત્રવધૂ સિદ્ધગુટિકાની સહાયથી જાતિપરિવર્તન કરી, કેટલોક વખત પુરુષવેશમાં રહે છે. ત્યાર પછી તેણે ફરી શિયાળ બોલતું સાંભળ્યું ખબર પડી કે, કુટુંબને દેશપાર કરનાર રાજા વિક્રમ, તેને માનભેર પાછું ઉજ્જયિની લઈ જવા થોડા સમયમાં પૈઠણ આવશે. આમ, આ વાર્તામાં શિયાળની વાણીને ગુપ્ત રીતે સાંભળવાથી પ્રધાનકુટુંબ પર આવેલી આફતનો સુખદ અંત આવ્યો. 'પંચદંડ'ની તામ્રલિપ્તિની રાજકુંવરી રત્નમંજરીની વાર્તામાં પ્રચ્છન્ન શ્રવણના બે પ્રસંગો આવે છે: વિક્રમ રાજકુંવરી અને તેના રત્નો ભરેલી પેટીનું હરણ કરવા રાજકુંવરી-ના મહેલમાં એક સ્થળે છુપાઈ જાય છે. એટલામાં વિક્રમનો પોપટ બિબુધપ્રિય ઉજ્જયિનીથી દેવદમનીનો પત્ર લઈ આવ્યો અને તે રત્ન-મંજરીને આપ્યો. રત્નમંજરી મોટેથી પત્ર વાંચવા લાગી તે વિક્રમે છુપાઈ રહીને સાંભળ્યું. પત્રમાં દેવદમનીએ એવી સલાહ આપી હતી કે, હું વિક્રમને પરણી છું, તું પણ વિક્રમને પરણી જજે, આપણે બન્ને સુખી થઈશું. દેવદમનીના આ સૂચનને રત્નમંજરીએ તિરસ્કારી કાઢ્યું, પણ રત્નમંજરીને ભાવિની ખબર ન હતી કે, તેણે તિરસ્કારેલા વિક્રમની અર્ધાંગના બનવાની યોજના ઘડાઈ રહી છે. આ રીતે છુપાઈને

સાંભળેલા મંત્ર વડે વિક્રમને કોઈ આફતમાંથી બચવાનું કે કોઈ સમૃદ્ધિ પ્રાપ્ત થવાનું બન્યું નહિ, પણ રત્નમંજરી દેવદમનાની સખી છે અને એક ઉદ્દંડ સ્ત્રી છે, એની તેને જાણ થઈ. રત્નમંજરી પાસેથી છૂટો થઈ વિક્રમનો પોપટ વિબુધપ્રિય, રસ્તામાં રત્નપુરમાં વેશ્યાને ત્યાં રહેલા પોતાના ભાઈ વિદ્યાવિશારદને મળવા ગયો. બે પોપટબંધુઓ વચ્ચે વાતચીત થઈ કે, રાજા વિક્રમ રત્નમંજરીનું અને તેની રત્ન ભરેલી પેટીઓનું હરણ કરી, અહીં રોકાયા પછી ઉજ્જયિની જવાના છે. તે દારની વેશ્યાએ આ વાતચીત છાનામાના સાંભળી અને યુક્તિથી રત્નમંજરીને ફસાવી, પોતાની ત્યાં વેશ્યાકર્મમાં પ્રવૃત્ત કરવા પ્રયત્ન કર્યો; પણ છેવટે રત્નમંજરી છૂટી. આમ આ પ્રસંગમાં છાનામાના વાતચીત સાંભળવાથી, કુટિલ વેશ્યાને પોતાનું કુકર્મ કરવા વેગ મળ્યો.

પ્રચ્છન્ન શ્રવણ એ માનવીની મૂળભૂત વૃત્તિઓમાંનું એક છે. કોઈ પણ બે વ્યક્તિને વાત કરતાં ત્રીજી વ્યક્તિ જુએ ત્યારે તેના મનમાં કુતૂહલ પેદા થાય છે કે, તેઓની વાતનો સારાંશ હું પણ જાણું. આ કુતૂહલવૃત્તિનાં બે પાસાં છે: એક તો કુતૂહલવૃત્તિથી નવું નવું જાણવાની જિજ્ઞાસા પેદા થાય છે અને તેના પરિણામે તેના જ્ઞાનની સીમાઓ વિસ્તરે છે એટલું જ નહિ પણ પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાન વડે નવું જ્ઞાન મેળવે છે અને તે રીતે જગતમાં અસ્તિત્વ ધરાવતા જ્ઞાનની સીમાઓ વિસ્તારે છે. કુતૂહલવૃત્તિનું નબળું પાસું એ છે કે, જે વાત કે માહિતી પોતાના કામની ન હોય છતાં તે માથું મારી હકીકત જાણવા પ્રયત્ન કરવો અને તેમાંથી ચાડીચૂગલી, નિંદા, ઈર્ષ્યા આદિ દુર્ગુણો વ્યક્તિમાં પ્રવેશે છે.

વાર્તાસાહિત્યમાં 'પ્રચ્છન્ન શ્રવણ'ને વિષય તરીકે લઈ કોઈ વાર્તાઓ રચાઈ નથી, પણ અનેક વાર્તાઓનાં ઘણાં ઘટકતત્ત્વો (Motifs) પૈકીનું તે એક છે અને તેના કારણે જ તે સંબંધ ધરાવતી વાર્તાનિ

સારો વેગ કે નવો વળાંક જ જોઈ મળે છે. વાર્તામાં કોઈ કટોકટીની પળ આવે છે અને હવે આગળ શું થશે એવી ઉત્સુકતા જન્મે છે ત્યાં વાર્તાના પ્રવાહમાં આ દારકતત્ત્વ પ્રવેશે છે, અને કટોકટી કે આપત્તિ દૂર થઈ વાર્તા સુખાંત અન્તમાં પરિણમે છે. આ દારકતત્ત્વમાં છાનામાનાં વાત કરતાં પાત્રો કે વ્યક્તિઓના તેમ જ તેઓએ આપત્તિનિવારણ માટે કરેલાં સૂચનોના બે પ્રકાર હોય છે: સાહજિક અને જાદુઈ. કુદરતી રીતે બનતા પ્રસંગોમાં છાનામાના વાતચીતનું શ્રવણ કરવું, એ દુનિયામાં અસાધારણ લાગતા પણ સાચા બનેલા પ્રસંગોનું પ્રતિબિંબ છે; જ્યારે જાદુઈ પ્રકારમાં વાત કરતી વ્યક્તિઓ, તેઓએ કરેલાં સૂચન અને તેના પરિણામે નિષ્પન્ન થતાં કાર્ય એ સર્વ પરીકથા સમાન હોય છે. એટલે આ દારકતત્ત્વનાં બે પાસાં પૈકી એકને અનુભવજન્ય અને બીજાને કલ્પનાજન્ય કહી શકાશે. અનુભવની કસોટીએ જેને સામાન્ય વ્યવહારમાં કહી શકાય, એવું એક દૃષ્ટાન્ત યુલ્ગ (Jülg) 'Kalmükishe Märchen,' (p. 53) માં આપ્યું છે તે આ પ્રમાણે છે:

એક ગરીબ માણસ એક વૃદ્ધ દંપતીની વાતચીત છાનોમાનો સાંભળે છે. વૃદ્ધ દંપતી એમ વાત કરી રહ્યાં હતાં કે, તેમની એકની એક પુત્રી સુવર્ણધારી, જેને પરણાવીએ તેને જ તેમની સર્વ મિલ્કત પણ આપવી. પણ યોગ્ય પતિની પ્રાપ્તિ માટે તેઓએ બોધિસત્ત્વની મૂર્તિ પાસે જઈ, પ્રાર્થના કરી, તેની પાસેથી પતિનું નામ જાણવાનું નક્કી કર્યું. ગરીબ માણસ બોધિસત્ત્વની મૂર્તિ પાછળ જઈ સંતાઈ ગયો અને વૃદ્ધ દંપતીની પ્રાર્થના સાંભળી મૂર્તિની પાછળથી પેલા માણસે તેમને કહ્યું, તમારા ઘર પાસે વહેલી સવારે જે પુરુષ આવે તેને તમારી કન્યા પરણાવવી. બીજે દિવસે વહેલી સવારે પેલો ગરીબ માણસ વૃદ્ધ દંપતીને ત્યાં જઈ ખડો થઈ ગયો. તે કન્યા અને મિલ્કત બન્ને પામ્યો.

આ દારકતત્ત્વના કાલ્પનિક અંશને મૂર્ત કરતી એક વાર્તા 'દૂરદ

અને ભલો લલિતાંગ' મળે છે.[૨૨૫] આ વાર્તામાં લલિતાંગ જંગલમાં જઈ પોતાનાં નયન લલિતાંગને કાઢી આપે છે. દુષ્ટ સજ્જન લલિતાંગને મરણને ભેટવા પડતો મૂકી ચાલ્યો ગયો. લલિતાંગ એક વડના ઝાડ નીચે રાત્રે બેઠો હતો ત્યારે બે ભારંડ પક્ષીને વાત કરતાં સાંભળ્યાં કે, ચંપાનગરીના રાજા જિતશત્રુની પુત્રી પુષ્પાવતી આંધળી છે. આ ઝાડ પરની વેલનો રસ તેની આંખો પર લગાડવામાં આવે તો તે દેખતી થાય; અને જે તેને દેખતી કરે તેને તે કન્યા અને અર્ધું રાજ્ય મળશે. લલિતાંગ તે વેલના રસ વડે દેખતો થયો અને પુષ્પાવતીને પણ દેખતી કરી. પુષ્પાવતીને તે પરણ્યો અને જિતશત્રુનું અર્ધું રાજ્ય પણ તે પામ્યો. ભારંડ પક્ષીને બોલતાં દર્શાવવાં એ પરીકથાની કલ્પના છે અને તે અહીંયાં આ ઘટકતત્ત્વનું કાલ્પનિક પાસું કથાસાહિત્યમાં વિકસ્યું છે. ઘટકના અનુભવજન્ય વર્ગમાં ~~ખાસ~~ વાતચીત કરનાર ~~મોટે~~ મોટે ભાગે માનવો હોય છે, જ્યારે કલ્પનાજન્ય વર્ગમાં, વાતચીત કરનાર કોઈ કંઈ ઘણું બુદ્ધિશાળી હોય એવી અપેક્ષા રાખવામાં આવતી નથી.

હવે (લૌકિકતા અથવા અલૌકિક સ્વરૂપમાં), પ્રાણીઓ કે સામાન્ય માનવીની વાતચીત, ગૌણ લૌકિક કથાનાં બીજાં પ્રસંગોમાં ઠામઠામ સાંભળી શકાય છે. શિવ અને ભવાની, રાક્ષસ, દેવતાઓ અને દેવતાઓ, દેવની મૂર્તિ, બે સ્વર્ગવાસીઓ, બે જુગારીઓ, છ ધુતારાઓ, અજ્ઞાત આકાશવાણી, દિવાળીના દીપક, આકાશમાંના બે સાધુ, આચાર્ય અને તેના શિષ્યો — આ સર્વના વાર્તાલાપ અન્ય પાત્રો સાંભળવાથી વાર્તાઓની ઘટનાઓ નવો વળાંક લે છે. પ્રાણીઓ પૈકી શિયાળ, વાંદરા, વાછરડા, બળદ, કૂતરા, સાપ, દેડકા આદિ અને પક્ષીઓ પૈકી પોપટ, મેના, હંસ, કૂકડા, કાગડા, કબૂતર, ગરુડ અને તેનાં બચ્ચાં, ચકલી, ભારંડ-ભારુંડા આદિ — એ સર્વની વાતચીત સાંભળી, કેટલાક વ્યક્તિઓના

૨૨૫. Bloomfield, M. Op. cit., pp. 30-31

જીવ બચ્યાના, કેટલાકના રોગ મટ્યાના, કેટલાકને રાજ્ય મળ્યાના, કેટલાકને અઢળક સમૃદ્ધિ મળ્યાના પ્રસંગો ઘણી વાર્તાઓમાં ગૂંથાયેલા મળે છે.

પ્રચ્છન્ન શ્રવણ એ ઘણું પ્રાચીન ઘટકતત્ત્વ છે. છાંદોગ્ય ઉપનિષદ (૪.૧,૨)માં, જાનશ્રુતિની આખ્યાયિકામાં તે મળે છે. જાનશ્રુતિ નામનો એક ઘણો પવિત્ર દાનવીર હતો. લોકોના આતિથ્યસત્કાર માટે તે ભોજન કરાવતો, ધર્મશાળાઓ બંધાવતો અને ઘણો ખર્ચ કરતો. એક દિવસે રાત્રે બે હંસ પક્ષીઓ ઊડતાં હતાં; તેમાંના એકે બીજાને કહ્યું, જો, જાનશ્રુતિનું તેજ સ્વર્ગના તેજની માફક ફેલાયું છે. તેનો સ્પર્શ કરીશ નહિ, બળી મરીશ. ત્યારે બીજાએ કહ્યું, શું જાનશ્રુતિ હાથગાડીવાળા રૈક્વ કરતાં મોટો છે? જાનશ્રુતિએ આ વાર્તાલાપ સાંભળ્યો અને રૈક્વની શોધમાં નીકળ્યો. તેણે, હાથગાડી નીચે બેઠેલા, ચામડી ખજવાળતા રૈક્વને શોધી કાઢ્યો; અને તેની પાસે ઉપનિષદના જે મહાન સિદ્ધાંતો હતા તે જાનશ્રુતિએ એક હજાર ગાય, એક સુવર્ણહાર, કેટલાંક ખચ્ચર અને પોતાની પુત્રી તેને આપીને મેળવી લીધા.

રામાયણમાં, રામ રાવણને મારી અયોધ્યા આવ્યા અને સાથે સીતા, લક્ષ્મણ પણ આવ્યાં. રાવણ સીતાને હરી ગયો હતો તેના વિષે પ્રજામાં કેવાં વલણ પ્રવર્તે છે તે જોવા રામચંદ્રજી એક દિવસ રાત્રે નગરચર્ચા જોવા નીકળ્યા. તે સમયે એક ધોબીને [illegible] પોતાની સ્ત્રીને એમ કહેતો સાંભળ્યો કે, હું રામ નથી કે રાવણે સ્પર્શ કરેલી અને તેના મહેલમાં ઘણો વખત સુધી રહેલી સીતાને તે લાવ્યા અને રાખી તેમ હું તને રાખું. રામચંદ્રજી જાણતા હતા કે સીતા પવિત્ર છે; અગ્નિમાં પ્રવેશ કરી તેઓએ પોતાની પવિત્રતાની સાબિતી પણ આપેલી, છતાં, લોકાપવાદને વશ થઈ (ધોબીનું ઉપર્યુક્ત વાક્ય સાંભળવાથી) તેઓએ સીતાનો ત્યાગ કર્યો.

મહાભારતમાં, દેવશર્મા ઋષિ, પોતાના વિશ્વાસુ શિષ્ય વિપુલને, પોતાની પત્ની રુચિને ઇન્દ્રની વંચકતામાંથી રક્ષવાની ફરજ સોંપી તેઓ બહારના પ્રદેશમાં યજ્ઞ કરવા ગયા. ઇન્દ્ર રુચિ પાસે ક્રીડાર્થે આવ્યો, પણ વિપુલે

યોગબળથી રુચિના આત્મામાં પ્રવેશ કરી, તેનું સમગ્ર ચેતનતંત્ર પોતાને કબજે કર્યું. પછી વિપુલે પોતાના દેહમાં આવી, ઇન્દ્રને ઠપકો આપતાં તે શરમાઈને નાસી ગયો. હવે, રુચિની બહેન જ્યેષ્ઠા, અંગ દેશના રાજા ચિત્રરથની રાણી હતી. જ્યેષ્ઠાએ એક પ્રસંગે ઉત્સવ ટાણે આમંત્રણ આપતાં, રુચિ અપ્સરાઓના દેહ પરથી પડેલાં ફૂલોથી પોતાના દેહને સજીને તે જ્યેષ્ઠાને ત્યાં ગઈ. જ્યેષ્ઠાએ રુચિ જેવાં ફૂલ મેળવવાની ઇચ્છા કરી. દેવશર્મા ઋષિએ વિપુલને એવાં ફૂલ લાવવા આજ્ઞા કરી. ફૂલ લેવા જતાં વિપુલે બે નૃત્યકાર અને છ દ્યૂતકારોને અંદર અંદર સમજાવતા અને હોડ બકતા સાંભળ્યા કે, વિપુલના જેવી કફોડી સ્થિતિ ન થાય માટે આમ સાચું કહેવાના. વિપુલે રુચિના શરીરમાં પ્રવેશ કર્યો હતો તે માટે તે પાપી હતો, એમ જાણવા છતાં તેણે ઋષિ સમક્ષ તેનો એકરાર કર્યો ન હતો. છેવટે દેવશર્માએ વિપુલનું એ કૃત્ય જાણી, તેને માફી આપી કહ્યું કે, બે નૃત્યકાર એટલે રાત્રિ-દિવસ; અને છ દ્યૂતકાર એટલે છ ઋતુઓ; તેઓથી આપણું કોઈ કૃત્ય છૂપું રહી શકતું નથી.

પરીકથાજન્ય વાર્તાલાપશ્રવણમાં, સાંભળનાર વ્યક્તિ કે પાત્ર મૃત્યુ, માંદગી, કમનસીબી કે વિધિની કોઈ ક્રૂર ઘટનાથી બચી જાય છે. આના એક દૃષ્ટાન્ત તરીકે, 'કથાસરિત્સાગર'ની[૨૨૬] 'એક હસતી માછલી'ની વાર્તા કહી શકાય. રાજા યોગાનન્દે તેની રાણીને બારીમાંથી એક બ્રાહ્મણ સાથે વાત કરતાં જોઈ. રાજાને બ્રાહ્મણના ચારિત્ર્ય વિષે શંકા જતાં, તેણે તેનો વધ કરવાની આજ્ઞા કરી. બ્રાહ્મણનો વધ કરવા જ્યારે તેને બજારમાંથી લઈ જવામાં આવતો હતો ત્યારે, બજારમાં એક માછલી મરેલી હતી છતાં મોટેથી હસી. માછલી કેમ હસી, એ પ્રશ્ન રાજાના મનમાં ઊઠ્યો અને બ્રાહ્મણનો વધ બંધ કરાવી રાખ્યો, આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવા યોગાનન્દે તેના પ્રધાન વરરુચિને કહ્યું. વરરુચિને એક

---

૨૨૬. Tawney and Penzer, Op-cit, Vol-1, pp-45-50

દિવસ વિશાદેવી સરસ્વતીએ એક સ્થાન બતાવી, ત્યાં આવેલા તાડની ટોચ પર રાતવાસો ગાળવા કહ્યું. વરરુચિ તે તાડ પર રાત્રે સંતાઈ રહ્યો. રાત્રે એક રાક્ષસી તેનાં બાળકો સાથે ત્યાં થઈને જતી હતી. બાળકો ખોરાક માગતાં હતાં તેમને શાંત કરી રાક્ષસીએ કહ્યું કે, સવારે એક બ્રાહ્મણનો વધ થવાનો છે તેનું માંસ તમને આપીશ. બ્રાહ્મણનો કેમ વધ થવાનો છે, એ બાળકોના પ્રશ્નના ઉત્તરમાં માતાએ કહ્યું કે, રાજાની સર્વ રાણીઓ ચારિત્ર્યહીન છે; રાણીવાસમાં સ્ત્રીઓના વેશમાં પુરુષો છે. રાણી કલંકિત ચારિત્ર્યની હોવા છતાં તેને કંઈ કરવામાં આવતું નથી, પણ એક નિર્દોષ બ્રાહ્મણે બારીમાં ઊભેલી રાણી સાથે વાત કરી, તેટલામાં તેનો વધ કરવા રાજાએ હુકમ કર્યો. આ જોઈ મરેલી માછલી હસી. માછલી કેમ હસી, એ રહસ્ય ઉકેલશો નહિ અને સવારે પેલા બ્રાહ્મણનો વધ થતાં તમને માંસ મળશે. વરરુચિએ માછલીના હસવાનો ભેદ વરરુચિએ રાજાને કહ્યો. રાજાએ રાણીવાસમાં તપાસ કરી તો સ્ત્રીઓના વેશમાં પુરુષો નીકળ્યા. પેલા નિર્દોષ બ્રાહ્મણને રાજાએ છોડી મૂક્યો. આ વાતમાં, મરેલી માછલીમાં કોઈ સિદ્ધવિદ્યાના જાણકારે પ્રવેશ કર્યો હોય, એમ ધારવી શકાય. 'વેતાલપચીસી'માં મૃતદેહમાં પેસી વેતાલ વિક્રમ સાથે વાતો કરે છે એ જાણીતું ઉદાહરણ છે.

'કથાસરિત્સાગર'માં,[૨૨૭] 'કીર્તિસેના અને તેની ઘાતકી સાસુ'ની વાતમાં, ગ્રહદાન શ્રવણનું કથાકારક રોગ દૂર કરવામાં અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં પરિણમે છે. પાટલિપુત્રમાં ધનપાલિત નામનો ધનવાન વેપારી હતો. તેણે તેની કીર્તિસેના નામની પુત્રી મગધના ધનવાન વેપારી દેવસેન સાથે પરણાવી. કીર્તિસેનાનો પતિ તો પ્રેમાળ હતો, પણ તેની સાસુ ઘણી ઘાતકી હતી. તે તેને ઘણું દુઃખ દેતી હતી.

૨૨૭. Tawney and Penzer, Op. cit., Vol-III, pp. 44-55

એક દિવસ કીર્તિસેનાનો પતિ વલભી વેપાર માટે જવા તૈયાર થયો ત્યારે કીર્તિસેનાએ પતિને પોતાના બાળકની વાત કહી. દેવસેને માતાને, કીર્તિસેનાને વ્હાલથી રાખવાની સોંપણી કરી ને વલભી ગયો. અતિશય દુઃખથી ત્રાસીને કીર્તિસેના પુરુષવેશ ધારણ કરી પતિ પાસે જવા નીકળી. રસ્તામાં, એક જંગલમાં રાત પડતાં, તે એક ઝાડની બખોલમાં ભરાઈ ગઈ. ત્યાં મધ્યરાત્રિએ એક રાક્ષસી તેનાં ભૂખ્યાં બાળકોને લઈને આવી અને ઝાડ પર ચઢી. તેનાં બાળકો ખોરાક માગવા લાગ્યાં ત્યારે તેમની માતાએ કહ્યું, અહીંથી થોડે દૂરના નગરમાં વસુદત્ત નામના રાજાને માથામાં જૂવડા પડ્યા છે. તે રોગ કોઈ મટાડી શકે તેમ નથી; તેથી તે થોડા દિવસમાં મૃત્યુ પામશે. બાળકોએ રોગ મટાડવાનો ઉપાય પૂછતાં, માતાએ કહ્યું, પ્રથમ રાજાના માથા પર ગરમ માખણ ઘસવું અને ત્યાર પછી માથું ખરા બપોરે તાપમાં મૂકવું; રાજાના કાનમાં એક ભૂંગળી મૂકવી, જેનો બીજો છેડો એક ઠંડા પાણીના ઘડામાં રાખવો. ગરમી અને પરસેવાથી અકળાયેલા જૂવડા માથામાંથી કાને લગાડેલી ભૂંગળી વાટે ઠંડા પાણીના ઘડામાં પડશે. સર્વ જૂવડા નીકળી જતાં રાજા સાજો થશે. કીર્તિસેનાએ આ વાતચીત સાંભળી, રાક્ષસીએ દર્શાવ્યા પ્રમાણે ઉપચાર કરતાં, રાજા સાજો થયો. વસુદત્ત રાજાએ તેને ઘણું દાન અને રાજ્યનો મોટો ભાગ આપવા માંડ્યાં, પણ તે તેણે સ્વીકાર્યાં નહિ. એટલામાં તેનો પતિ દેવસેન ત્યાં આવી પહોંચ્યો, તેને મળી કીર્તિસેના આનંદ પામી.

अ-प्र-शि-रव વાર્તાનાં જુદાં જુદાં રૂપાંતર મળે છે. તેમાં એક મરતા બ્રાહ્મણે ઉચ્ચારેલા શ્લોકના પ્રથમ અક્ષરોના અર્થઘટનથી ખૂનનો ભેદ ખુલ્લો થાય છે, અને રાજા એનો અર્થ જાણ્યા વિના [illegible] મરી જાત, તે બચી જાય છે. શ્લોકના પ્રથમ અક્ષરોનું અર્થઘટન

પ્રસંગના શ્રવણથી થાય છે અને વાર્તાને નવો મોડ મળે છે. 'કથાપ્રકાશ'માં આ વાર્તા 'બ્રાહ્મણકથા'ના શીર્ષકથી મળે છે. કાલિદાસની માફક પોતાને માન નહીં મળતું હોવાના કારણે, એક બ્રાહ્મણ રાજા પર રિસાઈ કાલંજર ગયો. કાલંજરના રાજાએ તેની વિદ્વત્તાથી પ્રસન્ન થઈ તેને ઘણી સંપત્તિ આપી. સંપત્તિ લઈને પાછા આવતાં, બ્રાહ્મણના નોકરની દાનત બગડી અને પોતાના સ્વામીને મારી, સંપત્તિ લઈ તે ઉજ્જયિની આવ્યો. મરનાર બ્રાહ્મણે ઉચ્ચારેલા अ-प्र-शि-ख અક્ષરો જૂના સેવકે તેના પિતાને કહ્યા; કોઈ તે અક્ષરોનો ભેદ ઉકેલી શક્યું નહિ. રાજાએ અન્ય વિદ્વાનો મારફતે તેનો અર્થ જાણવા પ્રયત્ન કર્યો પણ સફળતા મળી નહિ. રાજા બેચેન દશામાં ઝૂરતો મરવા જેવો થઈ ગયો. રાજાના સંકટ સમયના ભેરુ વરરુચિએ આ ભેદ જાણવા પ્રયત્ન કર્યો. તે જંગલમાં જઈ રાત્રે એક વડના ઝાડ પર સંતાઈ રહ્યો. રાત્રે તે ઝાડ નીચે એક શિયાળે વાત કરતાં, પેલા શ્લોકના દરેક ચરણના પહેલા પદના પહેલા અક્ષરનો આ પ્રમાણે અર્થસ્ફોટ કર્યો:

તારો પુત્ર જંગલમાં ઊંઘતો હતો ત્યારે આ માણસે તેની ચોટલી પકડી, તેની તલવાર વડે તેને મારી નાખ્યો.

આ જાણી રાજાએ જૂની સેવકને શિક્ષા કરી અને રાજા ખુશમિજાજમાં રહેવા લાગ્યો.

ઉપર્યુક્ત વાર્તાના 'સિદ્ધિ-કૂર'ના મોંગોલિયન રૂપાન્તરમાં રાજા, મરનાર બ્રાહ્મણનો સંદેશો : 'અ-બ-ર-ક્ષિ-ક' સમજવા આખા દેશના ડાહ્યા માણસોને પૂછે છે, પણ કોઈ તેનો અર્થ સમજાવી શકતું નથી; તેથી રાજા ગુસ્સે થઈ તેમને ધમકી આપે છે કે, આવતી કાલ સુધીમાં જો આ સંદેશાનો અર્થ જણાવવામાં નહિ આવે તો સર્વનો વધ કરવામાં આવશે. ડાહ્યા પુરુષોમાંનો એક

પુરોહિત નાસી છૂટે છે અને એક ઝાડ નીચે સંતાઈ જતાં, તે ઝાડની ટોચ પરથી એક રડતા બાળકને તેનો પિતા આ પ્રમાણે કહેતો તે સાંભળે છે: આવતી કાલે, 'અ-બ-ર-ક્ષિ-ક'નો અર્થ નહિ કહી શકવાના કારણે, રાજા એક હજાર માણસોનો વધ કરવાનો છે; તે સમયે તને ઘણું માંસ મળશે. બાળકે પિતાને 'અ-બ-ર-ક્ષિ-ક'નો અર્થ પૂછતાં પિતાએ તેને કહ્યો. સાંભળી રહેલા પુરોહિતે સવારમાં મરનારના સંદેશાનો અર્થ કહી બતાવ્યો. આ વાર્તાનું રૂપાન્તર હેમવિજયકૃત 'કથારત્નાકર'માં મળે છે. ગુજરાતી ~~[illegible]~~ 'પંચાખ્યાનવાર્તિક'માં વરરુચિને સમસ્યાઓનો ઉકેલ કરી, કરોડરીની પળો રાળતો નિરૂપવામાં આવ્યો છે. 'પંચાખ્યાનવાર્તિક'ની વાર્તામાં, એક પોપટ કાગળ પર લખેલા અનેક સમસ્યાઓ લઈ રાજા પાસે ઉકેલ માટે આવ્યો. રાજાએ સભા ભરી, પાંચસો પંડિતોને સમસ્યાઓનો અર્થ શોધી કાઢવા કહ્યું, પણ તેઓ શોધી શક્યા નહિ. આથી ગુસ્સે થઈ રાજાએ તેઓને ધમકી આપી કે, એક અઠવાડિયામાં તેઓ તેનો ઘટસ્ફોટ નહિ કરે તો તેમને સખત શિક્ષા કરવામાં આવશે. પાંચસો પંડિતોમાંનો એક શિરોમણિ (વરરુચિ) એક ઝાડની બખોલમાં સંતાઈ રહ્યો. તેણે ઝાડ પર એક ભારંડ પક્ષીને તેના બચ્ચાને આશ્વાસન આપતું સાંભળ્યું કે, રાજાએ પૂછેલી સમસ્યાઓનો અર્થ નહિ કહી શકવાથી, રાજા આવતી કાલે સવારે પાંચસો પંડિતોનો વધ કરશે તે વખતે તું ધરાઈને ખાજે. બચ્ચાએ સમસ્યાઓનો અર્થ પૂછતાં, ભારંડપક્ષીએ તે તેને કહ્યો. શિરોમણિએ ઉકેલ રાજાને કહ્યો અને પરિણામે પાંચસો પંડિતો બચી ગયા. 'કથાપ્રકાશ'માં સમસ્યાત્મક ઘટનાના ઉકેલની એક વાર્તા -(Eggeling and Gaurishankar Kaumudi, p. 121 ff.) મળે છે. તેમાં એક શિયાળ અને તેનાં બચ્ચાં વચ્ચેનો વાર્તાલાપ, સંતાઈને સાંભળવાથી, સમસ્યાનો ઉકેલ સમજાય છે અને જિંદગી બચી જાય છે. સમસ્યાત્મક વાર્તાઓમાં, વાર્તામાં વાર્તા આવે છે તે રસપ્રદ છે. [illegible] ~~[illegible] સમસ્યાઓ સમસ્યાનો ભેદ ઉકેલે છે વાર્તારસની [illegible]~~ છે.

માદા ગરૂડ તેનાં બચ્ચાંને એક સમસ્યાનો ઉકેલ કહ્યો, અને તે સાંભળી લોક-બ્રાહ્મણ બચી ગયા, એ ઉદાહરણ, એમ. બ્લૂમફિલ્ડે સિયામ દેશની શૈલી 'પક્ષી-પ્રકરણ' અથવા 'પક્ષી-પંચતંત્ર'માં આ પ્રમાણે આપ્યું છે:[૨૨૮]

પવિત્ર દેવ-બ્રાહ્મણ, દુષ્ટ લોક-બ્રાહ્મણનો નાશ કરવા તેની સામે કેટલીક અઘરી સમસ્યાઓ મૂકે છે અને તેને સમસ્યાઓનો ઉકેલ કરી બતાવવા સાત દિવસની મહેતલ આપે છે. છેલ્લા દિવસે લોક-બ્રાહ્મણ આખો દિવસ ભટકી, રાત્રે, જેના પર ગરૂડ પક્ષીનો માળો છે એવા એક ઝાડની બખોલમાં તે છુપાઈને બેસે છે. ત્યાં માદા ગરૂડ તેનાં બચ્ચાંને આશ્વાસન આપતી જણાવે છે કે, લોક-બ્રાહ્મણ સમસ્યાઓનો ઉકેલ નહિ કરી શકશે તેથી દેવ-બ્રાહ્મણ સવારમાં તેનો વધ કરશે અને આપણને ખોરાક મળશે. બચ્ચાંના આગ્રહથી માતા દેવ-બ્રાહ્મણની સમસ્યાઓનો ઉકેલ કહી બતાવે છે. લોક-બ્રાહ્મણ આ ઉકેલ સાંભળી લે છે અને બચી જાય છે.

અદૃશ્ય શક્તિઓની વાતચીત સાંભળી, એક વેપારીના પુત્રે પોતાના પ્રિય મિત્ર રાજકુંવરની જિંદગી કેવી રીતે બચાવી તે દર્શાવતી વાર્તા 'કથાસરિત્સાગર'માં પ્રાપ્ત થાય છે એનો સંક્ષેપ આ પ્રમાણે છે:[૨૨૯]

પુષ્કરાવતી નગરીમાં ગૂઢસેન રાજાના પુત્રને બ્રહ્મદત્ત નામનો વેપારી-પુત્ર મિત્ર હતો. પહેલાં પોતાનો મિત્ર બ્રહ્મદત્ત પરણે અને પછી પોતે પરણે, એવો નિશ્ચય કરીને રાજકુંવર અને તેનો મિત્ર અહિચ્છત્ર જવા

૨૨૮ Bloomfield, M., 'Overhearing as a Motif in Hindu Fiction', published in the 'American Journal of Philology', Vol. XLI, Oct. to Dec., 1920; pp. 301-335.

૨૨૯ Tawney and Penzer, Op. cit., Vol. III, pp. 29-32

નીકળ્યા. રસ્તામાં એક સ્થળે પડાવ નાખ્યો ત્યાં સર્વ મિત્રમંડળને કુંવરે મિજબાની આપી. રાજકુંવરે ઘણો મદ્ય પીધો અને તેના કારણે વાર્તા કહેતો કહેતો મદ્યના ઘેનમાં ઊંઘી ગયો; અન્ય સર્વ ઊંઘી ગયાં પણ બ્રહ્મદત્ત જાગતો રહ્યો. તેણે હવામાં કેટલાક સ્ત્રીઓના વાર્તાલાપનો અવાજ સાંભળ્યો. પહેલો અવાજ સંભળાયો કે, આ દુષ્ટ, વાર્તા પૂરી કર્યા વિના ઊંઘી ગયો માટે હું તેને શાપ આપું છું કે, આવતી કાલે સવારે તે એક હાર જોશે; જો તે હારને પકડશે તો તે તેના ગળે વળગશે અને તે મૃત્યુ પામશે. બીજો અવાજ સંભળાયો કે, જો કુંવર તે ભયમાંથી બચી જશે તો તે એક આંબો જોશે અને તેનું ફળ તે ખાશે તો તરત જ મરણ પામશે. ત્રીજા અવાજે કહ્યું, જો તે આ આપત્તિમાંથી બચી જશે તો જે દ્વારમાં તે લગ્ન માટે જશે તે દ્વાર તેના પર પડશે અને તે મરણ પામશે. ચોથો અવાજ બોલ્યો, તેમાંથી જો તે બચશે તો પરણ્યાની પહેલી રાત્રે તે સો વાર છીંક ખાશે અને પ્રત્યેક છીંક વખતે કોઈ તેને પ્રભુ તને જીવતો રાખે એમ નહિ કહે તો તે મરણને ભેટશે. જે વ્યક્તિએ કુંવર પર પડનારી આફતો અને તેમાંથી બચવાના ઉપાય સાંભળ્યા હશે તે જો તેને કહેશે તો કહેનાર નાશ પામશે.

ઉપર્યુક્ત ચાર આફતો પૈકી ત્રણમાંથી કુંવરને સહેલાઈથી બચાવી શકાયો, પણ ચોથી આફતમાંથી બચાવવા જતાં, કુંવરે બ્રહ્મદત્ત પર શંકા આણી તેનો વધ કરવા હુકમ કર્યો. બ્રહ્મદત્તે કુંવરને સઘળી હકીકત કહી ત્યારે તે શાંત થયો.

લાલ બિહારી દે-સંપાદિત 'Folk Tales of Bengal' (પૃ-૧૩૨) માં ઉપર્યુક્ત વાર્તાને મળતી એક વાર્તામાં રાજકુંવર સોબુર સિંગમ અને વિહંગમા નામનાં બે દિવ્ય પક્ષીઓના વાર્તાલાપ-શ્રવણથી બચી જાય છે. રાજકુંવર સોબુર એક વેપારીની સુંદર પુત્રી પરણ્યો, પણ વેપારીની બીજી ૯૯ પુત્રીઓએ ઈર્ષ્યાવશ થઈને લગ્નશય્યામાં ભાંગેલા કાચની કરચો નાખી તે રાજકુંવરના આખા અંગમાં પેસી ગઈ. તેની પત્ની

સોબુરને સોબુરનો રાજગૃહમાં લઈ ગઈ અને હાથમાં કટારી લઈ પતિના દુઃખનિવારણનો ઉપાય શોધવા નીકળી. રસ્તામાં તે એક ઝાડ નીચે બેઠી ત્યાં એક સાપને તેણે વિહંગમ-વિહંગમીનાં બચ્ચાંને ખાઈ જવા પ્રયત્ન કરતો જોયો; તેણે કટારીથી સાપના બે ટુકડા કરી નાખ્યા. માતાપિતા માળામાં આવ્યાં ત્યારે બચ્ચાંએ તેઓને પોતાનો જીવ કેવી રીતે બચ્યો તેની વાત કહી. ત્યાર પછી રાજકુંવરની પત્નીએ વિહંગમ દંપતીને વાતચીત કરતાં સાંભળ્યાં કે, આ ઝાડ નીચેની જમીન પરનું છાણ જો રાજકુંવરના શરીરે ઘસવામાં આવે તો તેનું દુઃખ દૂર થાય; અને એ કાર્ય કરવા પત્નીને તેના પતિ પાસે જવું હશે તો અમે તેને ત્યાં લઈ જઈશું. વિહંગમદંપતીની સહાયથી પત્ની રાજકુંવર પાસે ગઈ અને તેણે તેના શરીરે છાણ ઘસી તેને સાજો કર્યો.

પારકર-સંપાદિત 'Village Folktales of Ceylon' (Vol. I, p.137)-માં એક રાજકુંવરની પત્ની પતિને મારી નાખવા સમસ્યા યોજે છે, પણ ગૃહદેવતા અને ગૃહદેવી (દેવતાવા અને દેવતાવી)એ એ સમસ્યા-ના કહેલા ઉકેલથી રાજકુંવરનું જીવન બચી જાય છે. એ વાર્તા આ પ્રમાણે છે:

એક રાજકુંવરની પત્ની નાગયા નામના નાગ સાથે આડો સંબંધ ધરાવતી હતી. પત્નીના વ્હાલા નાગયાએ જાણ્યું કે, રાજકુંવરના અંગૂઠે બચકું ભરવાથી તે મરણ પામશે. નાગયો એક દિવસ સંતાઈને તેને કરડવાની રાહ જોતો હતો ત્યારે એક રાજસેવકે તેને મારી નાખ્યો. રાણીએ નાગયાના મૃતદેહને પોતાની કમરે બાંધવાના કંદોરાના ખોખામાં મૂકી, રાજકુંવર સાથે હોડ બકી કે, હું કહું તે સમસ્યાની તમે પૂર્તિ કરો. જો પૂર્તિ કરવામાં સફળ થાઓ તો તમે મને મારજો અને તમે નિષ્ફળ થાઓ તો હું તમને મારીશ. સમસ્યા એ હતી કે, નાગબંધ એ સુવર્ણ કમરમાં છે. રાજકુંવરે અનેક પ્રયત્નો કર્યા છતાં તે સમસ્યાનો અર્થ પામી શક્યો નહિ. એક દિવસ પછી તેનો વધ થવાનો હતો તેવામાં, રાજકુંવરની બ્હેનો ગૃહદેવી અને ગૃહદેવતાને સમસ્યાનો અર્થ કહેતાં સાંભળ્યાં. રાજકુંવરે ઉકેલ કહી બતાવ્યો અને રાણીને મારી નાખી.

પ્રો. સ્ટોક્સ-સંપાદિત 'Indian Fairy Tales' માં, પ્રચ્છન્ન શ્રવણ, કથાઘટક, જીવન બચાવવા, આપત્તિ દૂર કરવા કે રોગ નાબૂદ કરવાના ઘટનાઓ ઉપરાંત મરેલી વ્યક્તિઓને સજીવન કરવાના પ્રસંગો પણ મળે છે. કથાઘટકના આ અંશ પૂર્ણ કરતી એક વાર્તા આ પ્રમાણે છે:

ફૂલમતી રાણીને એક મોચીની પત્નીએ વેરના કારણે બે વખત મારી નંખાવી, પણ તે જીવતી થઈ ઇન્દ્રાસન રાજાના માળીના ઘરમાં રહેવા લાગી. એક દિવસે તેને જોતાં રાજા મોહ પામ્યો અને તેને પરણ્યો. મોચીની પત્નીએ એક દિવસ ઊંઘતી રાણીના મુખે લોહી ચોપડી રાજાને ઠસાવ્યું કે, ફૂલરાણી રાક્ષસી છે. રાજાએ તેની સુંદર રાણીના ટૂકડા કરી નાખ્યા. ફૂલમતીના હાથ અને પગમાંથી આઠ ઘર પેદા થયાં, તેની છાતીમાંથી તળાવ બન્યું, તેનું માથું તળાવની મધ્યમાં ઘર બન્યું અને તેની આંખો બે કબૂતર બન્યાં. ઇન્દ્રાસન રાજા તળાવની મધ્યમાં આવેલા ઘરમાં એક દિવસ સૂતો હતો ત્યારે તેણે બે કબૂતરને વાતચીત કરતાં સાંભળ્યાં કે, આ સૂતેલા માણસે ફૂલમતીના ટૂકડા કરી નાખ્યા, પણ ફૂલમતી દરરોજ મધ્યરાત્રિએ, તેની દાસીઓ સાથે આ તળાવમાં ન્હાવા આવે છે. રાજાએ તે સર્વના પોષાક લઈ લેવા જોઈએ; પોષાક પૈકીનો ધોળો પોષાક તેણે ફેંકી દેવો અને રાતો પોષાક તેણે રાખવો. રાજાએ વાતચીત સાંભળી, તે પ્રમાણે વર્ત્યો એટલે ફેંકી દીધેલો ધોળો પોષાક લઈ પરીઓ નાસી ગઈ અને રાતો પોષાક લેવા રાજા પાસે આવી ફૂલમતીએ કહ્યું, રાતા પોષાક વિના હું મરણ પામીશ અને ફરી જીવતી થઈશ નહિ. રાજાએ પસ્તાવો કરી, પોતાની ભૂલની માફી માગી. બન્ને વચ્ચે ફરી પ્રેમ જાગૃત થયો અને રાજાએ રાણીનો પોષાક પાછો આપ્યો.

છુપા રહીને વાર્તાલાપ સાંભળવાના પરિણામે, કેટલાક રોગોનું નિવારણ દર્શાવતી વાર્તાઓ પણ મળે છે. 'પાર્શ્વનાથચરિત્ર'માં,[230] 'રાજકુંવર લલિતાંગ અને સજ્જનની વાર્તામાં બે ભારંડ પક્ષીનો વાર્તાલાપ સાંભળી,

૨૩૦. Bloomfield, M., Op. cit., pp. 30-31.

લલિતાંગ પોતાનો અને જિતશત્રુ રાજાની કુંવરી પુષ્પાવતીનો અંધાપો દૂર કરી શકે છે. ટૉનીના 'કથાકોશ'ના અનુવાદમાં (પૃ-૫૫), સુરપુરના રાજા સિંહ-ધ્વજની રાણી મદનાવલી દુર્ગંધિથી પીડાતી હોવાની વાર્તા મળે છે. પૂર્વ જન્મમાં રાણીએ, તપ કરતા એક સાધુના શરીરમાંથી, તાપમાં પરસેવા અને મેલના કારણે ગંધ આવતી તેના તરફ તિરસ્કાર દર્શાવ્યો હતો, અને તેના શાપરૂપ રાણી આ જન્મમાં દુર્ગંધિથી પીડાતી હતી. આથી રાજાએ તેને જંગલમાં એક મહેલ બંધાવી આપી, વિશ્વાસુ રક્ષકોની દેખરેખ નીચે રાખી. રાણી ઘણી દુઃખી થઈ. એક દિવસ રાણીએ પોપટદંપતીને વાત કરતાં સાંભળ્યાં કે, જો રાણી જિન ભગવાનની, દિવસમાં ત્રણ વખત એમ સાત દિવસ સુધી સુગંધિત દ્રવ્યોથી પૂજા કરે તો રાણીની દુર્ગંધ જતી રહેશે. પોપટદંપતીએ કહ્યા પ્રમાણે રાણીએ કર્યાથી, તેની પીડા ટળી ગઈ અને રાજાએ તેને પોતાની પાસે રાખી.

ઉપર્યુક્ત હેતુઓ સિવાય, આ કથાઘટકની યોજનાથી વ્યક્તિ સમૃદ્ધિ, ઊંચી પદવી કે રાજપદ પ્રાપ્ત કરે છે તેવી વાર્તાઓ પ્રાપ્ત થાય છે. આ વાર્તાઓમાં વિષાદ, દુઃખ, કટોકટીભરી ક્ષણો, મરણ, રોગ ઇત્યાદિ માનવજીવનના ઘેરા પાસાંને વ્યક્ત કરતા અંશ નથી, પણ વાતચીત કરતાં પાત્રો ઉલ્લાસ અને ઉત્સુકતાથી, ભાગ્યના [illegible]ના ઉદય અને આશાથી ભરે મરી ફીટતાં દર્શાવેલાં છે. જાતકકથાઓ પૈકી નિગ્રોધ જાતક (ક્રમાંક નં. ૪૪૫)માં, નિગ્રોધ, સખ અને પોટ્ટિક તક્ષશિલા વિદ્યાપીઠમાંથી પોતાનો અભ્યાસ પૂરો કરી પાછા ફરતાં, બનારસમાં, એક દેવળના આંગણામાં ઝાડ નીચે રાતવાસો રહ્યા. રાત્રે તેઓએ બે કૂકડા વાતચીત કરતાં સાંભળ્યા: એક કૂકડાએ કહ્યું કે, જો મને મારીને મારી ચરબી કોઈ ખાય તો સવારમાં તે રાજા થાય; મારા મધ્ય ભાગનું માંસ જો તે ખાય તો તે સેનાપતિ બને અને મારા હાડકાંને વળગેલું માંસ જો તે ખાય તો તે ખજાનચી થાય. બીજા કૂકડાએ કહ્યું કે, મારું માંસ જો કોઈ ખાય તો તેને સવારમાં એક હજાર ટકા મળે. ત્રણ મિત્રોએ આ વાર્તાલાપ સાંભળી, બન્ને કૂકડાનો વધ કર્યો અને પરિણામે બીજે દિવસે તેઓને સમૃદ્ધિ, પદવી અને રાજપદ પ્રાપ્ત થયાં.

પ્રવહણ ભાંગવાથી બે પ્રેમીઓનું મિલન થાય છે તેનું ઉદાહરણ વાસવદત્તાની નાયિકાની વાર્તામાં મળે છે:

રાજકુંવર કંદર્પકેતુ એક સ્વપ્નસુંદરીના પ્રેમમાં હોઈ તેને માટે તલસતો હતો. એક દિવસે એક પોપટ અને મેનાની વાતચીત તેણે સાંભળી કે, વાસવદત્તાએ સ્વપ્નમાં કલ્પેલ સમો એક યુવાન જોયો અને તે યુવાન, પાસે જઈ, વાસવદત્તાની દાસી તમાલિકા પોતાની સ્વામિનીના પ્રેમની કથા કહે છે. પરિણામે બન્ને પ્રેમીઓનું મિલન શક્ય બન્યું. ભાવદેવસૂરિકૃત 'પાર્શ્વનાથચરિત્ર'માં,[231] અપરમાતાની ઈર્ષ્યાના ભોગ બનેલા બે રાજકુંવર અમરસેન અને વરસેનની વાર્તા પ્રાપ્ત થાય છે. દેશપાર થયેલા બન્ને કુંવરે જંગલના એક ઝાડ નીચે એક પોપટ દંપતીનો વાર્તાલાપ સાંભળ્યો કે, આ રાજકુંવરો સુખ પામી શકે તેમ છે, પણ સુખ પ્રાપ્ત કરવાનાં સાધનો મળતાં નથી. પોપટની પત્નીએ કહ્યું, શકુટ પર્વત પર આવેલાં બે સહકાર વૃક્ષ વિદ્યાધરોની વિદ્યાથી મંત્રયુક્ત કરાયેલાં છે. તેમાંના એકનું ફળ ખાવાથી રાજપદ પ્રાપ્ત થાય છે, જ્યારે બીજાનું ફળ ખાનારના મુખમાંથી દરરોજ પાંચસો દીનાર પડે છે. પોપટ દંપતીએ રાજકુંવરોને બે ફળ લાવી આપ્યાં. એક ફળ ખાઈ અમરસેન રાજા થયો અને વરસેન ઘણાં પરાક્રમ કર્યા પછી યુવરાજ થયો.

આ હેરક તત્ત્વ (કથાઘટક) પ્રયોજવાથી જેમ વાર્તામાં પાત્રોને કુદરતી સમૃદ્ધિ અને સુખ પ્રાપ્ત થાય છે, તેમ નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન થયાનાં દૃષ્ટાંતો પણ મળે છે. મહાભારતમાં આવતી પ્રસિદ્ધ દેવશર્મા અને વિપુલની વાર્તામાં આવે છે એવું કે, વિપુલે ગુરુપત્નીના દેહમાં યોગબળથી પ્રવેશ કરેલો (તે એક ગુરુના હિત માટે જ કરેલો) તે એક દૃષ્ટિએ પાપકર્મ હતું. તેણે તે ગુરુ સમક્ષ કબૂલ ન કર્યું તો ગુપ્ત વાર્તાલાપ દ્વારા તે છતું થયું અને વિપુલે પાપનો પસ્તાવો કર્યો.

નૈતિક ઉત્થાન દર્શાવતું 'પાર્શ્વનાથચરિત્ર'માંનું[232] નીચેનું દૃષ્ટાંત

૨૩૧. Bloomfield, M., Op. cit., pp. 145-151

૨૩૨. Ibid., pp. 56-59

જોઈએ:

ક્ષીરકદંબ નામના ગુરુ પોતાના શિષ્યોને (જેમાંનો એક રાજકુંવર હતો.) રાજમહેલમાં ભણાવતા હતા. તેઓએ આકાશમાર્ગે જતા બે સાધુઓનો વાર્તાલાપ કરતા સાંભળ્યા કે, આ ત્રણ શિષ્યો પૈકીનો એક સ્વર્ગમાં જશે અને બે નરકમાં જશે. ગુરુને ચિંતા થઈ કે સ્વર્ગમાં કોણ જશે અને નરકમાં કોણ જશે. શિષ્યોની પરીક્ષા કરવા ગુરુએ દરેકને પિષ્ટકુર્કુટ (dough-cock) આપ્યો અને કહ્યું કે, કોઈ જોઈ શકે નહિ તેવી રીતે આ પિષ્ટકુર્કુટ હણવા. રાજકુંવર સિવાયના બે વિદ્યાર્થીઓ એકાંતમાં જઈ પોતાના પિષ્ટકુર્કુટને હણી લાવ્યા, પણ રાજકુંવરે વિચાર્યું કે, ગમે તેટલું એકાન્ત હોય પણ કોઈ ને કોઈ તો મારું આ કાર્ય જુએ છે, એમ વિચારી તે તેનો કુકડો હણ્યા વિના પાછો લાવ્યો. તે સ્વર્ગનો અધિકારી ઠર્યો.

પંચતંત્રની સોમિલક વણકરની વાર્તામાં આ દારકતત્ત્વ ઉપદેશાત્મક સ્વરૂપમાં મળે છે. સોમિલક નામનો ગરીબ વણકર ધનપ્રાપ્તિ માટે પરદેશ ગયો. ત્રણસો સોનામહોરો કમાઈ તે વતનમાં પાછો ફરતો હતો ત્યારે રસ્તામાં એક વડ નીચે રાતવાસો ગાળવા રોકાતાં, તેણે બે ભયંકર પુરુષોને વાતચીત કરતા સાંભળ્યા: એકે કહ્યું કે, આ સોમિલકને પોતાનાં ગુજરાન પૂરતાં કપડાં અને ખાવા આપવાં, તે સિવાય બીજું કંઈ ન મળવું જોઈએ. બીજાએ કહ્યું, તે જે કર્મ કરે તેના બદલામાં તેને કંઈ આપવું એ મારી ફરજ છે, પ્રાપ્ત કરેલી સમૃદ્ધિ રાખવી કે નષ્ટ કરવી એ તમારા હાથમાં છે. આમ કહેવામાં, સોમિલકની સોનામહોરો અદૃશ્ય થઈ ગઈ. તેણે ફરી સોનામહોરો મેળવવાનો પ્રયત્ન કર્યો અને ફરી તે નાશ પામી. કંટાળીને તેણે આપઘાત કરવાનો પ્રયત્ન કરતાં, તેને ઉપદેશ આપવામાં આવ્યો કે, પહેલાંની માફક સામાન્ય સ્થિતિમાં રહી જેમ તેમ તેણે સંતોષ માનવો. તેના નસીબમાં સમૃદ્ધિ નથી.

આ ઘટકતત્ત્વની નૈતિક અથવા આધ્યાત્મિક બાજુ દર્શાવતી બે વાર્તાઓ 'પાર્શ્વનાથચરિત્ર'માં મળે છે:[233]

શ્રીગુપ્ત નામના ચોરે વડના ઝાડ પર રાતવાસો કરતાં, એક પોપટ દંપતીને વાતચીત કરતાં સાંભળ્યાં; પતિએ પત્નીને કહ્યું, એક સાધુ પાસેથી તેણે જાણ્યું છે કે, શ્રીપુંડરિકાદિ સાધુઓ જ્યાં રહેતા હતા ત્યાં તે શત્રુંજય તીર્થમાં ન્હાવાથી માનવીનું આયુષ્ય વધે છે. આ સાંભળી શ્રીગુપ્તે પોપટ પાસેથી સાધુએ કહેલાં સૂચનો જાણી લીધાં. ચોર શ્રીગુપ્ત સાધુ થયો અને સ્વર્ગમાં જઈ તેણે મોક્ષ પ્રાપ્ત કર્યો.

બીજી વાર્તા એવી છે કે, એક નાનો પોપટ એક તપસ્વીના આશ્રમમાં રહેતો હતો. ત્યાંના તપસ્વીને તેણે શિષ્યો પ્રતિ એવું કહેતા સાંભળ્યા કે, મહાસાગરના મધ્યમાં એક ટાપુ પર આંબાનું ઝાડ છે. તેના પરની અમૃતભરી કેરી ખાવાથી વૃદ્ધાવસ્થા, માંદગી અને કુરૂપતા નાશ પામે છે. પોપટે આ સાંભળી, પોતાનાં વૃદ્ધ માતાપિતા માટે તે કેરી આણી, તેઓને ખવડાવી અને પિતૃઋણ અદા કર્યું.

પ્રચ્છન્ન શ્રવણ ઘટકતત્ત્વનું જે વાસ્તવિક અને અનુભવજન્ય પાસું છે તેની ઘણી મર્યાદાઓ છે, જ્યારે પરીકથા-આધારિત કલ્પનાજન્ય પાસામાં વૈવિધ્ય, ઉલ્લાસ, ઉત્સુકતા અને પરાક્રમોની દુનિયાનું ચિત્ર અસરકારક અને આકર્ષક હોય છે. પ્રચ્છન્ન શ્રવણના વાસ્તવિક પ્રસંગો ઘણા ઓછા મળે છે, અને જે મળે છે તેમાં માનવી કે અર્ધમાનવીરૂપ પાત્રો વાર્તાલાપ કરતાં સંભળાય છે, જેથી તેમાં વૈવિધ્યહીનતા પ્રવેશે છે. છૂપાઈને સાંભળવાની વાસ્તવિક ઘટના બહુ બહુ તો નાટ્યાત્મક અથવા ટુચકારૂપ મળે; પણ આ ઘટકતત્ત્વનું મુખ્ય આકર્ષણ તેનો પરીકથાજન્ય અંશ છે કે જેમાં પોપટ દંપતી, ભારંડ પક્ષીઓ, ગરુડ અને તેનાં બચ્ચાં, યક્ષો, શિયાળ

233. Bloomfield, M., Op. cit., pp. 178-79

આદિ વાત કરતાં હોય છે. વાર્તાકારો આ પરીકથાજન્ય અંશનો ઉપયોગ કરી, વાર્તાઓને રસનિષ્પત્તિના પરાકાષ્ઠાએ લઈ જાય છે. સાથે સાથે એ પણ રોમાંચક છે કે, જો દિવ્ય, અર્ધદિવ્ય, પશુ પક્ષી આદિના વાર્તાલાપની ભાષા સમજવાની શક્તિ પણ વાર્તાલાપ શ્રવણ કરનાર વ્યક્તિઓને હોય છે. એટલે આ ઘટક-તત્ત્વનું કલ્પનાજન્ય - પરીકથારૂપ જે પાસું છે તેને અદ્ભુત અંશ કહી શકાય; અને એ અદ્ભુત અંશના કારણે જ, પ્રચ્છન્ન શ્રવણનું કથાઘટક વાર્તાસાહિત્યમાં વ્યાપક અને વિશિષ્ટ સ્થાન પામ્યું છે; વાસ્તવિક ઘટનાત્મક સ્વરૂપમાં તો તે ગણ્યુંગાંઠ્યું રહેલ.

વાસ્તવિક ઘટનાત્મક સ્વરૂપમાં, પ્રચ્છન્ન શ્રવણ ઘટકતત્ત્વનાં નીચેનાં કેટલાંક ઉદાહરણ નોંધપાત્ર છે:

'પરિશિષ્ટપર્વ'માં એમ વાર્તા મળે છે કે, પાટલિપુત્ર જીતવામાં નિષ્ફળ ગયેલો, ચંદ્રગુપ્તનો મુત્સદ્દી પ્રધાન ચાણક્ય એક વૃદ્ધ મજુરણના ઝૂંપડા પાસે આવ્યો. તે વખતે વૃદ્ધા બાઈ ગરમ રસોઈ બાળકોને પીરસી રહી હતી. એક બાળક થાળીમાંના ગરમ ખોરાકની વચ્ચે હાથ નાખતાં તે દાઝ્યો અને રડવા લાગ્યો. માતાએ તેને ઠપકો આપ્યો કે, તું તો ચાણક્ય જેવો મૂર્ખ છે. ચાણક્ય આ સાંભળી, ઝૂંપડીમાં આવી તે વાક્યનો અર્થ પૂછવા લાગ્યો. વૃદ્ધાએ કહ્યું, થાળીમાંનો આજુબાજુનો ઠંડો ખોરાક ખાધા પછી બાળકે વચ્ચેનો ખોરાક ખાધો હોત તો તે દાઝત નહિ; તેવી રીતે ચાણક્યે આજુબાજુનો પ્રદેશ જીત્યા વિના, દુશ્મનના વચ્ચે આવેલા મજબૂત સ્થાન પર હલ્લો કરવાથી તે હાર્યો. ચાણક્યે પોતાની ભૂલ સુધારી.

રામાયણમાં પ્રસંગ આવે છે કે, બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કરવા મથતા વિશ્વામિત્રને વસિષ્ઠ હંમેશાં રાજર્ષિ કહેતા અને તેથી

વિશ્વામિત્રે વસિષ્ઠ પ્રત્યે ઈર્ષ્યા અને વેરભાવ કેળવ્યાં હતાં, તે એટલી હદ સુધી કે, એક દિવસ વસિષ્ઠને મારી નાખવાના આશયથી, વિશ્વામિત્ર તેઓના આશ્રમમાં સંતાઈ રહ્યા. રાત્રે વિશ્વામિત્રે વસિષ્ઠ-અરૂંધતીને વાતચીત કરતાં સાંભળ્યાં. અરૂંધતીએ ઝૂંપડાની સળીઓમાં થઈને ચાળાતી આવતી ચાંદની જોઈ પતિને પૂછ્યું, આવું સ્વચ્છ, નિર્મળ અને પવિત્ર તપ કોનું હશે? પતિએ કહ્યું, વિશ્વામિત્રનું. પોતાના વેરીના મુખે પોતાની પ્રશંસા સાંભળી, વિશ્વામિત્રના હૃદયમાંથી વેરભાવ અને ઈર્ષ્યા ચાલ્યાં ગયાં, અને દોડી તેઓ વસિષ્ઠને ચરણે પડ્યા. વસિષ્ઠે તેમને બ્રહ્મર્ષિ કહ્યા.

'કથાપ્રકાશ' (Eaggling Gurupūjākaumudī, pp-123 ff)માં રાજા વીરસિંહ ભાવિ મહાકવિ ભારવીની શક્તિ અને પ્રતિભા વિશે પૂછ-પરછ કરવા લાગ્યો ત્યારે ભારવીના પિતાએ કહ્યું કે, તે તો મોટો મૂર્ખ છે. આ સાંભળી, ગુસ્સે થયેલો ભારવી, પિતાનું ખૂન કરવાના આશયથી પિતાના શયનખંડમાં રાત્રે સંતાઈ રહ્યો. તે સમયે, માતાએ પિતાને પૂછ્યું, ભારવી જેવા શક્તિશાળી પુત્રને મૂર્ખ કહી ભરસભામાં તમે કેમ તેની અપકીર્તિ કરી? પિતાએ કહ્યું, રાજાની આખી સભામાં તેના જેવો કોઈ નથી; પણ તેના મોઢે વખાણ કરવાની ઈચ્છા ન હોવાથી મેં એ પ્રમાણે કહ્યું. આ સાંભળી ભારવી પસ્તાયો અને દોડી પિતાને ચરણે પડી, પોતાના દુષ્ટ આશય માટે માફી માગી.

સત્ય દૃષ્ટાન્તાત્મક સ્વરૂપમાં, આ કથાઘટકના નાટ્યાત્મક રીતે આપણને 'કથાસરિત્સાગર'માંની[૨૩૪] ચંડમહાસેન અને અંગારવતીની વાર્તામાં મળે છે. વાર્તામાં, ચંડમહાસેન અંગારક નામના રાક્ષસની પુત્રી અંગાર-વતી સાથે પ્રેમમાં પડે છે. ચંડમહાસેન અંગારવતી મારફત, રાક્ષસનું મૃત્યુ શાથી થાય તે પૂછે છે. રાક્ષસ કહે છે: મારો ડાબો હાથ અરક્ષિત છે.

૨૩૪. Tawney and Penzer, Op-cit, Vol-1, 124-128

તેના પર કોઈ પ્રહાર કરે તો મારું મૃત્યુ થાય. ચંડમહાસેન છુપાઈને પિતાપુત્રીઓનો સંવાદ સાંભળે છે, અને રાક્ષસને મારી અંગારવતીને લઈ જાય છે.

પ્રો. ટોમસને 'પ્રચ્છન્ન શ્રવણ' ઘટકતત્ત્વની 'Motif-Index of Folk Literature'માં દર્શાવેલી સન્દર્ભસૂચિ પરિશિષ્ટ 1-Eમાં આપી છે.

ઉપર્યુક્ત સર્વ ઉદાહરણો ઉપરાંત, પ્રો. પેન્ઝરે 'કથાસરિત્સાગર'માં આ ઘટકતત્ત્વનું વિવરણ કરતી કેટલીક નોંધો આપી છે.[235] તેમાંથી એ નિશ્ચિત થાય છે કે, પ્રચ્છન્ન શ્રવણે વાર્તાસાહિત્યના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપેલો છે. પશુપક્ષીઓની ભાષાનું જ્ઞાન એ પણ પ્રચ્છન્ન શ્રવણમાંથી ઉત્પન્ન થતું, ચર્ચા માગી લેતું વાર્તાસાહિત્યનું અંગ છે અને તેનું વિવરણ મેં 'બોલતાં પક્ષીઓ'ના કથાઘટકમાં કર્યું છે.

પ્રો. પેન્ઝરે તેમ જ પ્રો. મોરિસ બ્લુમફિલ્ડે આ ઘટકતત્ત્વનાં મોટા ભાગનાં ઉદાહરણો ભારતીય કથાસાહિત્યમાંથી આપેલાં છે; જેનો ઉલ્લેખ નહિ કરાયો હોય તેવાં પણ ઘણાં દૃષ્ટાન્ત હજુ આપણા સાહિત્યમાંથી મળવા સંભવ છે. દુનિયાની બીજી પ્રજાઓના સાહિત્યમાં પણ આ ઘટકતત્ત્વવાળી વાર્તાઓ હોવી જોઈએ; (જુઓ Thompson's 'Motif-Index of Folk Literature'). પણ ભારતીય વાર્તાસાહિત્યની પરંપરામાં તેનું પ્રાચીન સ્વરૂપ મળે છે એટલું જ નહિ, પણ તે તેમાં વ્યાપક અને વિશિષ્ટ રીતે પ્રયોજાયેલું છે. તે જોતાં, પ્રચ્છન્ન શ્રવણનું ઘટકતત્ત્વ અહીંથી ઉત્પન્ન થયું હોય અને અન્ય દેશોમાં ફેલાયું હોય, એવી સંભાવના કરી શકાય.

## ૬. બોલતાં પક્ષી

માનવભાષામાં વાત કરતાં, બોલતાં પક્ષીઓએ ભારતીય વાર્તાસાહિત્યના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. કુદરતના ખોળે

૨૩૫. ઉપર્યુક્ત, વૉલ્યુમ ૨, પૃ.૧૦૭-૧૦૮; વૉલ્યુમ ૩, પૃ.૬૦-૬૩, પૃ.૧૪૦-૧૪૪

રહી જીવન ગાળતી પ્રજાએ અનેક પશુપક્ષી પ્રત્યે મમતા કેળવી હશે, અને એ મમતા ~~ક~~ ટુચકા, બાળકથાઓ અને ઉપદેશકથાઓમાં આવતાં પશુપક્ષીનાં પાત્રો દ્વારા વ્યક્ત થઈ હોવી જોઈએ.

પક્ષીઓ કથાસાહિત્યમાં બે રીતે બોલતાં મળે છે: ૧. પક્ષીઓનું માનવોની ભાષામાં બોલવું અને તેની માફક વર્તવું; ૨. પક્ષીઓ પોતાને સાહજિક રીતે પ્રાપ્ત થયેલી વાણીમાં બોલે અને માનવી તેમ જ અન્ય પાત્રો તે સમજવાની શક્તિ ધરાવતાં હોય. પક્ષીઓ સાથે સંકળાયેલી એક ત્રીજી બાબત એ છે કે, તેમને તાલીમ આપવામાં આવે છે અને તેઓ તાલીમ પામ્યા પ્રમાણે, માનવીને આશ્ચર્યમાં પમાડે એવું કામ આપે છે. 'પંચદંડના વાર્તાચક્ર'માં, રામચંદ્રસૂરિની પરંપરાને અનુસરતી રત્નમંજરીની વાર્તામાં, તામ્રલિપ્તિ નગરીના રાજાની કુંવરી રત્નમંજરી પાસે, વિક્રમનો પોપટ દેવદમનીનો પત્ર લઈ આવે છે. રત્નમંજરીને પ્રેમ આપતી વખતે, પોપટે માનવભાષામાં વાત કરી કે કેમ તે વાર્તામાં દર્શાવ્યું નથી; પણ તે પોપટ પાછા ફરતાં રત્નપુરમાં પોતાના ભાઈ વિદ્યાવિશારદને મળવા જાય છે. તે બે પોપટ વચ્ચેની વાતચીત વિદ્યા-વિશારદની સ્વામિની કુશી ગણિકા સાંભળે છે અને તેનાથી પ્રેરાઈ, ગણિકા રત્નમંજરીની રત્નો ભરેલી પેટી લઈ લે છે અને તેને ગણિકાના ધંધામાં ફસાવવા પ્રયત્ન કરે છે. પોપટોની વાતચીત માનવભાષામાં થઈ હોવી જોઈએ, કારણ કે, વાર્તામાં તેઓની વાતચીત માનવભાષામાં આપેલી છે.

બોલતાં પક્ષી માનવભાષામાં વાત કરે એ અદ્ભુત અને જાદુઈ ઘટનાના કારણે કેટલીક વાર્તાઓના પ્રવાહને નવો ઝોક મળે છે. પક્ષીઓ અમુક રીતે બોલે તો સારા શુકન ગણાય અને અન્ય રીતે બોલતાં તેના અપશુકન થાય છે. આપણે ત્યાં આવી લોકમાન્યતા દૃઢ થયેલી છે. કાગડો સારા શુકનમાં બોલે છે અને 'વસન્તવિલાસ' ફાગુકાવ્યમાં તે પ્રિયાને પતિના આગમનની શુભ નિશાની આપે છે. પણ કાગડીને ~~કલકલાની સ્થિતિમાં કોઈના ઘર પર જોઈએ ત્યારે તે ઘરમાં રહેનાર~~

કાકેલાઓનું કંઈક અશુભ થશે, એમ માનવામાં આવે છે. કોઈ ગૃહસ્થના દ્વારના મોભારે બેસી, શાપિત અવાજમાં ઘુવડ બોલે ત્યારે તે ગૃહસ્થને ત્યાં કંઈક અશુભ થાય છે, એવી માન્યતા પ્રચલિત છે; જોકે શ્રી-ઉમાશંકર જોશીએ તો આ અપશુકનિયાળ મનાતા પક્ષીના સૌન્દર્યનું દર્શન કરાવતું સુંદર કાવ્ય રચ્યું છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત પંચદંડકથા (કૃતિ નં-૧૪)માં શકુનમાહાત્મ્યની એક આડકથા વિક્રમચરિત્ર દંડની વાતમાં મળે છે. એ વાતમાં ચડો નામનું પક્ષી મહત્ત્વનો ભાગ ભજવે છે:

હરિદત્ત નામનો મહાજન ઉજ્જયિનીથી પોતાની પત્નીને લઈ આવવા ધારથી બેત્રણ વખત નીકળ્યો, પણ દેવીએ જાણ્યું કે, ઉજ્જયિનીમાં તેનો કાળ છે, તેથી તેને કોઈ શકુન તેઓએ આપ્યા નહિ; પણ એક દિવસ એક ચડાએ મહાજનને શકુન આપ્યા અને તે ઉજ્જયિની ગયો. દેવીએ આ વાત જાણી, શકુન આપવા બદલ ચડાને ઠપકો આપ્યો, અને દેવીએ ચડાને બ્રાહ્મણરૂપ આપી, મહાજનની રક્ષા માટે મોકલ્યો. પોતાની સ્ત્રીના હીન ચારિત્ર્યથી મહાજન દુઃખી થયો અને છેવટે તેને મરવાનો સમય આવ્યો. બ્રાહ્મણરૂપ ચડાએ મહાજનનો વધ કરવાનો હુકમ કરનાર રાજા પાસે સાચી હકીકત કહી, તેથી મહાજન બચી ગયો અને તેની સ્ત્રીનાં નાકકાન કાપી કાઢી મૂકવામાં આવી. આ વાતનું રૂપાન્તર, રામચંદ્રસૂરિની પંચદંડની પરંપરાની સ્ત્રીચરિત્રની વાતમાં મળે છે, પણ તેમાં ચડા પક્ષીનો નામનિર્દેશ નથી. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત પંચદંડકથામાં, માનવભાષામાં બોલતા ચડાએ આખી વાતને નવું સ્વરૂપ આપ્યું છે.

અજ્ઞાત ગુજરાતી ગદ્યકારની કૃતિમાં, રાજા ભોજ પરકાયાપ્રવેશવિદ્યા શીખવા જતાં, એક દુષ્ટ યોગીની લુચ્ચાઈનો ભોગ થઈ પડે છે, અને તેના દેહમાં નામધારી યોગી પ્રવેશે છે; જ્યારે રાજાને એક સૂડાના દેહમાં પેસવું પડે છે. સૂડો માનવભાષામાં વાતચીત કરી શકે છે, અને તેની માનવીની માફક બોલવાની અને વર્તવાની શક્તિના કારણે રાજા ચંદ્રસેનને તે અતિ ઉપયોગી થઈ પડે છે. તેની બોલવાની જરૂર

શક્તિના કારણે જ તે ફરી રાજાનો દેહ પ્રાપ્ત કરી શકે છે.

પક્ષીઓમાં બોલવાની મનુષ્ય શક્તિ છે, એનો સૌથી પ્રાચીન નોંધપાત્ર ઉલ્લેખ આપણને રામાયણના અરણ્યકાંડમાં મળે છે. સીતાનું હરણ કરી રાવણ જ્યારે આકાશમાર્ગે જતો હતો ત્યારે તેને રોકવાનો પ્રયત્ન જટાયુ નામના પક્ષીએ કર્યો. રાવણ સાથેના યુદ્ધમાં તે ઘાયલ થઈ નીચે પડ્યો અને જ્યારે રામલક્ષ્મણ સીતાની શોધમાં ત્યાં થઈને જતા હતા ત્યારે જટાયુએ સીતાહરણનો સર્વ વૃત્તાન્ત તેઓને કહ્યો.

મહાભારતમાં, શિબિ રાજાના આખ્યાનમાં ઇન્દ્ર અને અગ્નિ શિબિ રાજાના દાનધર્મ અને દયાધર્મની કસોટી કરવા, અનુક્રમે બાજપક્ષી અને કપોતના રૂપે ઉપસ્થિત થયા. આગળ કપોત દોડે અને પાછળ બાજ તેને પકડવા દોડે. કપોત શિબિ રાજાના ખોળામાં ભરાઈ જઈ રક્ષણની માગણી કરવા લાગ્યું. બાજપક્ષીએ કહ્યું, કપોત મારો કુદરતે નક્કી કરેલો ખોરાક છે તે મને આપો. તેના વિના હું મરી જઈશ અને મારી પાછળ મારાં સ્ત્રી તેમજ બાળકો મરશે. છેવટે, શિબિએ કપોતના ભારોભાર માંસ પોતાના શરીરમાંથી આપવા જતાં, કપોતનું વજન ઘણું થયું, એટલે શિબિએ પોતાનો આખો દેહ બાજના ભક્ષણ માટે આપી દીધો. ઇન્દ્ર અને અગ્નિએ મૂળ સ્વરૂપ ધારણ કરી, શિબિનો દેહ સાજો કર્યો.

મહાભારતના નલોપાખ્યાનમાં, પોતાના ભક્ષણ માટે પકડેલા એક હંસે મનુષ્યવાણીમાં નળને કહ્યું, તું મને છોડી દે, હું દમયંતી પાસે જઈ તારાં વખાણ કરીશ અને તે તને પતિ તરીકે પસંદ કરે એવી યોજના કરીશ. હંસનાં વખાણથી પ્રેરાઈને, કલિયુગનો કોપ હોવા છતાં, તે નળને હંસ પક્ષીએ પોતાની મનુષ્યવાણી દ્વારા યોજેલા આ અદ્ભુત ઘટના કહી શકાય. આ સિવાય, મહાભારતના શાંતિપર્વમાં 'કપોત-વ્યાધ', 'ગૃધ્ર-ગોમાયુ-સંવાદ', અને કર્ણપર્વમાં, 'હંસ-કાકીયોપાખ્યાન'માં બોલતાંચાલતાં પક્ષીઓનાં ઉદાહરણ મળે છે.

પ્રસ્તુત પ્રકરણના ઘટકતત્ત્વમાં આપણે જોયું કે, ભારંડ, ગરુડ,

પોપટ, ~~મેના~~ મૈના, વિહંગમ, વિહંગમી, કૂકડો, આદિ પક્ષીઓમાં બોલવાની શક્તિના કારણે, તેઓ વાતચીત કરી શકે છે અને તે વાતચીત ~~કરનાર~~ સાંભળનાર વ્યક્તિનો કોયડો ઉકલી જાય છે.

'વસુદેવ-હિંડી'માં[236] સાંબ અને ભાનુએ હોડ બકી કે, જેનું પક્ષી સુંદર બોલે તે એક કરોડ દામ ~~જી~~ જીતે. ભાનુ એક પોપટ લઈ આવ્યો અને સાંબ એક મેના લઈ આવ્યો. મેનાના શરીરે એક સ્થળે સહેજ રૂંવાડો ઉખડી જવાથી, પડેલા ઘા પર ખાર લગાવવામાં આવતો હતો. મેના અને પોપટ વચ્ચે પ્રાકૃત શ્લોકો બોલવાની હરીફાઈ શરૂ થઈ, તેમાં પોપટની હાર ~~થતાં~~ થયેલી જાહેર થતાં, ભાનુને એક કરોડ દામ આપવા અઘરા થઈ પડ્યા. સાંબ અને તેના મિત્રોએ ભાનુને આંતર્યો અને હોડ પ્રમાણે એક કરોડ દામની માગણી કરી. ભાનુ દામ ક્યાંથી આપી શકે? કૃષ્ણે સાંબને દામ આપ્યા અને ભાનુને છોડાવ્યો.

'કથાસરિત્સાગર'માં,[237] શક્તિદેવ નામનો બ્રાહ્મણ સુવર્ણનગરીની શોધમાં નીકળ્યો અને અનેક મુશ્કેલીઓમાંથી પસાર થતાં થતાં તે એક ટાપુ પર એક ઝાડ નીચે રાત્રિ ગાળવા સંતાઈ રહ્યો. તે ઝાડ પર રાત્રે ગરુડ આદિ જેવાં મોટાં પક્ષીઓ આવ્યાં તે માનવીની માફક બોલવા લાગ્યાં. તેમાંના એકે કહ્યું કે, હું આજે સુવર્ણનગરી ગયું હતું અને આવતી કાલે પણ ત્યાં જવાનું છું. આ વાતચીત સાંભળી, શક્તિદેવ, સુવર્ણનગરીએ જનાર પક્ષી ઊંઘતું હતું ત્યારે તેની પાછળનાં પીંછાંમાં તે સંતાઈ ગયો, સવારમાં પક્ષી ઊડ્યું તેની પીઠ પર બેઠેલો તે પણ ઊડ્યો અને સુવર્ણનગરી પહોંચ્યો.

'કથાસરિત્સાગર'માં[238] 'અંગારવતી અને તેના ચાર ઉમેદવાર-પતિ'ની વાર્તામાં, પંચફુટ્ટિક નામનો શૂદ્ર રોજ પાંચ જોડ કપડાં થાય એટલું કાપડ

---

૨૩૬. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'વસુદેવ હિંડી' (ગુજરાતી અનુવાદ), પૃ. ૧૩૧-૧૩૨

૨૩૭. Tawney and Penzer, Op. cit., Vol. II, pp. 219-220

૨૩૮. Ibid, Vol. IV, pp. 144-152

વળી શકતો હતો, ભાસ્કર નામે વૈશ્ય પશુપક્ષીઓની ભાષા જાણતો હતો; અકુધર ક્ષત્રિય તલવારથી સારી પેઠે લડી શકતો; અને ગૌરીના આશીર્વાદથી જેણે અનેક પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી તે જીવદત્ત નામનો બ્રાહ્મણ મરણ પામેલી વ્યક્તિઓને જીવતી કરી શકતો. આ વાર્તામાં જેમ ભાસ્કર વૈશ્ય પશુપક્ષીની ભાષા જાણી શકે છે તેમ પંચદંડની પ્રાચીન પરંપરાની 'પ્રધાનની પુત્રવધૂ' એ વાર્તામાંની પુત્રવધૂ પણ પશુપક્ષીઓની ભાષા જાણતી હતી. વિક્રમ પણ પશુપક્ષીઓની ભાષા જાણતો હતો, એવાં વર્ણન 'પંચદંડ' અને અન્ય વિક્રમ-વિષયક વાર્તાઓમાં મળે છે. પ્રો. બ્લૂમફિલ્ડે દર્શાવ્યું છે કે,[239]

'The yoga philosophy teaches, on the way to ultimate salvation, many ascetic practices which confer supernatural powers. Thus, the third book of the prime authority on this philosophy, the 'Yoga Sutras of Patanjali,' gives an account of these Vibhutis or powers. They cover a large part of all imaginable magic arts, or tricks, as we should call them: knowledge of the past and the future; knowledge of the cries of all living beings (animal language); ----'

આ રીતે, જેમ પક્ષીઓ માનવવાણીમાં વાત કરી શકે, એ અદ્ભુત ઘટના છે તેમ પક્ષીઓ પોતાની મૂળ ભાષામાં અવાજ કરતાં હોય અને એ અવાજ સાંભળનાર તેમાંથી અર્થ સમજી શકે, એ પણ અદ્ભુત યૌગિક શક્તિનો પ્રતાપ છે, એમ ઉપર્યુક્ત પ્રો. બ્લૂમફિલ્ડના કથન પરથી જણાય છે.

૨૩૯. Bloomfield, M., Op. cit., p. 1

પશુપક્ષીઓની ભાષાના જ્ઞાન સંબંધી પ્રો. પેન્ઝરે આ પ્રમાણે નોંધ આપી છે:[૨૪૦]

'.....That birds and beasts have language of their own which can sometimes be understood by human beings is a most natural and universal motif of folktales. All manner of ways in which this great gift can be obtained have suggested themselves to the story-teller. It is sometimes given as a reward for some kind service rendered to an animal, it may be acquired by the aid of magic, it can be a boon from a god, or the hero may be actually born with the power. Primitive minds have always credited animals with great wisdom and understanding, and as possessing important secrets which can only be discovered if the language is understood. Stories have, therefore, naturally arisen to explain how the hero acquired this most useful gift.

The language of birds enters into folklore much more than the language of beasts. This is not to be wondered at; owing, I think, to the simple fact that a bird can get to inaccessible places much more easily than a beast. Thus the bird can fly to a magic island, to an enchanted tree,

૨૪૦. Tawney and Penzer, Op. cit., pp. 107-108

or a hidden cave – it can perch on the window-sill of a room and see and hear what goes on inside. In fact it becomes a most useful <u>Deus ex machina</u> to the story-teller. The English expression 'a little bird told me' contains the same idea....'

આ જ નોંધમાં, પ્રો. પેન્ઝર, લોકવિદ્યાના કેટલાક અધિકૃત વિદ્વાનોનાં કથન ટાંકી દર્શાવે છે કે, પ્રાચીન સમયમાં પશુપક્ષીની ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવા સાપ ખાવામાં આવતા; કારણ કે, ઉત્ક્રાંતિની દૃષ્ટિએ, સાપનું શારીરિક બંધારણ અને ચેતનતંત્ર, પશુ અને પક્ષીઓના શારીરિક અને માનસિક બંધારણને અર્ધા ભાગે મળતું આવે છે, એમ મનાતું. પ્લિની નામના ઇતિહાસકારે ડેમોક્રિટસનો મત ટાંકી જણાવ્યું છે કે, કેટલાંક પક્ષીઓની મિશ્ર જાતિમાંથી સાપની ઉત્પત્તિ થયેલી હશે; અને જે લોકો સાપ ખાય તેમનામાં પક્ષીઓની ભાષા સમજવાની શક્તિ આવતી હશે.

'કથાસરિત્સાગર'માં,[૨૪૧] 'રાજા સુમન, નિષાદકન્યા અને વિદ્વાન પોપટ'ની વાતમાં, બહુશ્રુત પોપટ પોતાનો આત્મવૃત્તાન્ત રાજા સમક્ષ કહે છે. 'કાદંબરી' કે જેનું મૂળ 'બૃહત્કથા'ના રૂપાન્તર 'કથાસરિત્સાગર'ની ઉપર્યુક્ત વાતમાં મળે છે તેમાં પણ ચાંડાલકન્યા પાસેનો વૈશંપાયન પોપટ શાસ્ત્રજ્ઞ અને વિદ્વાન છે. તે પણ રાજા શૂદ્રકને પોતાનો આત્મવૃત્તાન્ત કહે છે. શ્રીમદ્ શંકરાચાર્ય અને મંડનમિશ્ર વચ્ચે જ્યારે વેદાન્તવિષયક વાદવિવાદ થાય છે ત્યારે મંડનમિશ્રના ઘરનું એવું વર્ણન આપવામાં આવ્યું છે કે, તેઓને ઘેર પોપટ અને મેના જેવાં પક્ષીઓ શાસ્ત્રાર્થ કરતાં હતાં. 'કથાસરિત્સાગર'માં અન્તર્ગત 'વેતાલપચીસી'ની 'રાજા અને તેનાં બે ડાહ્યાં પક્ષીઓ' એ વાતમાં, મેના અને પોપટ

૨૪૧. Tawney and Penzer, Op. cit., Vol. V, pp. 27-30

રાજાને સ્ત્રી અને પુરુષના નિષ્ઠુરપણાની વાર્તાઓ રાજાને કહી સંભળાવે છે. સંસ્કૃત શુકસપ્તતિ અને તેનાં ગુજરાતી રૂપાંતરો 'શુકબહોતેરી' અને 'સૂડાબહોતેરી'માં, મેના અને પોપટ બોતેર દિવસ સુધી જુદા જુદા પ્રસંગો ગૂંથી, વાર્તાઓ કહી, પોતાની સ્વામિનીને સ્વામીની ગેરહાજરીમાં આડે રસ્તે જતાં અટકાવી, એ તો વાર્તાસાહિત્યના સીમાસ્તંભરૂપ ગણાય. ઘણા વિદ્વાનો શુકસપ્તતિની વાર્તાઓ, ફારસી ગ્રન્થ 'તૂતી-નામેહ' પરથી ઊતરી આવ્યાનું માને છે, પણ આ પ્રકારની વાર્તાઓનું મૂળ આપણને 'વેતાલપચીસી'ની ઉપર્યુક્ત કથામાં મળે છે, અને 'વેતાલ-પચીસી'ની વાર્તાઓનો બાહ્ય દેહ અને અંતસ્તત્ત્વ જોતાં, તે 'બૃહત્કથા' જેટલી તો પ્રાચીન (ગ્રન્થસ્થ સ્થિતિમાં) કહી શકાય; વળી, મૌખિક પરં-પરામાં અલિખિત દશામાં તો તે વાર્તાઓ પહેલી સદી પહેલાં લોકોમાં પ્રચલિત હશે. તે જોતાં શુકસપ્તતિની વાર્તાઓનો ઉદ્ગમ ભારતીય પરંપરામાંથી થયો હોય અને તે મધ્યપૂર્વમાં ફેલાઈ હોય.

'પંચતંત્ર' બોલતાંચાલતાં અને માનવીની માફક વર્તતાં પશુપક્ષીઓ-ની ખાણ છે. તેમાં પશુ અને પક્ષીઓના ઓથે માનવીના અંતરંગી સ્વભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે, પણ સાથે સાથે કેટલાંક પશુ અને પક્ષીઓની લાક્ષણિકતાઓ મળે છે. તેની વાર્તાઓમાં, 'બૃહત્કથા' 'સિંહાસનબત્રીસી', 'પંચદંડ', કે 'વેતાલપચીસી' જેવું અદ્ભુત જાદુઈ વાતાવરણ નથી. નરી વાસ્તવિક ભૂમિકા પર રહી સર્વ પાત્રો પોતાનો ભાગ ભજવે છે; પણ પશુપક્ષીઓને માનવભાષામાં વાત કરતાં કલ્પવાં એ 'પંચતંત્ર'કારની મોટી સિદ્ધિ છે.

'બોલતાં પક્ષીઓ' દારકાસ્વામી, પ્રો. ટોમસને અન્ય દેશોના લોક-સાહિત્યમાંથી આપેલી સૂચિ પરિશિષ્ટ I-Fમાં રાખી છે.

---

૨૪૨. ઉપર્યુક્ત, વૉલ્યુમ ૬, પૃ. ૧૯૩-૨૦૦

'બોલતાં પક્ષીઓ' એ ઘાટકતત્ત્વની ઉત્પત્તિ ભારતમાં થઈ, પશ્ચિમના દેશોમાં થઈ કે પછી તે સર્વ દેશોમાં વ્યાપક હતું, એ પ્રશ્નનો ઉકેલ જરા ચિંતન માગી લે છે. પ્રાણીકથાઓ (Fables) એ માનવીની પ્રાચીનમાં પ્રાચીન વાર્તાઓ છે. કેટલાક પશ્ચિમના વિદ્વાનો એમ માને છે કે, 'ઈસપની નીતિકથાઓ' એ ભારતીય પ્રાણીકથાઓ કરતાં પ્રાચીન છે; પણ જર્મન વિદ્વાન થિયોડોર બેન્ફે જેવા એમ કહે છે કે પશ્ચિમના બાલસાહિત્ય પર ભારતીય બાલસાહિત્યની અને તેમાંયે બૌદ્ધ સાહિત્યની પ્રબળ અસર પડેલી છે. 'ઈસપની નીતિકથાઓ' અને ભારતીય પ્રાણીકથાઓ પૈકી કઈ પ્રાચીન તે અંગે જુદા જુદા વિદ્વાનોના મત ટાંકી, ડૉ. ભોગીલાલ સાંડેસરાએ દર્શાવ્યું છે કે,[૨૪૨] ભારતીય પ્રાણીકથાઓ પ્રાચીનતર છે. વળી, ઋગ્વેદના સમયમાં, મત્સ્ય, માણ્ડુક્ય, કશ્યપ, કૌશિક, અજ આદિ ઋષિનાં ગોત્રનાં નામ પ્રાણીઓ પરથી પડ્યાં જણાય છે. 'પંચતંત્ર', 'હિતોપદેશ', 'મહાભારત'ની કેટલીક આખ્યાયિકાઓ, 'રામાયણ'નો જટાયુ, આદિ કથાઓની વ્યાપકતા જોતાં, પ્રાણીકથાઓ પ્રથમ ભારતમાં ઉત્પન્ન થઈ અને પછી દેશપરદેશમાં ફેલાઈ હશે, એમ માનવું પડે; અને પ્રાણીકથાઓમાં 'બોલતાં પક્ષીઓ' પણ આવે. તે જોતાં, 'બોલતાં પક્ષીઓ'નું ઘાટકતત્ત્વ ભારતીય પરંપરાનું સંતાન ગણી શકાય.

## ૭. આકાશમાં ઉડ્ડયન

પક્ષીઓને આકાશમાં ઊડતાં જોઈ, માનવીને પણ આકાશમાં ઊડવાની ઝંખના થઈ હશે. આ ઝંખનામાંથી માનવીના આકાશ-ઉડ્ડયનનું ઘાટકતત્ત્વ જન્મ પામ્યું હોય તો નવાઈ નહિ.

૨૪૨. સાંડેસરા, (ડૉ.) ભો. જ. 'પંચતંત્ર' (ગુજરાતી અનુવાદ), પૃ. ૭૫-૮૦

પ્રાચીન સાહિત્યમાં સ્વયંચાલિત યંત્રો (Automats)ના ઉલ્લેખ મળે છે. તેમાં વિમાનનાં ઉદાહરણ પણ મળે છે. વિમાનની રચના, માનવીની પક્ષીની માફક આકાશમાં ઊડવાની મહત્ત્વાકાંક્ષામાંથી થઈ હશે. માનવીની આ મહત્ત્વાકાંક્ષા વિષે ડૉ. ભોગીલાલ સાંડેસરાએ 'પ્રાચીન ભારતમાં વિમાન' એ લેખમાં દર્શાવ્યું છે કે,[273]

'વ્યોમચારી બનવું, પક્ષીઓની માફક આકાશમાં ઊડવું, એ માનવીની એક સર્જનજૂની મહત્ત્વાકાંક્ષા છે. આકાશમાં ઊડતાં પક્ષીઓની ઈર્ષ્યા આદિમાનવને અવશ્ય આવી હશે; અને કદાચ આથી જ, દુનિયાના દરેક દેશનાં જૂનામાં જૂનાં વાર્તાચક્રોમાં અને દંતકથાઓમાં કોઈને કોઈ સ્વરૂપમાં પવનપાવડી, ઊડતા ઘોડા કે વાયુયાનની કલ્પનાઓ આવે છે. માણસ પોતે ઊડવાને અશક્ત, એટલે પોતાની કલ્પનાઓનાં દેવ-દાનવ, યક્ષ-ચારણ ઋદ્ધિ તથા વિદ્યાધર આદિ લોકોત્તર પાત્રોને તેણે આકાશગામી જ નહિ, પણ આકાશવાસી બનાવ્યાં. પછી વાર્તાઓમાં અપ્રતિમ પ્રતાપી કે બળશાળી માનવપાત્રોને અથવા દેવોનો કૃપાપ્રસાદ પામતી વ્યક્તિઓને લોકમાનસે ઊડતા ઘોડા કે વાયુયાનની સહાય આપી. ક્રીટના કલાધર ડેડલસે વાયુયાન બનાવવાનો પ્રથમ પ્રયત્ન કર્યો હતો, એવો ઉલ્લેખ ગ્રીક સાહિત્યમાં મળે છે. એના મીણની પાંખો ઓગળી જવાથી, ડેડલસનો પુત્ર સમુદ્રમાં ડૂબી મૂઓ હતો. આ કથાનક કેવળ રૂપક હોય તોપણ પક્ષીઓની માફક આકાશમાં ઊડવાની માનવજાતિની સર્જનજૂની આકાંક્ષા તો વ્યક્ત કરે છે જ.'

આકાશમાં વિમાન દ્વારા ઉડ્ડયન કરવાના પ્રયત્નોનાં ઉદાહરણ પ્રાચીન ભારતીય સાહિત્યમાંથી સારા પ્રમાણમાં મળે છે. વિમાનની બનાવટ અંગે જેમાં વર્ણન આવે છે તેવા ગ્રન્થો પૈકી, 'સમરાંગણ-

---

273. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'ઇતિહાસની કેડી', પૃ. ૨૫૩-૨૬૬

સૂત્રધાર', 'શિલ્પસંહિતા', 'યુક્તિકલ્પતરુ' આદિ ગ્રન્થોનો, ડૉ. સાંડેસરાએ પોતાના ઉપર્યુક્ત લેખમાં ઉલ્લેખ કર્યો છે. ધારના રાજા ભોજ-વિરચિત 'સમરાંગણસૂત્રધાર'નું, પ્રો. ટી. ગણપતિ શાસ્ત્રીએ કરેલું સંપાદન બે વૉલ્યુમમાં, વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિર-સંચાલિત 'ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝ'માં ગ્રન્થાંક ૨૫ અને ૩૨ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. આ ગ્રન્થના 'યન્ત્રવિધાન' નામના અધ્યાયના ૯૫થી ૯૭ સુધીના ત્રણ શ્લોકોમાં વિમાન બનાવવાની રીતિનો ઉલ્લેખ છે.

રામાયણ, મહાભારત, પુરાણો, જાતકકથાઓ, કથાસરિત્સાગર, વસુદેવ-હિંડી આદિ ગ્રન્થોમાં, માનવીના આકાશમાં ઉડ્ડયનનાં દૃષ્ટાન્ત મળે છે. રામ રાવણને મારી, વિભીષણને લંકાની ગાદીએ બેસાડી, રાવણના પુષ્પક વિમાનમાં અયોધ્યા આવવા નીકળે છે, અને રસ્તામાં આવતાં અનેક સ્થાનોનો પરિચય સીતાને આપે છે. રાવણ એ અલકાપતિ કુબેરનો ભાઈ થતો હતો એટલું જ નહિ રાવણે કુબેર પર વિજય મેળવ્યો હતો, અને તેની પાસેનાં ઘણાં પુષ્પક વિમાનોમાંનું એક વિમાન રાવણે મેળવ્યું હતું. પુષ્પક વિમાનની પ્રાપ્તિથી, રાવણની પોતાની અજેય હોવાની માન્યતામાં ઓર વધારો થયો હતો. અહીં એ નોંધવું જરૂરી છે કે, કુબેર યક્ષ હતો અને વિદ્યાધર હતો. તેની પાસે અનેક વિમાનો હોવાં એ એના વિદ્યાધરના નામને સાર્થક કરે છે. રાવણ, કુંભકર્ણ, ઇન્દ્રજિત એ સર્વે પણ એક યા બીજી રીતે વિદ્યાધર હતા. વિદ્યાધરોને સાહિત્યમાં ખેચર (Air-goers) કહેવામાં આવ્યા છે. આપણે યક્ષ અને નાગ જેવી પ્રાક્-ઐતિહાસિક આર્યેતર જાતિઓ અનેક પ્રકારની વિદ્યાઓ જાણતી હતી, એમ પ્રાચીન સાહિત્યમાંથી જાણવા મળે છે. આ યક્ષ, નાગ, ગન્ધર્વ, કિન્નર આદિ જાતિઓએ અનેક પ્રકારની વિદ્યાઓ પ્રાપ્ત કરી હશે માટે તેઓ વિદ્યાધરો કહેવાયા હશે. વિદ્યાધરોમાં સૌ પહેલા વિદ્યાના જાણકાર આર્યેતરો હતા, એમ અથર્વવેદ પરથી તેમ જ અસુરોના ગુરુ શુક્રાચાર્યના સંજીવની વિદ્યાના અદ્વિતીય જ્ઞાન પરથી કહી શકાય;

અને પછી આવી ગયા એ વિદ્યાઓ અજાણ થયાં હશે.

આમ, વિમાન દ્વારા આકાશમાં ઊડવાની અદ્ભુત શક્યતામાંથી 'ગગનગામિની', 'આકાશગામિની', 'ખગગામિની', 'વ્યોમગામિની', 'અધિરસ્થાયિની', 'ઉત્સારિણી', 'ઉત્પતન અને નિષ્પતનની વિદ્યાઓ' આદિ યૌગિક અને જાદુઈ વિદ્યાઓનાં નામ અને ક્રિયા અસ્તિત્વમાં આવ્યાં હોય- એમ ન બન્યું હોય કે આજથી અનેક સૈકાઓ પૂર્વે ઇજનેરીવિદ્યામાં અમુક કાર્યો જાદુઈ વિદ્યાઓનાં કાર્યો તરીકે પ્રસિદ્ધ થયાં હોય?

પ્રો. હોકાર્ટ[૨૪૪] માનવીના આકાશમાંના ઉડ્ડયનને પ્રાકૃત માનસ (Primitive Mind)નું પુરાણકલ્પન (Myth-making) માને છે. તેઓ આ સંબંધમાં કહે છે કે, પ્રાચીન સમયમાં રાજાઓ અને ધર્માચાર્યો દિવ્ય વ્યક્તિઓ મનાતા અને જ્યારે જ્યારે તેઓ જાહેર પ્રજા વચ્ચે આવતા ત્યારે પાલખી, ઘોડા, હાથી, રથ કે એવા કોઈ વાહનમાં નજરે પડતા. દેશની અંદરના પ્રદેશમાં, તેઓ વાહન દ્વારા ઝડપથી મુસાફરી કરી શકતા. પ્રવાસની ઝડપે પ્રાકૃત માનસમાં ઊડવાની કલ્પના પ્રેરી. 'પંચદંડ'માં મોચારાથી વહાણો દ્વારા થતા દરિયાઈ પ્રવાસને 'ઊડણદંડ'ના જાદુઈ સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યો છે.

પ્રાચીન ભારતીય સાહિત્યમાં, દેવ, દાનવ, યક્ષ, કિન્નર, ગન્ધર્વો, નાગ, સિદ્ધયોગીઓ આદિને આકાશમાં ઊડતા વર્ણવેલા છે. 'પંચદંડ'ના વાર્તાચક્રમાં, વિક્રમને વેતાલને ખભે બેસી અનેક વાર ઊડતો વર્ણવેલો છે. 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓની બત્રીસ પૂતળીઓ, રાજા ભોજને વિક્રમે કરેલાં પરાક્રમોની વાર્તાઓ કહી, એક પછી એક ઊડી જાય છે. 'વેતાલપચીસી'માં, મડદામાંનો વેતાલ વિક્રમ

૨૪૪. Hocart, A. M., 'Flying Through the Air', an article published in 'The Indian Antiquary', Vol. LII, 1923, pp. 80-82.

બોલવાનું શરૂ કરે કે તુર્ત અનેક ઊડી આવે ઝાડ પર જઈ લટકાઈ જાય છે.

સ્વયંચાલિત યંત્રો (Automatas) પર પ્રો. પેન્ઝરે નોંધ લખી છે તેમાં દર્શાવ્યું છે કે, ગ્રીક પૌરાણિક સાહિત્યમાં ડેડલસ એ શિલ્પશાસ્ત્રી અને ઇજનેર તરીકે જાણીતો હતો. એમ કહેવાય છે કે તેણે સુતારીકામ અને તેનાં મોટા ભાગનાં ઓજારોની શોધ કરી હતી. આપણા સાહિત્યમાં વિશ્વકર્માનું આવું સ્થાન છે. આ વિષયમાં, પ્રો. પેન્ઝર ગ્રીક ફિલસૂફ આર્કિટસ વિશે આ પ્રમાણે લખે છે:[૨૪૫]

'The first scientific inventor of such objects as are mentioned in our text was probably Archytas (B.C. 428-347 B.C.), the Greek philosopher of Tarentum. Apart from his mathematical inventions, he constructed a kind of flying machine, consisting of a wooden figure, balanced by a weight suspended from a pulley, and set in motion by 'hidden and enclosed air' (Aul. Gell., Notes Attice, X, xii, 9). This was apparently air escaping from a valve — in fact, an anticipation of the hot-air balloon. Archytas is also regarded as the inventor of the Kite.'

આ સંદર્ભમાં, ઊડતો માનવી, ઊડતાં પક્ષી – હંસ, કબૂતર આદિ –, ઊડતો ઘોડો, એ સર્વ પ્રકારનાં સ્વયંચાલિત યંત્રો અસ્તિત્વ ધરાવતાં હોય એવી માન્યતા પ્રવર્તે છે.

'વસુદેવ-હિંડી'માં, 'સ્વચ્છંદબુદ્ધિ રાજા રિપુદમનનું કથાનક'માં

૨૪૫. Tawney and Penzer, Op. cit., Vol. III, pp. 56-59

સ્વયંસંચાલિત યંત્રોની વાર્તા આ પ્રમાણે મળે છે:[૨૪૬]

તામ્રલિપ્તિ નગરીમાં, રિપુદમન રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં એક કોક્કાસ નામનો સુતારનો પુત્ર ધનપતિ નામના સાર્થવાહને ત્યાં રહી ઊછરતો હતો. ધનપતિનો પુત્ર ધનવસુ યવન દેશમાં વેપાર કરવા વહાણો લઈ, જવા તૈયાર થયો તે સમયે કોક્કાસને પણ સાથે લેતો ગયો. ધનવસુ તો વેપારમાં પડ્યો, પણ કોક્કાસે એક યવન સુતાર પાસેથી સુતારી કામ શીખી લીધું અને પોતાને દેશ પાછો આવ્યો. તે સમયે રિપુદમનના રાજ્યમાં દુકાળ પડ્યો હતો. આથી કોક્કાસે પોતાના ગુજરાન માટે, તેમ જ રાજાને પોતાની કલાની જાણ કરાવવા માટે લાકડાનાં બે પારેવાં બનાવ્યાં. તે પારેવાં દરરોજ ઊડીને અગાશીમાં સૂકવેલી રાજાની ડાંગર લઈને પાછાં ફરતાં. આ પ્રમાણે ધાન્ય હરાતું જોઈ, રખવાળાઓએ રાજા રિપુદમનને ખબર આપી. રાજાએ અમાત્યોને યાંત્રિક પારેવાં વિશે તપાસ કરવા આજ્ઞા આપી. અમાત્યોએ તપાસ કરી, રાજાને કોક્કાસની ઇજનેરી વિદ્યાની જાણ કરી. રાજાએ તેને પ્રસન્ન થઈ બોલાવ્યો અને કહ્યું કે, આકાશગામી યંત્ર તૈયાર કર. તે વડે આપણે ઇચ્છિત દેશમાં જઈશું. રાજાની આજ્ઞાથી કોક્કાસે યંત્ર તૈયાર કર્યું. તેના પર બેસીને તે તેમજ રાજા ઇચ્છિત દેશમાં જઈ આવતા, તે જોઈને રાજાની પટ્ટરાણીએ એક વાર તેને વિનંતી કરી કે, હું પણ તમારી સાથે દેશાન્તરમાં આવવા ઇચ્છું છું. એટલે રાજાએ કોક્કાસને બોલાવી કહ્યું, મહાદેવી પણ આપણી સાથે આવશે. કોક્કાસે કહ્યું, આ યંત્ર બેથી વધારે માણસોનો ભાર વહી શકે તેમ નથી. છતાં રાણીના દુરાગ્રહને વશ થઈ, અબુધ રાજા રાણી સાથે યંત્ર પર બેઠો અને કોક્કાસે તે ચલાવ્યું. આકાશમાં કેટલાયે યોજન તે ઊડ્યું પણ અતિ ભારના કારણે

૨૪૬. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'વસુદેવ-હિંડી'; (ગુજરાતી અનુવાદ), પૃ. ૭૪-૭૭.

યંત્રની દોરીઓ તૂટી ગઈ, યંત્રકીલિકા (યાંત્રિક ખીલી-કળ) પડી ગઈ અને યંત્ર નીચે આવ્યું. રાજારાણીને તે સ્થળે રાહ જોવાનું કહી, કોક્કાસ તોસલિનગરમાં યંત્રના સમારકામ માટેનાં સાધનો લેવા એક સુથારને ત્યાં ગયો. સુથારે તેને ઓળખી કાઢ્યો અને તોસલિનગરના રાજાને તેણે ખબર આપી. તોસલિનગરના રાજા કાકજંઘે કોક્કાસનો સત્કાર કર્યો, રાજા રિપુદમનને કેદ કર્યો અને તેની રાણીને અંતઃપુરમાં દાખલ કરવામાં આવી. પછી તેણે કોક્કાસને પોતાના કુમારોને ઇજનેરીવિદ્યા શિખવવા આજ્ઞા કરી. કોક્કાસે કહ્યું, કુમારોને આ વિદ્યાનું શું કામ છે? આમ વારવા છતાં રાજાએ તેના ઉપર બળજબરી કરતાં, તે કુમારોને ઇજનેરીવિદ્યા શિખવવા લાગ્યો. પછી તેણે બે ઘોટક-યંત્રો (ઊડતા ઘોડા) બનાવ્યાં; અને આકાશગમનને માટે સજ્જ કર્યાં. પણ કાકજંઘ રાજાના બે પુત્રો, પોતાના ગુરુ ઊંઘી ગયા તે વખતે ઘોટક-યંત્ર પર બેઠા અને યંત્રોની કળ દબાવતાં તેઓ આકાશમાં ઊડ્યા. કોક્કાસને આની ખબર પડતાં તેણે કહ્યું, અરે અકાર્ય થયું, કુમારો નાશ પામશે, કારણ કે, પાછા વળવાની કળ તેઓ જાણતા નથી. આ દુર્ઘટનાની ખબર રાજાને થતાં, રોષે ભરાઈને તેણે કોક્કાસનો વધ કરવાની આજ્ઞા કરી. એક કુમારે કોક્કાસને આ ખબર આપી. ખબર સાંભળી કોક્કાસે એક ચક્રયંત્ર સજ્જ કર્યું. તેણે કુમારોને કહ્યું કે, તમે બધા આની પર બેસો. જ્યારે હું શંખધ્વનિ કરું ત્યારે તમે બધા એકી સાથે વચ્ચેની કળ ઉપર પ્રહાર કરજો, એટલે વાહન આકાશમાં ઊડશે. કુમારો પણ 'ભલે' એમ કહી ચક્રયન્ત્ર પર બેઠા. કોક્કાસને વધ માટે લઈ જવામાં આવ્યો. કોક્કાસને વધ માટે લઈ જવામાં આવ્યો; મરતી વખતે તેણે શંખ વગાડ્યો. એ શંખધ્વનિ સાંભળીને કુમારોએ યન્ત્રની વચલી કળ ઉપર પ્રહાર કર્યો; એટલે તેમાંથી શૂળો નીકળતાં, તેઓ બધા વીંધાઈ ગયા. આ બાજુ કોક્કાસનો પણ વધ થયો.

ચક્રયન્ત્રની શૂળોથી કુમાર વીંધાઈ ગયા અને, રાજા ઘણો દુઃખી થયો.

'કથાસરિત્સાગર'માં,[૨૪૭] ઇજનેરી વિદ્યાના જાણકાર રાજ્યધર અને પ્રાણધર એ બે ભાઈની વાતમાં, તેઓ સ્વયંસંચાલિત યંત્રો બનાવવાની કળા જાણતા હતા, તેવો ઉલ્લેખ મળે છે. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ આ વાતનો સારાંશ 'ઇતિહાસની કેડી' (પૃ. ૨૫૮-૨૬૦)માં આ પ્રમાણે આપ્યો છે:

'કર્પૂરિકાને મેળવવા માટે, નરવાહનદત્ત પોતાના મિત્ર ગોમુખને સાથે લઈ નીકળ્યો. ઘણી મુશ્કેલીએ લાંબો માર્ગ પસાર કરી, બન્ને જણ સમુદ્રના કિનારે આવેલા સુવર્ણપુર નામે નગરમાં પહોંચ્યા. તે નગરમાં કોઈ માણસ જણાતું ન હતું; માત્ર કાષ્ઠયન્ત્રનાં પૂતળાં માણસના જેવી ચેષ્ટાઓ કરતાં હતાં, પણ કોઈને વાચા નહોતી. એમ ફરતાં બન્ને મિત્રો રાજમહેલ આગળ પહોંચ્યા, ત્યાં કાષ્ઠની પ્રતિહારી વડે રક્ષાયેલા ભવનમાં, રત્નસિંહાસન પર બેઠેલા એક ભવ્ય પુરુષને તેમણે જોયો.

એ પુરુષને નરવાહનદત્તે પૂછતાં તેણે જણાવ્યું કે, 'હું જાતે સુતાર છું. મારું નામ રાજ્યધર છે. હું તથા મારો ભાઈ પ્રાણધર પહેલાં કાંચી નગરમાં રહેતા હતા. અમે બન્ને યન્ત્રકલામાં પ્રવીણ છીએ. મારો ભાઈ વેશ્યાગામી હતો, આથી ધન મેળવવા માટે તેણે લાકડાના બે ઊડતા યાન્ત્રિક હંસો બનાવ્યા હતા. એ હંસ પાસે તે રાત્રે રાજાના ખજાનામાંથી જવાહીરની ચોરી કરાવતો. એક વાર રક્ષકોએ હંસને પકડી લીધા, અને યંત્રકામ તોડી નાખી, રાજા પાસે લઈ ગયા. શહેરમાં કુશળ યાંત્રિકો તરીકે અમે બે ભાઈઓ પ્રસિદ્ધ હતા. આથી મારો ભાઈ, એક સાથે આઠસો યોજન ઊડનારા યાંત્રિક વિમાનમાં બેસી, પોતાના કુટુંબ સાથે નાસી ગયો અને હું પણ રાજાના

૨૪૭. Tawney and Penzer, Op. cit., Vol-III pp. 282-300

ત્યાંથી મારા વિમાનમાં બેસી, અહીં ચારસો ગાઉ દૂર આવી, સમુદ્ર નજદીક હોવાના કારણે, નીચે ઊતરી ગયો. આ નગરમાં પ્રવેશ કરતાં, મેં નગર શૂન્ય જોયું. આથી મારી કારીગરીથી યાંત્રિક મનુષ્યો ઘડીને રાજાની રીતે રહું છું.' આ સાંભળી ગોમુખે રાજ્યધરને એક યંત્રવિમાન તૈયાર કરવાનું કહ્યું, અને તેમાં બેસી બન્ને મિત્રો દરિયો ઓળંગી કર્પૂરસંભવ નગરમાં આવ્યા; એક વૃદ્ધ સ્ત્રીને ત્યાં ઉતારો કર્યો. એ સ્ત્રીની પુત્રી કર્પૂરિકાની સખી હતી. હવે, કર્પૂરિકા પૂર્વજન્મની સ્મૃતિના કારણે પુરુષદ્વેષિણી હતી, પણ તેની આ સખીની સહાયથી નરવાહનદત્તે એ દ્વેષને દૂર કરાવી દીધો, અને બન્નેનાં લગ્ન થયાં.

હવે, પેલા યાંત્રિક રાજ્યધરનો ભાઈ પ્રાણધર જે પોતાના વિમાનમાં બેસી કાંચી નગરીથી નાસી છૂટ્યો હતો, તે કર્પૂરસંભવમાં આવીને વસ્યો હતો. કર્પૂરિકાની આજ્ઞાથી પ્રાણધરે એક મોટું વિમાન ઘડી આપ્યું, અને તેમાં બેસી નરવાહનદત્ત કર્પૂરિકાને સાથે લઈ પોતાની રાજધાની પાછો આવ્યો.'

ઉપર્યુક્ત વાર્તાનાં પ્રતિરૂપો થોડાઘણા ફેરફાર સાથે જૂની ગુજરાતીમાં સં. ૧૬૦૦માં રચાયેલી મતિસારકૃત 'કર્પૂરમંજરીની વાર્તા'માં તથા શામળની 'કાષ્ઠના ઘોડાની વાર્તા'માં નજરે પડે છે.

ડૉ. સાંડેસરાએ 'ઇતિહાસની કેડી' (પૃ. ૨૬૦) માં એક ઉલ્લેખ કર્યો છે કે, '.... અંકગણિત, ભૂમિતિ અને ત્રિકોણમિતિમાં પ્રાચીન ભારતવાસીઓની પ્રવીણતા જાણીતી છે. કલનવિદ્યા એટલે કે Calculus અને ચલનકલનવિદ્યા એટલે કે Differential Calculusનો ખગોળશાસ્ત્રમાં ઉપયોગ કરવામાં ભાસ્કરાચાર્યની શોધ ન્યૂટન કરતાં લગભગ પાંચસો વર્ષ જેટલી પ્રાચીન હતી. ગતિમાન પદાર્થોની ગતિનું કારણ ગુરુત્વાકર્ષણ છે, એમ આર્યભટ્ટ અને ભાસ્કરાચાર્યના ગ્રન્થો જણાવે છે...'

આ કથનને પુષ્ટ કરતી, પ્રો. પેન્ઝરે વિત્રુવિઅસ નામના રોમન શિલ્પશાસ્ત્રી અને ઇજનેર વિશે આપેલી નોંધ વિશ્વસનીય છે: ૨૪૮

૨૪૮. Tawney and Penzer, Op. cit., Vol. III, p. 57

"Vitruvius was a Roman Architect and the Engineer of the time of Julius Caesar. The tenth book of his famous 'De Architectura Decem' is entirely devoted to mechanical inventions of all kinds. It is particularly interesting to note that, like Somaprabha in our text,[૨૫૯] he states that the influence of astrology on machines is of considerable importance and that all machinery is derived from nature, and is found on the teaching and instruction of the revolution of the firmament (X, i, 4). He claims to have constructed the first water-organs, that he "discovered the natural pressure of the air pneumatic principles --- devised methods of raising water, automatic contrivances, and amusing things of many kinds --- blackbirds singing by means of waterworks, and angobatae, and figures that drink and move, and other things that have been found to be pleasing to the eye and the ear."

ઉપર્યુક્ત ઉલ્લેખો પરથી એમ ફલિત થાય છે કે, 'આકાશમાં ઉડ્ડયન' ધારણાતત્ત્વનાં વિવિધ પાસાં છે. પ્રાચીન કાળથી, યોગવિદ્યાના પ્રભાવથી આકાશમાં ઊડી શકાતું, એવી માન્યતા ભારતમાં પ્રચલિત છે. વિદ્યાધરો કે જે અન્ય ઘણી કળાઓ અને વિદ્યાઓ (Sciences) જાણતા હોવાનાં વર્ણન મળે છે તેઓ આકાશગમન, આકાશમાં ઉડ્ડયન આદિ વિદ્યાઓમાં નિષ્ણાત હોવાના કારણે 'ખેચર' નામથી પ્રસિદ્ધ થયા છે. યોગવિદ્યા સિવાય, ઇજનેરીવિદ્યાના બળથી એવાં યંત્ર બનાવાતાં હશે કે જે થોડાક

૨૫૯. Tawney and Penzer, Op. cit. Vol. III, pp. 39-43

અંતર સુધી પણ ઊડી શકતા હોય એવી એક સંભાવના છે; જ્યારે પ્રો. હોકાર્ટ જેવા એમ માને છે કે, પ્રાચીન સમયમાં, યોગવિદ્યા કે જાદુગરી-વિદ્યાથી માનવી આકાશમાં ઊડી શકતો એ સ્વાભાવિક કલ્પના છે; તેઓનું માનવું છે કે, પ્રાચીન સમયમાં જ્યારે ઝડપી વ્યવહારનાં સાધનો અતિ વિરલ હતાં ત્યારે, જ્યારે જ્યારે કોઈ વ્યક્તિ અતિ ઝડપથી પ્રવાસ કરી શકતી ત્યારે તે ઊડતી એમ લોકકલ્પનાએ ઉપજાવી કાઢ્યું. તેઓને મન આકાશમાં ઉડ્ડયન એ પ્રાકૃત માનસના પુરાણકલ્પન - (Myth-making)ની પ્રક્રિયાનું પરિણામ છે. આકાશમાં ઉડ્ડયન કથાઘટકમાં ચાલક-પ્રેરક પરિબળો ક્યાં હતાં તે વિગતો ચોક્કસ રીતે કહેવી મુશ્કેલ છે, પણ પ્રાચીન સમયથી ભારતીય પરંપરામાં આ કથા-ઘટક એટલું વ્યાપક બનેલું છે કે, તેની ઉત્પત્તિ ભારતમાં થઈ હોય અને અન્ય સાંસ્કૃતિક વિનિમયનાં સાધનો દ્વારા દુનિયાના બીજા દેશોમાં તે ફેલાયું હોય, એવી સંભાવના રજૂ કરી શકાય.

આ ઘટકતત્ત્વ-વિષયક અન્ય દેશોના લોકસાહિત્યમાંથી પ્રો. ટોમસને આપેલી સન્દર્ભસૂચિ પરિશિષ્ટ 1-G માં આપી છે.

'પંચદંડ'ના વાર્તાક્રમથી ઉપર દર્શાવેલાં, 'જાદુઈ દંડ', 'જાદુઈ ચાખડીઓ', 'લિંગપરિવર્તન', 'પરકાયાપ્રવેશ', 'પ્રચ્છન્ન શ્રવણ', 'બોલતાં પક્ષીઓ', 'આકાશમાં ઉડ્ડયન' એ સાત કથાઘટકો પૈકી, 'જાદુઈ ચાખડીઓ' અને 'લિંગપરિવર્તન' એ બે ઘટકો આદિકાળથી દુનિયાની જુદી જુદી પ્રજાઓમાં પ્રચલિત હોઈ, તે કોઈ એક દેશ કે પ્રદેશ-માં નહિ, પણ સર્વ પ્રજાઓ અને સર્વ દેશોનાં કહી શકાય; જ્યારે બાકીનાં કથાઘટકો, તેઓની પ્રાચીન પરંપરાના કારણે, ભારતીય ઉત્પત્તિ દર્શાવે છે. ઉપર્યુક્ત મુખ્ય કથાઘટકો સિવાય, 'પંચદંડ'માં, 'સ્વરૂપ-પરિવર્તન', 'સિદ્ધાંજન', 'અદ્ભુત શક્તિવાળો વીર', 'પ્રેયસીનું ભાગી જવું', 'શિરપાગ કરનારી સ્ત્રીઓ' આદિ કેટલાંક ગૌણ ઘટકો ગણાવી

શકાય. 'પંચદંડ'ના કથાઘટકોનું સ્વરૂપ જોતાં, તે (આ પ્રકરણની શરૂઆતમાં કહ્યું છે તેમ) વીર પુરુષનાં પરાક્રમ વર્ણવતી જાદુઈ લોકવાર્તા છે, એમ ફલિત થાય છે.